જૈન લેખમાળા.

લેખક,

દોશી મણિલાલ નથુભાઈ, બી. એ.

રતનપોળ—અમદાવાદ.

પ્રસિદ્ધ કર્ત્તા,

શકરાભાઇ મોતીલાલ શાહ.

સારંગપુર તળીયાની પોળ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

ઇ. સ. ૧૯૧૨. સંવત ૧૯૬૮.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબીલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યો.

મૂલ્ય ૦—૮—૦ છે.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગૂજરાતનો કૉપીરાઈટ-સંગ્રહ
ઠ-:૬ ૩૧૨૧

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजरातनो कॉपीराइट विभाग]

अनुक्रमांक ३१२१ वर्गांक

पुस्तकनुं नाम જૈન લેખમાળા

विषय [illegible]

જૈન લેખમાળા.

સમયની અગત્યતા.

The time is short,
If thou wouldst work for man, it must be now;
If thou wouldst win the garlands for thy brow,
Redeem the time.
I sometimes feel the thread of life is slender.
And soon with me the labour will be wrought;
Then grows my heart to other hearts more tender
The time is short.*

આ કાવ્યની અંદર જે કીમતી બોધ આપેલો છે, તે ઉપર ઘણાજ થોડા મનુષ્યો વિચાર કરે છે; સમય થોડો છે, કાર્ય કરવાનું ઘણું છે. કાળ પોતાનું કાર્ય કર્યા જાય છે. તમે તેનો સદુપયોગ કરો કે તે કાળને નિરર્થક એશઆરામમાં, મોજમઝામાં, પારકી નિંદા કરવામાં ગુમાવો, તે કાળ જોતો નથી. પણ તમારૂં ભવિષ્ય તે કાળ ઉપર રહેલું છે. આવેલી તક ફરીથી મળતી નથી. જગતના મનુષ્યોનું કલ્યાણ કરવા ઇચ્છનાર પુરૂષે એક ક્ષણ પણ આળસમાં ગુમાવવી જોઇતી નથી. મનુષ્યને જો કીર્તિ મેળવવી હોય તોપણ સત્કાર્ય કરવા મચી પડવાની જરૂર છે. આયુષ્ય ઘણું ટૂંકું છે. આવતી કાલનો કોઇને વિશ્વાસ નથી. પાંચ મિનિટ પછી શું બનશે, તે કોણ બેધડક રીતે રહી શકે? કાગને ઉડાડવામાં રત્ન ફેંકવામાં આવે તેવી, રીતે આ મનુષ્યજન્મરૂપી રત્ન નિરર્થક પ્રમાદમાં અને ભોગવિલાસમાં ગુમાવવામાં આવે છે. અફસોસ! અફસોસ!

*સમય ઘણો થોડો છે. જો તું મનુષ્યજાતિને સારૂ કામ કરવા માગતો હોય તો તે હાલજ શરૂ કર. જો તું કીર્તિ મેળવવા માગતો હોય તો તું વખતનો બચાવ કર; જીવનદોરી નાજુક છે, એમ મને કેટલીકવાર ભાસે છે. અને હું થોડા સમયમાં કાળને આધીન થઈશ. આ વિચારથી મારૂં હૃદય અન્ય મનુષ્યોના હૃદય-પ્રતિ પ્રેમાળ થાય છે. કારણ કે સમય થોડો છે.

આ મનુષ્યજન્મનું સાર્થક શામાં રહ્યું છે, તેની કેટલા થોડા મનુષ્યને ખબર છે. હીરા, માણેક, મોતી કરતાં પણ અમૂલ્ય સમય નિરર્થક ગુમાવવો તેના કરતાં વધારે શોકજનક શું હોઇ શકે? આળસ એજ મનુષ્યનો મોટો શત્રુ છે.

કેટલાએક માણસો એવા હોય છે કે પોતાની પાસે જે પૈસો હોય, તે ફુંકી મુકતા સુધી, પૈસો એ કેવી કીમતી ચીજ છે, તેનો વિચાર કરતા નથી. તેવીજ રીતે ઘણા માણસો જીંદગી પૂરી થતા સુધી વખતની કીંમત કરતા નથી. એવા માણસો વખતને નકામો વહી જવા દે છે; અને જ્યારે **જીંદગી રૂપી દીવામાંથી તેલ ખુટી જવા આવે છે, ત્યારે તેમને સુઝી આવે છે કે અરેરે! આપણે આપણી જીંદગીનું કાંઇ સાર્થક કર્યું નહિ.** પણ "પાકે ઘડે કાંઠા ચઢે નહિ," તેમ આયુષ્યનો મોટો ભાગ આળસ અને પ્રમાદમાં ગાળ્યા પછી, એવી કુટેવોને નિર્મૂળ કરવાનું કદી કોઈ ધારે, તો તે બનતું નથી, અને જે બેડીઓ તેમણે પોતાના અંગ ઉપર પોતાની રાજી ખુશીથી જડી દીધી હોય છે, તે હવે આખર અવસ્થાએ, તેમનાથી છૂટી શકતી નથી. જો ધન ગયું હોય, તો ઉદ્યોગ વડે પાછું મેળવાય; જ્ઞાન ગુમ થયું હોય તો અભ્યાસ વડે તાજું કરાય; તંદુરસ્તી બગડી હોય તો ચરી પાળવાથી, અને દવા કરવાથી કદાચ પાછી ઠેકાણે લાવી શકાય; પણ ગયો વખત અરે રે! તે તો ગયોજ; તે કોટી કલ્પે પાછો લાવી શકાતો નથી; વખત કેટલો કીમતી છે, તેનો જો તમે બરાબર વિચાર કરશો, તો તમને સમય પાલક થવાનું મન થશે, અને નીમેલું કામ નીમેલે વખતે કરવાની ટેવ પડશે.

જે મનુષ્ય મરણ પથારીએ પડયો પડયો નિશ્ચિંતતાથી અને આનંદ સાથે કહી શકે કે તેના દિવસો પરોપકારાર્થે પસાર થયા છે, તેનો સમય આળસમાં નહિ, પણ જન સેવામાં તેમજ દેશ સેવામાં પસાર થયો છે, અને પોતે જન્મ્યો, ત્યારે દુનિયા જે સ્થિતિમાં હતી તે કરતાં, પોતાના જીવનથી, દુનિયાને કોઇ પણ રીતે વધારે સારી સ્થિતિમાં મૂકી શકયો છે, તેજ મનુષ્યના જીવ્યાનું સાર્થક છે, અને તેણેજ પોતાના સમયનો સદુપયોગ કર્યો, એમ કહી શકાય.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ.

મનુષ્ય જે જે કાર્ય કરે છે, તેમા તે કરવાનો તેવો શો આશય હતો, તે પર તેના ફળનો આધાર રાખે છે. **मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः!** મન એજ મનુષ્યને બન્ધ, અને મોક્ષનું કારણ છે. એક ડૉક્ટર સડી ગયેલા પગ કાપી નાંખે, અને ચોર કલ્લાં કાઢવાને પગ કાપે, તે બન્ને કાર્યે બ્હારની દૃષ્ટિથી તો સરખાં જણાય, પણ તેમાં કાર્યે કરનારના આશયમાં ફેર હોવાથી તેનું પરિણામ જુદું આવે છે. આ બાબતને સિદ્ધ કરવાને **પ્રસન્નચંદ્ર રાજાર્ષિની કથા** અત્રે આપવામાં આવે છે.

પ્રસન્નચંદ્ર એ **પોતનપુર** નામના નગરના રાજા **સોમચંદ્રનો** કુમાર હતો. સોમચંદ્રની રાણી ધારણીએ એક વખત તેના મસ્તકમાંથી ધોળો વાળ ચૂંટીને આપ્યો. તે ઉપરથી તેમને વૈરાગ્ય થયો. શાસ્ત્રમાં કહ્યું છે કે વાળ સફેદ થયા પહેલાં સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થાય તે ઉત્તમ; તે પછી થાય તે મધ્યમ; અને સફેત આવ્યા પછી પણ વૈરાગ્ય ઉત્પન્ન ન થાય તે અધમ પુરૂષ છે. તે આ ઉપર વિચાર કરી દીક્ષા લેઇ, વનમાં ગયા. તેમની સ્ત્રી ગર્ભવતી હોવાથી વલ્કલચીરી નામનો તેણીને પુત્ર થયો. પ્રસન્નચંદ્રને ખબર પડી કે તેમને એક નાનોભાઇ છે, તેને બોલાવવાને ઘણાં મનુષ્યો મોકલ્યાં પણ તે નિષ્ફળ ગયો. પછી વેશ્યાઓને તેણે મોકલાવી. તે વેશ્યાઓ તેને હાવભાવથી તેમજ મિષ્ટાન્નથી લોભમાં નાંખી નગરમાં લાવતી હતી, તેવામાં સોમચંદ્ર રાજર્ષિને જોઈ નાશી આવી. તોપણ તે વલ્કલચીરી નગરમાં આવ્યો, પણ જગતના વ્યવહારથી અજ્ઞાન હોવાને લીધે તે વેશ્યાના ઘરમાં ફસાયો, અને વેશ્યાની પુત્રી સાથે તેનો વિવાહ કરવામાં આવ્યો. અહીંયાં પ્રસન્નચંદ્રને અતિશય ખેદ થયો. કારણ કે વલ્કલચીરી પોતાને મળ્યો નહિ, અને બીજી તરફ બાપથી વિખૂટો પડયો. તેવામાં વેશ્યાને ત્યાં લગ્નોત્સવ છે, એમ સાંભળતાં પેલી વેશ્યાઓને મોકલી, તેમણે તેને ઓળખી કાઢયો. આ પ્રમાણે તે પોતાના ભાઈને સ્વાધીન આવ્યો. પછી તેને તેની સ્ત્રી સાથે એક જૂદા મહેલમાં રાખી પોતાના ભાઈને જગત્ વ્યવહારથી પ્રવીણ કરવાને અનેક વિદ્વાનો રાખ્યા. તેમની પાસે તે ગણિતશાસ્ત્ર, નીતિ, સાહિત્ય, ધર્મગ્રંથો વગેરે શિખ્યો. અને રાજર્ષિ સોમચંદ્રને પણ ખબર આપી કે તે ખુશીમાં છે. તેથી તે પણ શાન્ત થયો.

એક સમયે પ્રસન્નચંદ્રનો પુત્ર રમતો રમતો પોતાના કાકાના ખોળામાં આવીને બેઠો. તે વખતે તેને પોતાની બાલ્યાવસ્થા યાદ આવી, અને તેણે નીચે પ્રમાણે વિચાર કર્યો.

હું કેવો પાપી છું, મારા જન્મ પછી મારી માતા તરતજ મરણ પામી હતી. તે વખત મને ઉછેરીને મોટો કરનાર મારા પિતા શિવાય કોણ હતો. તે પિતાનો ઉપકાર ભુલી જઉં તો હું કેવો કૃતઘ્ની કહેવાઉં? માટે મારે આ વૈભવનો ત્યાગ કરી મારા પિતાની ભક્તિ કરવી, એજ મારો પરમ ધર્મ છે. એમ વિચારી તેણે પોતાના ભાઇ પાસે પિતાને વંદના કરવા જવાની રજા માગી. પ્રસન્નચંદ્ર પણ સાથે ગયા. બન્ને પુત્રો પિતાના ચરણમાં નમી પડયા. તે વખતનો તેમનો આનંદ અવર્ણનીય હતો. પોતાના ઝુંપડામાં સંતાડેલા વસ્ત્રોની શોધ કરતાં તેમાંથી ધૂળ ખરવા લાગી. તે પરથી વલ્કલચીરીને પૂર્વે મુનિપણામાં કરેલી મુહપત્તિની પ્રતિલેહણા યાદ આવી. તે સંબંધી વધારે વિચાર કરતાં જાતિ સ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું, અને પૂર્વભવમાં કેવી રીતે ચારિત્ર ગ્રહણ કર્યું હતું, પછી દેવતા થયો, અને પછી પોતે રાજપુત્ર થયો; એ સર્વ બાબતનો વિચાર કર્યો. આ સર્વ વૈભવ હાથીના કાન જેવો ચપળ છે, આ જીંદગી વીજળી જેવી ક્ષણિક છે, આ શરીર ક્ષણભંગુર છે, આત્મા સિવાયની સર્વ વસ્તુઓ અનિત્ય છે, હુ જ તે આત્મા છું. આમ વિચાર કરતાં ઉચ્ચ વિચાર શ્રેણીએ ચઢી, જ્ઞાનાગ્નિથી કર્મ રૂપી ઇન્ધિનનો નાશ કરી આત્મ ધ્યાનમાં મગ્ન થઇ, તેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી તેજ સ્થળે તે સર્વજ્ઞ વલ્કલચીરી ઋષીએ પોતાના પિતા તેમજ જ્યેષ્ઠ બાન્ધવને યોગ્ય ઉપદેશ આપ્યો. તેમણે તે સમયે આ સંસારને સ્મશાનની ઉપમા આપતાં આ પ્રમાણે કહ્યું.

આ સ્મશાનરૂપી સંસારમાં મોહરૂપી ભૂતનાં ટોળાં છે, રાગ અને દ્વેષરૂપ ભયંકર યક્ષો નાચી રહ્યા છે. ક્રોધ રૂપી તોફાની વેંતાળ ચારે બાજુએ પોતાનું પ્રબલ દાખવી રહ્યો છે. લોભરૂપી રાક્ષસ લોકોના હૃદયને ક્ષોભ પમાડી રહ્યો છે. ઇંદ્રિઓ રૂપી પ્રેતો ચારે બાજુએ કુદે છે. વિષયો રૂપ અગ્નિ સર્વ બાજુએ બળે છે. મિથ્યાત્વ રૂપ મોટાં ગીધ પક્ષી અને માયારૂપ શિયાળ તેમાં વસે છે. "માટે તે સ્મશાનનો ત્યાગ કરી જીનેશ્વર પ્રણિત ધર્મનું આરાધન કરો". તે પછી પોતનપુરના મનોહર ઉધાનમાં વીર ભગવાન આવી પહોંચ્યા; તેમણે જે ઉપદેશ આપ્યો, તેથી પ્રસન્નચંદ્રને અતિશય વૈરાગ્ય થયો, અને પોતાના બાળકને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી વીરપ્રભુના સાથે તે દેશોદેશ વિચરવા લાગ્યા, અને ધીમે ધીમે જ્ઞાનમાં

વૃદ્ધિ પામી દશ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું, અને ભગવાનની આજ્ઞા લઇ એક પર્વતની ગુફામાં કાર્યોત્સર્ગે ધ્યાને રહ્યા.

એક સમયે શ્રેણિક રાજા વૈભાર પર્વત ઉપર સમોસરેલા વીરભગવાનને વાંદવા જતો હતો. તેવામાં રસ્તામાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને ધ્યાનારૂઢ થયેલા જોઇને વંદના કરી પ્રભુ પાસે આવ્યો. શ્રેણીક રાજાએ વીરપ્રભુને પૂછ્યું "હે ભગવન્ ! માર્ગમાં મેં પ્રસન્નચંદ્ર મુનિને ધ્યાન કરતા જોયા. તેમનું એકાગ્ર ધ્યાન જોઇ મને શંકા તથા આશ્ચર્ય થાય છે. એવા ધ્યાનીનું અત્યારે મૃત્યુ થાય તો તેમની શી ગતિ થાય? પ્રભુ બોલ્યા–તે સાતમી નરકે જાય. શ્રેણીક રાજાના મનમાં શંકા વધી. શું આવા મુનિ સાતમી નરકને પાત્ર! ખરેખર તેમાં કાંઈ ભેદ જણાય છે. એવો વિચાર કરી ફરીથી પૂછ્યું કે હવે તેમની શી ગતિ થાય? પ્રભુ બોલ્યા–છઠ્ઠી નરકે જાય. વળી ફરીથી પૂછતાં જણાવ્યું કે તે પાંચમી નરકે જાય. એ પ્રમાણે અનુક્રમે પૂછતાં પૂછતાં ભગવાને કહ્યું કે અત્યારે મરણ થાય તો સર્વાર્થસિદ્ધ વિમાને જાય. થોડીવારમાં તો આકાશમાં દેવદુંદુભી વાગવા માંડી. ભગવાનને પૂછતાં પ્રત્યુત્તર આપ્યો કે તે મુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, અને તેથી દેવતાઓ મહોત્સવ કરે છે. આથી તો શ્રેણિક રાજાને વધારે શંકા લાગી; અને તેથી પ્રભુને આ સર્વનું કારણ પૂછ્યું. વીરપ્રભુએ નીચે પ્રમાણે પ્રત્યુત્તર આપ્યો. જે મેં કહ્યું છે તે સર્વથા સત્યજ છે. જીવની ગતિ મનના પરિણામ–આશય ઉપર આધાર રાખે છે. જે સમયે તેં વંદન કર્યું તે વખતે તેમના શુભ પરિણામ હતા. તારા ગયા પછી તારો સુમુખ નામનો સેવક નીચે પ્રમાણે બોલ્યો. "રાજ્યનો ત્યાગ કરી વ્રત ગ્રહણ કરનારા આ મુનિને ધન્ય છે." તે સાંભળીને તેમના મનની પરિણતિ શુભ થઈ, અને શુભ વિચારમાં મગ્ન થયા. તે પછી દુર્મુખ નામના સેવકે આ પ્રમાણે કહ્યું " આ પાખંડી વ્રત લેઇને બેઠો છે, તેથી એને બહુ પાપ લાગશે. પોતાના બાળકને રાજ્ય સોંપી દીક્ષા લેવામાં તેણે બહુ અનુચિત કાર્ય કર્યું છે. ચંપાનગરીના રાજા દધિવાહને તેના નગરને ઘેરો ઘાલ્યો છે. તે ક્ષણમાં તેનું રાજ્ય પચાવી પડશે" આવા તારા સેવકના વચનો સાંભળી પ્રસન્નચંદ્ર રાજર્ષિ શુભ ધ્યાનથી ચલિત થયો, અને પોતાના બાળકના વૈરી ચંપાવતીના રાજા સાથે માનસિક યુદ્ધ કરવા લાગ્યો; તે સમયે તેનું મૃત્યુ થયું હોત તો તે નક્કી સાતમી નરકે જાત. માનસિક યુદ્ધ કરતાં સર્વ શસ્ત્રો વિનાશ પામ્યાં; અને છેવટે શત્રુને મારવાને પોતાનો મુગટ લેવાને માથાપર હાથ લગાડતાં માલૂમ પડયું કે મેં તો લોચ કરી દીક્ષા ગ્રહણ કરી છે, અને આ મેં યુદ્ધ કર્યું, તે અધો-

ગતિ લેઈ જનારૂં છે. હું યતિ હોવાથી મારે શત્રુ અને મિત્ર તુલ્ય છે, તો મારે કેવી રીતે શત્રુ હોઇ શકે; આમ વિચાર કરતાં સર્વ પ્રાણી માત્ર પર સમભાવ દૃષ્ટિ રાખતા શુક્લ ધ્યાનની શ્રેણીએ ચઢયા. આ પ્રમાણે અશુભ કર્મના દલિયાનો નાશ કરી સર્વાર્થસિદ્ધ વિમાન પ્રાપ્ત કરે, એવી મનની સ્થિતિ થઇ હતી, તેથી મેં તને તે પ્રમાણે કહ્યું હતું, તેથી પણ આગળ વધી સર્વ કર્મનો નાશ કરી હાલ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે; માટે મેં જે કહ્યું તેમાં કાંઈ શંકા લાવવા જેવું નથી. મનથીજ મનુષ્ય કર્મ બાંધે છે અને છોડે છે. મનજ હલકી સ્થિતિમાં તેમજ ઉચ્ચ સ્થિતિમાં લેઈ જનાર છે. માટે મનને શુદ્ધ રાખી તે પ્રમાણે વર્તવું એજ આ કથાનું ટૂંક રહસ્ય છે.

ઉપદેશ રત્નકોશ.

उवएसरयणकोसं नासिअनीसेसलोगदोगच्चं ॥
उवएसरयणमालं वुच्छं नमिऊण वीरजिणं ॥ १ ॥

અર્થ:—સમસ્ત લોકના દારિદ્રનો નાશ કરનાર શ્રી **વીર** ભગવાનને નમસ્કાર કરીને ઉપદેશરૂપ રત્નની માળાવાળા ઉપદેશ રત્નકોશ નામનો ગ્રન્થ કહીશ. ॥ ૧ ॥

ભાવાર્થ:—ગ્રન્થકર્ત્તા વિઘ્ન વિનાશના હેતુથી વીર ભગવાનને નમસ્કાર કરી મંગળાચરણ કરે છે. ગ્રન્થનો હેતુ જગત્ માત્રના જીવોનું દુઃખ દૂર કરવાનો છે, અને ગ્રન્થનો વિષય જગતના જીવોને ઉપર જણાવેલો હેતુ પાર પાડવાને ઉપદેશ આપવાનો છે. માળા જેમ કંઠમાં ધારણ કરવામાં આવે તેમ આ ઉપદેશરૂપ રત્નની માળા હૃદયમાં ધારણ કરી મનુષ્ય વર્તે તો આત્મહિત સાધી શકે, એમ ગ્રન્થકાર જણાવે છે. ગ્રન્થકર્તા ટૂંકાણમાં ધર્મ રહસ્ય સમજાવે છે.

जीवदयाइं रमिज्जइ इंदियवग्गो दमिज्जइ सया वि ॥
सच्चं चेव चविज्जइ धम्मस्स रहस्समिणमेव ॥ २ ॥

અર્થ:—જીવદયા કરવી, સર્વદા ઇન્દ્રિયોના સમૂહને દમવો, અને સત્ય બોલવું, આજ (ટૂંકાણમાં) ધર્મનું રહસ્ય છે. ॥ ૨ ॥

ભાવાર્થઃ—મનુષ્યો આ રત્નત્રય સમજે, અને તે પ્રમાણે ચાલે, તો થોડા સમયમાં પોતાના આત્માની ઉન્નતિ કરી શકે. અહિંસા પરમોધર્મ એ ઉત્તમ સૂત્ર છે, મન, વચન અને કાયાથી કોઇ પણ પ્રાણીના દ્રોહ ન થાય, તેનું નામ **અહિંસા–દયા.** કેવળ પ્રાણીપર અનુકંપા કરવી, તેનું નામજ દયા ન કહેવાય. પણ દયાનો અર્થ વિશાળ છે. સર્વ જીવતાં પ્રાણી મનુષ્ય તેમજ ઢોર પ્રત્યે મનથી બુરૂ ન ઇચ્છવું, વચનથી ભૂંડું ન બોલવું, અને કાર્યથી અનિષ્ટ ન કરવું, તેનું નામ દયા ગણી શકાય. જેટલે અંશે તે રીતે ચલાય તેટલે અંશે લાભ છે. પણ આ ઉપર જણાવેલી દયાની વ્યાખ્યા ધ્યાનમાં રાખવા જેવી છે. સર્વ પ્રાણીઓના આત્મા સરખા છે. દરેકને મરણનો ભય લાગે છે. માટે કોઇ પણ પ્રાણીનો વિનાશ ન કરવો; તેમજ તેના જીવને જેથી દુઃખ થાય, તેવું કાર્ય પણ ન કરવું. બીજું **ઇન્દ્રિય નિગ્રહ** કરવો. આ શરીર તેમજ ઇન્દ્રિયો એ આત્મા નથી. પણ આ સંસારમાં આત્માને અનુભવ મેળવવાના સાધન છે. તે ચાકરરૂપે છે. માટે ચાકર શેઠના કબજામાં રહે તે માટે ઇન્દ્રિયના નિગ્રહની જરૂર છે. જગતમાં જે જે દુષ્ટ આચરણો થાય છે, તેમાં ઘણાખરા ઇન્દ્રિયોની સ્વતંત્રતાને લીધે છે. ઇન્દ્રિયો મનને વશ નહિ રહેતાં વિષય ભણી દોડે છે. મન પણ તે તરફ ધસડાય છે. અને પરિણામ એ આવે છે કે, આપણે તે ઇન્દ્રિયોના ગુલામ બનીએ છીએ, અને ઇન્દ્રિયોની તૃપ્તિને અર્થે સર્વ પ્રકારના ઉચ્ચ વિચારો તેમજ નીતિના સિદ્ધાન્તો તજી દેવામાં આવે છે. માટે મૂળથીજ તેમનું પ્રયોજન જાણી તેમનો નિરાધ કરતાં શીખવું જોઇએ. ત્રીજી બાબત **સત્ય બોલવા** સંબંધી છે. ઉપદેશ બહુ અમૂલ્ય છે; પણ તે પ્રમાણે ચાલવું સુકર નથી. મનુષ્યમાં રહેલી લોભ વૃત્તિ તેમજ જગતના ક્ષણિક વિષયોની લાલસા મનુષ્યના હૃદયમાં એટલું સામ્રાજ્ય ભોગવે છે કે તેને વશ થઇ મનુષ્ય અસત્ય બોલતાં જરા પણ આંચકો ખાતા નથી. પણ જ્યારે આત્માનો સ્વભાવ શું છે, અને અસત્ય બોલવાથી મન કેવી રીતે મલીન થઈ આત્માના શુદ્ધ પ્રકાશને ગ્રહણ કરતાં અટકે છે તેનો ખ્યાલ આવે છે, ત્યારે અસત્ય માર્ગ તરફથી વિમુખ થવાય છે. માટે આત્મ શુદ્ધિને ઇચ્છતા દરેક તત્વાભિલાષી પુરૂષને આ ત્રણ બાબતો ધ્યાનમાં રાખવાની ભલામણ છે. દયા કરવાથી આત્માનો આનંદમય સ્વભાવ ખીલશે, હૃદય પ્રેમાળ થશે, ઇન્દ્રિય નિગ્રહથી મનોબળ વૃદ્ધિ પામશે, અને આત્મશક્તિ જાગૃત થશે, અને સત્ય બોલવાથી આત્મા શુદ્ધરૂપે પ્રકાશશે. આ ત્રણ સૂત્રો પ્રમાણેજ પોતાનું જીવન ચલાવે તો થોડા સમયમાં તે મનુષ્ય કેવળ બદલાઇ જઈ, બીજા મનુષ્યોને અનુકરણ કરવા લાયક આચરણવાળો થવાનો એ નિઃશંસય છે. બીજાં પણ હિતકારક વચનો ગ્રંથકાર જણાવેછેઃ—

सीलं न हु खंडिज्जइ न सवंसिज्जइसमं कुसीलेहिं ॥
गुरुवयणं न खलिज्जइ जइनज्जइ धम्मपरमत्थो ॥ ३ ॥

અર્થ:—શિયળ વ્રતનો નિશ્ચયતાથી ભંગ ન કરવો; ખરાબ શીળવાવાળાનો સંગ ન કરવો; ગુરૂ વચનનો અનાદર ન કરવો; ધર્મનો પરમાર્થ જાણવો. ॥ ૩ ॥

ભાવાર્થ:—**શીળ** એટલે શુદ્ધાચાર; પણ જૈન ધર્મના ગ્રન્થમાં શીળ ઘણીવાર કેવળ **શિયળ વ્રતને** સારૂ વાપરવામાં આવે છે. અને અત્રે પણ તે અર્થે વાપરવામાં આવ્યું હોય એમ લાગે છે. શિયળ એ મનુષ્યનું તેમજ સ્ત્રીનું પરમ ભૂષણ છે. પુરૂષે પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રીઓને મા બેન સમાન ગણવી, અને સ્ત્રીએ પોતાના પતિ સિવાય અન્ય પુરૂષોને ભાઇ બાપ સમાન ગણવા, તેનું નામ શીળ કહેવાય છે. શીળ વ્રતના ભંગથી કેટલા કટ્ટાયદા થાય છે, તેથી ભાગ્યેજ કોઈ અજાણ હશે. ધન જાય, આબરૂ જાય, શરીર શક્તિ નાશ પામે, અનેક પ્રકારના વ્યાધ ઉત્પન્ન થાય, કોઇ વિશ્વાસ ન રાખે, અને મનની અસ્વસ્થ સ્થિતિ રહે, એ વિગેરે અનેક અનર્થ છે. માટે શિયળ વ્રત પાળવું, એ નૈતિક તેમજ ધાર્મિક ફરજ છે.

બીજું **ખરાબ શીળવાળાની સોબત ન કરવી.** કારણકે મનુષ્ય તે અનુકરણ કરનારૂં પ્રાણી છે. જે ગ્રન્થ આપણે વાંચીએ, જે સંજોગોમાં આપણે આવી પડીએ, અને જે મનુષ્યની સોબત કરીએ તે સર્વે આપણા પર અસર કરે છે. પુસ્તકો અથવા સંજોગો અસર કરે, તે કરતાં મનુષ્ય વધારે અસર કરી શકે કારણ કે તે ચેતનવાળો છે. જડ વસ્તુ જે અસર કરી શકે તેના કરતાં આત્મા આત્માપર વધારે અસર કરી શકે એ નિર્વિવાદજ છે. માટે સત્સંગ કરવો, અને સર્વથા દુષ્ટોની સોબતનો ત્યાગ કરવો. સારા મનુષ્યો તેમના કાર્યથી આપણને સારા કાર્ય કરતા બનાવે છે. તેમના ઉપદેશથી આપણું મન પવિત્ર કરી શુદ્ધ માર્ગે દોરે છે. તેમજ તેમના વિચારો પણું આપણા મન પર અસર કરે છે, અને મનને શુદ્ધ બનાવે છે. સારા મનુષ્યોની સોબત તો મહા પુણ્યોદય હોય તોજ મળી શકે. ઘણા મનુષ્યો બહારથી સારા દેખાય છે, પણ જેમ જેમ આપણે વધારે સંબંધમાં આવતા જઇએ છીએ, તેમ તેમ આપણને તેમના દુર્ગુણોની ખબર પડે છે. માટે કોઈ પણ મનુષ્યની સોબત બાંધતાં બહુજ વિચાર કરવાની જરૂર છે કારણકે, પાછળથી પસ્તાવું ન પડે.

ગુરૂ વચનનો અનાદર ન કરવો. વિદ્યા મેળવવાના ત્રણ માર્ગ શાસ્ત્રમાં કહેલા છે. ધનથી, વિદ્યાથી, અથવા ગુરૂપાદ સેવાથી વિદ્યા મળે. તે

ત્રણ અનુક્રમે અધમ, મધ્યમ, અને ઉત્તમ માર્ગો છે. ધન આપી વિદ્યા મેળવવી, એ અધમ માર્ગ છે. વિદ્યા આપી વિદ્યા ગ્રહણ કરવી, એ મધ્યમ માર્ગ છે. અને ગુરૂની સેવા કરવી, તેમની પ્રીતિ સંપાદન કરી જ્ઞાન મેળવવું, તે ઉત્તમ માર્ગ છે. અને અસલના મહાન્ પુરૂષો તેજ માર્ગે જ્ઞાન મેળવતાઃ ગુરૂ તરફ ભક્તિ ભાવ રાખવો, અને તેમનું વચન સર્વથા માન્ય કરવું, આપણને ક્ષણભર તે વચન વિપરીત લાગે તોપણ ગુરૂના વિશાળ જ્ઞાનમાં વિશ્વાસ રાખી વર્તવું. સમય આવે તેનો અર્થ સમજાશે. પણ વિશ્વાસ રાખતાં પ્હેલાં સદ્દગુરૂની પ્રતીતિ થવી જોઇએ.

ધર્મનો પરમાર્થ જાણવો. કોઇ પણ કાર્ય કરતાં પહેલાં તે કરવાનો શો હેતુ છે, તે જાણવું જાઇએ. હેતુ જાણ્યા વિનાની ક્રિયાથી ઈચ્છિત લાભ મળી શકતો નથી. હેતુ જાણવાથી ખરા દિલથી તેમાં પ્રવૃત્તિ થાય છે, અને તે કાર્ય આપણા વર્તન પર પણ અતિશય અસર કરે છે. કારણ કે તે કાર્ય ભાવથી થાય છે. માટે ધર્મનો **પરમાર્થ** એટલે ઉત્કૃષ્ટ **અર્થ** અથવા **રહસ્ય** જાણવું. આ લેખકનું તો એ નિશ્ચયતાથી માનવું છે કે જ્યાં સુધી જ્ઞાન પ્રમાણે વર્તન ન થાય, ત્યાં સુધી તે જ્ઞાન અનુભવવામાં આવેલુંજ નથી, પણ કેવળ બુદ્ધિનો વિષય છે. માટે બુદ્ધિના વિષયમાંથી અંતરમાં અનુભવવાનો પ્રયત્ન કરવો, તેનુંજ નામ પરમાર્થથી ધર્મનું જ્ઞાન કહી શકાય. અને તે અનુભવવા સર્વ દોરાય, એજ આ વિવેચનકારની હૃદયની પ્રાર્થના છે.

चबलं न चंकमिज्जइ विरइज्जइ नेव उप्पुडो वेसो ॥
वंकं न पलोइज्जइ रुठा विभणंति किं पिसुणा ॥ ४ ॥

અર્થ:—ચપળતાથી ન ચાલવું; ઉદ્ભટવેશ ધારણ ન કરવો; વાંકી દૃષ્ટિએ ન જોવું; એવા મનુષ્ય વિષે ક્રોધે ભરાયેલા ચાડીયા પણ શું કહી શકે ? અર્થાત્ કાંઇજ ના કહી શકે.

ચપળતાથી ન ચાલવું. એ ઉપદેશ સામાન્ય લાગે છે. પણ તેમાં રહેલો હેતુ સહજ વધારે વિચાર કરતાં જણાઈ આવે છે. ચપળપણામાં શીઘ્રતાનો વિચાર મુખ્ય હોય છે. તે રીતે જલ્દી ચાલવાથી જીવહિંસા થાય છે, ઉતાવળમાં સામું શું આવે છે, અથવા ધરતીપર શું પડયું છે, તે જોઇ શકાતું નથી. અને પોતાને ઠોકર વાગે છે, અથવા સામા મનુષ્યની સાથે અથડાય છે, અને હાંસીને પાત્ર થાય છે. ચપળતાનો બીજો અર્થ ચંચળતા પણ થાય છે. તેવી રીતે ચાલવાનું વર્ણન એક કવિએ આપ્યું છે.

" મગરૂરીમાં અંગ મરોડે.....જેમ ઉંદરડે દારૂ પીધો મસ્તાનો થઇ ડોલેજી" ચંચળતાથી ચાલવાથી લોક કહેશે " એ તો વર્ણુ :પાર થઇ ગયો ! એની હીંડછા (ચાલવાની રીતિ) તો જુઓ." માટે લોકવિરૂદ્ધના ત્યાગ રૂપ આ સામાન્ય ઉપદેશ પણ હિતકારી છે. કારણ પ્રસંગે શીઘ્રતાથી પણ જવું પડે, પણ આ તો સામાન્ય ઉપદેશ છે.

ઉદ્ભટવેશ ધારણ ન કરવો. ઉદ્ભટનો અર્થ સુંદર, આકર્ષક, ઉત્કૃષ્ટ એવો અર્થ થાય છે. આ ઉપરથી એમ ન સમજવાનું કે સારો પોશાક ન પહેરવો. પણ પોતાની શક્તિ નહિ છતાં, પોતાને જે ઉચિત નથી, તેવો પોશાક ધારણ કરવાથી ખરચ વધારે થાય છે, અને લોકોમાં નિંદાપાત્ર થવાય છે. ઉદ્ભટવેશ કેવળ લૂગડાં લત્તામાંજ સમાતો નથી, પણ શરીરને શણગારવું, વાળ ઓળવા, તેલ ગુલાલ લગાડવાં, અત્તર છાંટવાં, માથે છોગાં (ગુચ્છા) ઘાલવાં, એ સર્વનો તેમાં સમાવેશ થાય છે. એક કવિએ તેનું વર્ણન કર્યું છે.

અંગે તેલ ફૂલેલ લગાવે, માથે છોગાં ઘાલે જી,
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલે જી.

તેવો વેષ ધારણ કરવાથી કાંઈ કાર્ય સિદ્ધ થતું નથી, પણ હાંસી થાય છે. માટે તેવા લોક વિરૂદ્ધ કર્તવ્યનો ત્યાગ કરી પોતાને ઉચિત પોશાક પહેરવો, એજ સામાન્ય ઉપદેશ છે.

વાંકી દૃષ્ટિએ ન જોવું. એવા ઘણા મનુષ્યો આ જગતમાં જોવામાં આવે છે કે જેઓ હંમેશાં વક્રદષ્ટિથીજ જોતા હોય છે. તેઓની ચક્ષુ રમ્ય આકૃતિ તરફ ઝટ આકર્ષાય છે. અને સર્વે બેઠા હોય તો તે મધ્યેથી પણ વક્રદષ્ટિએ તે રમ્ય આકૃતિ નિહાળે છે. પણ બીજા મનુષ્યોની દૃષ્ટિ જો તેની નજરપર પડી તો તેઓને તેની માનસિક સ્થિતિ અને કટાક્ષની ખબર પડે છે, અને પછી તે શરમાઈ જાય છે, માટે વક્રદષ્ટિ જે કામ વિકારના સાધન તેમજ કારણભૂત છે, તેનો ત્યાગ કરવો. વાંકી દૃષ્ટિએ ન જોવું, તે ઉપરથી એમ પણ અનુમાન થાય છે કે માનસિક દૃષ્ટિ પણ સરળ હોવી જોઈએ, અથવા સમ્યગ્ દ્રષ્ટિ રાખી વર્તવું; પણ કૂડકપટ કરવું નહિ. મધ્યસ્થભાવે સત્ય પ્રાપ્ત કરતાં શિખવું.

ઉપર જણાવેલા ત્રણ નિંદાનાં સ્થાન છે. જે મનુષ્ય તેનો ત્યાગ કરી વર્તે છે, તેને ચાડીયા પણ કશું કરી શકતા નથી. ચાડીયા મનુષ્યોનો સ્વભાવ અહર્નિશ બીજાના દોષ નિરીક્ષણ કરવાનો હોય છે. તેવા મનુષ્યો પારકાનાં છિદ્ર જોઇ, બીજા આગળ તેમને પ્રકાશી આનંદ માને છે. તેવા

ચાડીઆઓ, નિંદાખોરો ક્રોધે ભરાયા હોય, તે છતાં પણ ઉપર જણાવેલા ગુણવાળા મનુષ્યમાંથી કાંઇ પણ છિદ્ર શોધી શકતા નથી. જ્યાં નિર્બળતા હોય ત્યાં બીજા તેનો લાભ લેઇ શકે, માટે કોઈ પણ પ્રકારની નિર્બળતા ન રાખતાં ઉચિત વ્યાપારમાં પ્રવર્તન કરવું.

नियमिज्जइ नियजीहा अविआरिअं नेव किज्जए कज्जं ॥
न कुलक्कमो अ लुप्पइ कुविओ किं कुणइ कलिकालो ॥५॥

અર્થ:—પોતાની જીવ્હાને નિયમમાં રાખવી; અવિચારી કાર્ય ન કરવું; કુળાચારનો નાશ ન કરવો. તેવા મનુષ્યને કોપ પામેલો કળિયુગ પણ શું કરી શકે? ૫.

અમૃત અથવા ઝેર જીભમાં રહેલું છે. તેજ જીભ મિત્રતા કરાવે છે, તેજ જીભ શત્રુતા કરાવે છે. જીભમાં વશીકરણ રહેલું છે, જીભમાંજ મિત્રતા તોડવાનાં કારણો સમાયેલા છે. "જ્યારે મનુષ્ય જન્મે છે, ત્યારે મોં'માં કુવાડો લેઈને જન્મે છે; બીજાનું ભુડું બોલી મનુષ્ય તે કુહાડાવતી પોતાનોજ નાશ કરે છે. જ્યારે ક્રોધે ભરાયો હોય, ત્યારે તો સર્વથા મૌનવ્રત ધારણ કરવું. કારણ કે તે સમયમાં એવા શબ્દ બોલી જવાય છે કે જેથી આખી જીંદગી સુધી તે વચન સાલે છે. શસ્ત્રનો ઘા ઝટ રૂઝાય છે. પણ વચનનો કારી ઘા તો જીંદગી પર્યંત રૂઝાતો નથી. માટે બોલતાં પહેલાં વિચાર કરો, ભાષા શુદ્ધિ રાખતાં શિખો, કે જેથી જીવન સર્વથા પ્રિય થઇ પડે.

અવિચારી કાર્ય ન કરવું—આ જગતમાં જે અનર્થ થાય છે, તેમાંના ઘણાખરા અવિચારને લીધેજ થાય છે. ઘણા મનુષ્યો કાર્ય કર્યા પછી તેનું અનિષ્ટ પરિણામ આવશે એમ ધારી નીચે પ્રમાણે બોલે છે. "જો મેં વિચાર કર્યો હોત તો હું કદી તે કાર્ય કરત નહિ. જો મેં જરા પણ વિચાર કર્યો હોત તો હું કદાપિ તે રીતે વર્તત નહિ. જો મેં એક ક્ષણભર પણ વિચાર કર્યો હોત તો તે મૂર્ખતા ભરેલો શબ્દ હું ઉચ્ચારત નહિ, અને તે અસભ્ય કાર્ય કદી પણ આચરત નહિ." માટે જો બાળપણથીજ વિચાર કર્યા સિવાય કાર્ય નહિ કરવાને તમારી જાતને કેળવો, તો શરીર તેની મેળે મનને અનુસરતાં શીખશે. અને અવિચારીપણું શીઘ્રનાશ પામશે. જૈનધર્મ શાસ્ત્રોમાં કહેલા ચૌદ નિયમનો આ પણ એક ઉદ્દેશ છે. તેથી કરી મનુષ્યને દરેક કાર્ય કરતાં વિચાર આવે છે. અમુક કાર્ય કરવાથી મારા નિયમનો ભંગ તો નહિ થાય, તે વિચાર તેને અવિચારી કાર્ય કરતાં અટકાવે છે. આ પ્રમાણે પડેલી ટેવ મોટપણે બહુજ ઉપયોગી થઇ પડે છે.

કુળાચારનો લોપ ન કરવો—એ પણ સામાન્યહિત શિક્ષા છે. કુળના આચાર વિચાર વૃદ્ધ પુરૂષોએ અનુભવથી, ડહાપણથી, તેમજ વિવેકબુદ્ધિથી બાંધેલા હોય છે. માટે તેનો અનાદર કરતાં અથવા તે બદલતાં પહેલાં બહુજ વિચાર કરવાની આવશ્યકતા છે. નવું ગ્રહણ કરતાં પહેલાં જૂનાનો બહુજ વિચાર કરવો; તેમાં જ્યારે ખામીજ લાગે, ત્યારે ભલે તેનો ત્યાગ કરવામાં આવે. પણ નવા તેમજ જૂના રીવાજના ગુણદોષનું પરિપૂર્ણ વિવેચન કરી કાંઇ પણ ગ્રહણ કરવું, અથવા છોડવું એજ ઉચિત છે. કાલિદાસ કવિએ કહ્યું છે કે જૂનું એટલુંજ સારૂં, અને નવું એટલું ખોટું, એમ કહી શકાય નહિ. મૂઢ મનુષ્યો ગાડરીઆ પ્રવાહની માફક બીજાની બુદ્ધિથી દોરાઈ જાય છે, પણ સંતપુરૂષો તો પરીક્ષા કરી બન્નેમાંથી એકને ગ્રહણ કરે છે. ”

કુળાચાર વિરૂદ્ધ ન વર્તવું, એ પણ હિતશિક્ષાનો તેમાં સમાવેશ થાય છે. જે કુળના આચાર વિચાર હોય તેથી વિરૂદ્ધ વર્તવાથી કુટુંબમાં કલેશ થાય છે, અને લોકોમાં નિંદા થાય છે, આબરૂ જાય છે, અને લાભ તો મળતો નથી. માટે કુળાચાર વિરૂદ્ધ વર્તનનો ત્યાગ કરવો, એજ હિતશિક્ષા છે.

જે આ પ્રમાણે વિવેકપૂર્વક અને વિચાર કરીને ચાલે છે, તેને ક્રોધે ભરાયેલો કલિયુગ પણ કશું કરી શકતો નથી. કળિયુગ તેની જીવ્હાદ્વારા અપશબ્દ બોલાવી કલહ ઉત્પન્ન કરાવી શકે, અથવા અનર્થ કરાવે, તેમજ અવિચારી કાર્ય કરવાનું શીખવી અશુદ્ધ માર્ગે દોરે, અથવા શુદ્ધ કૂળાચારનો લોપ કરાવી ખોટી પ્રવૃત્તિ તરફ દોરે, પણ જેની જીવ્હા નિયમમાં છે, જે અવિચારી કાર્ય કરતો નથી, અને કૂળાચાર વિરૂદ્ધ વર્તતો નથી, તેમાં કલિયુગ પ્રવેશ પામી શકે નહિ, અને ત્યાં ફાવી શકે પણ નહિ.

मम्मं न उलविज्जइ कस्सवि आलं न दिज्जइ कया वि ॥
कोवि न उक्कोसिज्जइ सज्जणमग्गो इमो दुग्गो ॥ ६ ॥

અર્થ:—કોઇને મર્મ વચન ન કહેવું, કોઇને કદાપિ આળ (કલંક) ન દેવું; કોઇનો આક્રોશ કરવો નહિ; આ સજ્જનોનો માર્ગ દુર્ઘટ છે.

ભાવાર્થ:—આ જે શબ્દાર્થ છે તે પરથી જણાય છે કે તેમાં વર્ણવેલા ત્રણે ગુણો વાણીને લગતા છે. જીભમાં સાકર તથા ઝેર પણ વસે છે. માટે કેવી રીતે બોલવું કે જેથી સામા મનુષ્યની પ્રીતિ સંપાદન થાય. અહીંયાં પ્રતિષેધ માર્ગ બતાવી કેવું ન બોલવું તેપર લક્ષ આપેલું છે.

કોઇ પણ મનુષ્યને મર્મવચન ન કહેવું; જેથી સામા મનુષ્યના હૃદયને

પરિતાપ ઉપજે તેવું વચન તે માર્મિક કહેવાય. અને તેવું વચન કહેવાથી તેને બહુજ દુઃખ લાગે છે, અને કોઇવાર મનુષ્યો તેવું વચન સહન નહિ કરી શકવાથી આત્મઘાત પણ કરે છે. હૃદયને અસર કરી તેમાં ગ્લાનિ ઉપજાવે તેવું માર્મિક વચન બોલતાં પ્હેલાં બહુજ વિચારની જરૂર છે. કોઇનો દોષ હોય છતાં ભર સભામાં તે દોષને માર્મિક વચનથી પ્રકટ કરવામાં આવે તો તે સમયે તે મનુષ્યને જમીન માગ આપે તો સારૂં તેવા વિચાર આવશે, તે લોકોમાં પ્રતિષ્ઠા ખોવા કરતાં મરણને વધારે પસંદ કરશે. માટે સહસાત્કારે કદાપિ કોઇના છિદ્ર બધાના દેખતાં ઉઘાડા કરવા નહિ. કીર્તિ એ મનુષ્યને જીવ કરતાં પણ પ્રિય છે. અને કીર્તિ વગરના જીવન કરતાં મરવું એ વધારે પસંદ કરે છે.

કોઇને ખોટું કલંક દેવું નહિ. જ્યાં સુધી આપણને દોષની બરોબર ખબર પડી નથી, જ્યાં સુધી તેજ મનુષ્યે તે દોષ કર્યો છે એવી પક્કી ખાતરી થઈ નથી ત્યાં સુધી કર્ણપરંપરાથી વાત સાંભળી કોઇને આળ (કલંક) દેવું તેના જેવું મોટું દુષ્ટ કાર્ય બીજું નથી. તે તો મોટામાં મોટી ચોરી છે. તમે તેની કીર્તિ–ખ્યાતિ જે પ્રાણથી પણ અધિક છે તેની ચોરી કરો છો. માટે કોઈના માથે પણ દોષારોપણ કરતાં બહુજ વિચાર કરજો કે પાછળથી પસ્તાવું ન પડે.

દમયન્તીને માથે જયારે ચંદનહાર ચોર્યાનું કલંક આવ્યું હતું તે વખતની તેની સ્થિતિનો વિચાર કરો, તેમજ તમારાપર કોઈ ખોટું આળ મુકે તે વખતની તમારી સ્થિતિ કેવી થાય તેનો કલ્પના શક્તિવડે ખ્યાલ લાવો, અને પછી તમને જણાશે કે આળ જેવું ખોટું દૂષણ નથી. ઇતિહાસમાં વાંચીએ છીએ, તેમજ પત્રોમાં આવતી ખબરોપરથી જણાય છે કે પોતાને માથે આવેલા કલંકમાંથી બચવાનો માર્ગ નહિ જડતાં ઘણાક આપઘાત કરે છે. માટે આવા અનિષ્ટ પરિણામ જેમાં રહ્યા છે તેવું કલંક છતા દોષે પણ ન મુકવું તો દોષ નહિ છતાં તો મુકવાની વાતજ કેવી ? તથા કોઇનો આક્રોશ ન કરવો, એટલે કોઇની સાથે ક્રોધયુક્ત વચનથી બોલવું નહિ. તેમાં તેના જીવને ખેદ થાય છે, અને તમને કાંઈ પણ લાભ પ્રાપ્ત થતો નથી. ક્રોધી વચનો બોલતાં ગમે તેવું બોલાઇ જાય છે. માટે જીહ્વાને નિયમમાં રાખી, મનપર જય મેળવી સર્વદા પ્રિય અને હિતકારી વચન બોલવું કે જેથી ઉભયને લાભ થાય પણ જેથી બીજાને અપ્રીતિ ઉત્પન્ન થાય તેવી પારકી નિંદા કરવી નહિ, અથવા ક્રોધમાં આવી ગમે તેવા શબ્દોનો ઉચ્ચાર કરવો નહિ. સજ્જનોને તે માર્ગ કિલ્લારૂપ છે તેને કોઇ ભેદી શકે નહિ.

सव्वस्स उवयरिज्जइ न पम्हसिज्जइ परस्स उवयारो ।
विहलं अवलंलिज्जइ उवएसो एस विउसाणं ॥ ७ ॥

અર્થ:—સર્વ પ્રત્યે ઉપકાર કરવો; બીજાને ઉપકાર વિસારવો નહિ. દુઃખીને અવલંબન આપવું; એજ વિદ્વાનોને ઉપદેશ છે.

ભાવાર્થ:—પ્રાણિ માત્ર પ્રતિ ઉપકાર કરવો. કારણ કે સર્વ આત્મા સરખા છે. નાના મોટાનો અંતર પરોપકારી પુરૂષો જોતા નથી.

नहि संहरते ज्योत्स्नां चन्द्रश्चाण्डालवेश्मानि ॥

ચંદ્ર ચાંડાળના ઘરપરથી પોતાનો પ્રકાશ ખેંચી લેતો નથી. તે તો સર્વત્ર પ્રકાશે છે. તેજ પ્રમાણે ગુણી અથવા અવગુણીની અપેક્ષા રાખ્યા સિવાય, અથવા સામો મનુષ્ય મારાપર પ્રત્યુપકાર કરશે કે કેમ તે કલ્પના મનમાં લાવ્યા શિવાય ઉપકાર કરવો. જે મનુષ્ય કરેલા ઉપકારનો બદલો વાળે છે તેમાં તો શું તેણે મોટું કાર્ય કર્યું ? પણ અપકારને બદલે ઉપકાર કરે છે, ભુંડાને બદલે સારૂં કરે છે, અથવા દ્વેષને બદલે પ્રેમ કરે છે, તેજ ખરેખરો સાધુ પુરૂષ કહી શકાય. બીજા મનુષ્યે પોતાનો કરેલો ઉપકાર કદી વિસારવો નહિ. જે મનુષ્ય તે ભુલે છે તે કૃતઘ્ની કહેવાય છે. તેના જેવું બીજું મોટું પાપ એકે નથી. કોઇએ આપણને કિંચિત્ પણ ઉપકાર કર્યો હોય તે જરા પણ ભુલવો નહિ. દૃષ્ટાન્ત તરીકે કોઇએ આપણને એક શબ્દ શિખવ્યો હોય, કોઇએ એક ઉપદેશનું વચન કહ્યું હોય, અથવા આપણી ગરીબ સ્થિતિમાં થોડું પણ ધન આપી આપણને સહાય કરી હોય તો મોટા થયે એટલે જરા વધારે જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે અથવા વધારે ધન મળે ત્યારે તેમને વિસારી મુકવા એ કોઇ પણ રીતે ઉચિત ગણાય નહિ. તે વખતની તમારી સ્થિતિનો વિચાર લાવો, અને તે મનુષ્યે કરેલા ઉપકારનો ખ્યાલ લાવો, અને પછી તે ઉપકાર ભુલી જવો તે કેવું મોટું પાપ છે તેની કાંઇક ઝાંખી તમને આવશે. માતા પિતાનો, ગુરૂનો, અને આજીવિકાનું સાધન પુરૂં પાડનારના ઉપકારનો બદલો કોઈ પણ રીતે વળી શકે તેમ નથી; આપણે તેના બદલામાં જેટલું કરીએ તેટલું ઓછું.

વળી દીન પુરૂષનો ઉદ્ધાર કરવો. ગરીબ મનુષ્યોને દુઃખી દેખી હૃદય પીગળવું જોઇએ. કારણ કે સર્વ આત્માઓ સરખાજ છે. તું તેવી સ્થિતિમાં હોય તો તને કેવું લાગે એવો વિચાર કરી દીન પુરૂષપર દયા લાવી તેને આલંબનરૂપ થવું; પોતાની શક્તિ પ્રમાણે તેને મદદ કરવી; ધન ન હોય તો શબ્દથી પણ દિલાસો આપી તેનું દુઃખ દૂર કરવા બનતો

પ્રયત્ન કરવો. વળી જેઓ આત્મશક્તિની અપેક્ષાએ દીન છે તેમનો પણ ઉદ્ધાર કરવો. એટલે જો પોતે જ્ઞાનમાં, સદ્દગુણમાં, આત્મશક્તિમાં આગળ વધેલો હોય તો અજ્ઞાનીને સદ્દબોધ આપી શુદ્ધ માર્ગે ચઢાવવો એ પણ તેનું કર્ત્તવ્ય છે. જ્ઞાન ગર્વ માટે નહિ પણ સ્વપરના બોધ સારૂ છે તે ભુલી નહિ જઇ યથાશક્તિ બીજાને બોધ આપવો. પોતાથી સૂર્યની માફક પ્રકાશ ન આપી શકાય તો તારાની માફક ચળકીને પણ અજ્ઞાનરૂપી અંધકારમાં ફાંફાં મારતા મુસાફરને સિધા માર્ગ તરફ દોરવારૂપ કર્તવ્ય બજાવવું.

કારણ કે દરેક મનુષ્યને એવા મનુષ્ય મળી આવશે કે જે પોતાના કરતાં પણ હલકી સ્થિતિમાં હોય, તો તેવાને તે મદદ કરી શકે. આવો ઉપદેશ વિદ્વાનોનો છે. જેઓએ વિદ્યા સંપાદન કરી અનુભવ મેળવ્યો છે, તેવા મહાન્ પુરૂષો ઉપર પ્રમાણે જણાવે છે.

को वि न अप्भत्थिज्जइ किज्जइ कस्स वि न पत्थणाभङ्गो ।
दीणं न य जंपिज्जइ जीविज्जइ जावलीअलोए ॥ ८ ॥

અર્થઃ—કોઇની અભ્યર્થના-પ્રાર્થના કરવી નહિ. કોઇની પ્રાર્થનાનો ભંગ ન કરવો; વળી દીન વચન બોલવું નહિં. જીવન પર્યન્ત ઉપરના નિયમો પાળવા.

ભાવાર્થઃ—કોઇની પ્રાર્થના નહિ કરવી. આ સૂત્રનો ઉદ્દેશ એમ જણાય છે કે પોતાની શક્તિમાં વિશ્વાસ રાખતાં શિખવું. વારે ઘડીએ બીજાનાપર આધાર રાખવો નહિ. આત્મા અનંત શક્તિવાળો છે. તે પોતાની શક્તિના પ્રભાવથી ત્રણ ભુવનને ચલાવવાને સમર્થ છે. તેવો આત્મા આપણામાં રહેલો છે, તો પછી શા સારૂ બીજાની આશાએ બેસી રહેવું. ભતૃહરીએ વૈરાગ્યશતકમાં કહ્યું છે કે " અનેક દુર્ગમસ્થાનોથી વિકટ બનેલા પ્રદેશમાં ભમ્યો, પણ કાંઇ ફળ મળ્યું નાહ. જાતિ અને કુળનું ઉચિત અભિમાન પડતું મૂકી, સેવા કરી, તે પણ નિષ્ફળ નીવડી, પરઘેર બ્હીતા બ્હીતા કાગડાની પેઠે માનવિનાનું ખાધું. દુર્ગતિ અને પાપકર્મપર આધાર રાખતી હે તૃષ્ણા ! હજુ તને સંતોષ વળતો નથી. દુષ્ટ લોકોનું આરાધન કરવા જતાં તે લોકોના ગર્વિષ્ટ વચન સહ્યાં, અંતરનું આંસુ અંતરમાં દાબી રાખી, મન શૂન્ય હોવા છતાં હસ્યો પણ ખરો, ચિત્તને રોકી રાખ્યું, હસવાને પાત્ર લોકોને પ્રણામ પણ કર્યા. હે તું આશા ! હે નિષ્ફળ આશા ! આથી વધારે તું શું નચાવનારી હતી." સર્વ કાર્ય મનુષ્યથી પોતાનાથી થઇ શકે નહિ. આપણા સમાજનું બંધારણજ એવા પ્રકારનું છે કે દરેક મ-

નુષ્યે એક બીજાને સહાય આપવી અને લેવી, તે વિના જનમંડળનો વ્યવહાર નભી શકેજ નહિ. માટે સહાય માગવી પડે, અથવા પ્રાર્થના કરવી પડે તો યોગ્ય મનુષ્યની કરવી. કાલિદાસે મેઘદૂતમાં કહ્યું છે કેઃ–

याञ्चा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा ।

અધમ પુરૂષની પ્રાર્થના કરી હોય, અને ઇચ્છિત ફળ મળે તેના કરતાં પણ સારા મનુષ્યની પ્રાર્થના કરી હોય, અને તે નિષ્ફળ જાય, તે વધારે સારૂં. આ ઉપરથી સમજવાનું કે માગવું પડે તો યોગ્ય પુરૂષો પાસેજ માગવું.

કોઈની પ્રાર્થનાનો ભંગ કરવો નહિ—આ સૂત્ર જેવું ઉત્તમ આ જગતમાં બીજું એકે નથી, પણ તે પ્રમાણે વર્તવું, એ કાંઈ સહેલું કામ નથી. આપણી શક્તિ પ્રમાણે કોઈનું કામ કરી છૂટવું એજ મહાન્ પુરૂષોનું ભૂષણ છે. **परोपकाराय सतां विभूतयः** સારા મનુષ્યોની સંપત્તિ પરોપકારમાંજ વપરાય છે. આપણું એટલું સામર્થ્ય નથી કે દરેક મનુષ્યની માગણી સ્વીકારીએ. માટે તે મનુષ્યની પાત્રતા તેમજ આપણી શક્તિ જોઇ તેની માગણી કબુલ કરવી. આ જગત્માં એવા ઘણા મનુષ્યો માલુમ પડે છે કે જેઓ પોતાનામાં જે કાર્ય કરવાનું સામર્થ્ય ન હોય, અથવા અવકાશ ન હોય, તે કરવાને માથે લે છે. બીજાને વિશ્વાસ આપે છે, અને પછી તેઓ તે કાર્ય નિયમિત સમયે કરી શકતા નથી. આ પ્રમાણે વિશ્વાસઘાત કરે છે. તેથી સામા મનુષ્યને ઘણીજ દિલગીરી થાય છે. પ્રથમથી ના કહેવી એ વધારે ઉત્તમ છે, પણ વિશ્વાસ આપી, છેવટના સમયમાં પોતાની તે કાર્ય કરવાની અશક્તતા બતાવવી, તેના જેવું બીજું મોટું દૂષણ નથી. વચન આપતા પહેલાં વિચાર કરો. જો શક્તિ ન હોય તો તેજ સમયે ધૈર્યતાથી ના પાડો. વચન આપી વિશ્વાસઘાત કરવો નહિ.

દીન વચન બોલવું નહિ—મહાન્ પુરૂષોનું આ એક ઉત્તમ લક્ષણ છે, કે સૂર્યની પેઠે ઉદય તથા અસ્ત સમયે એક સરખી વૃત્તિ ધારણ કરી શકે છે. સૂર્ય ઉદય તથા અસ્તના સમયમાં સમાન રીતે લાલ દેખાય છે. તેજ પ્રમાણે સત્પુરૂષો સંપત્તિ સમયે ગર્વિષ્ઠ બનતા નથી, અને વિપત્તિના સમયે દીન બનતા નથી; પણ મનની સમાધાનના જાળવી શકે છે. ધન્ય છે એવા મહાપુરૂષોને! માટે દુઃખ આવે તોપણ સજ્જન પુરૂષો દીન વચન બોલતા નથી. દુઃખ આવે તો સહે, ભુખે મરવું પડે તે પસંદ કરે, પણ કદાપિ તેઓ પામર પુરૂષો સન્મુખ દીન વચનનો ઉચ્ચાર કરતા નથી; કારણ કે તેઓને પોતાની આત્માની અનંત શક્તિમાં દૃઢ વિશ્વાસ છે. ભતૃહરિએ

ચાતકની અન્યોક્તિથી સર્વ સજ્જનોને બોધ આપ્યો છે. "હે ચાતક! તું સાવધ મનથી સાંભળ, આકાશમાં ઘણાં વાદળાં વસે છે, પણ સર્વે એક સરખાં નથી. કેટલાક વૃષ્ટિ કરી પૃથ્વીને ભીંજાવે છે, ત્યારે કેટલાક નિરર્થક ગર્જના કરી રહ્યા છે. માટે હે પક્ષી! તું જેને જેને જુએ, તે સર્વ આગળ દીન વચનથી બોલતો નહિ." સર્વ મનુષ્યને જુએ તેના આગળ પોતાની દીનતા દાખવવી, એ ઉત્તમ પુરૂષનું લક્ષણ નથી. રથના પૈડાની ધરી ઉંચે જાય છે, અને નીચે જાય છે, તેજ પ્રમાણે કર્મના નિયમાનુસાર ચઢતી પડતી દરેક મનુષ્યની ચાલી આવે છે. પણ સંપત્તિમાં મનુષ્યે ભ્હેકી નહિ જવું તેમ વિપત્તિમાં નિર્બળ બની ન જવું, પણ મનની સમાધાનતા સર્વત્ર જાળવવી, આ નિયમો જીવન પર્યંત પાળવા. જે મનુષ્યો ઉપર જણાવેલા નિયમોને અનુસરી પોતાનો જીવન વ્યવહાર ચલાવે છે, તે સર્વથા સુખમાં રહી શકે છે.

अप्पा न पसंसिज्जइ निंदिज्जइ दुज्जणो त्रि न कयावि ॥
बहु बहुसो न हसिज्जइ लब्भइ गुरुअत्तण तेण ॥ ९ ॥

અર્થ:—પોતાની પ્રશંસા ન કરવી, દુર્જનની પણ નિંદા ન કરવી. ઘણી વાર બહુ હસવું નહિ. આ પ્રમાણે વર્તવાથી મનુષ્ય મોટાઇ પણું પામે છે. અર્થાત્ મહત્વતા મેળવે છે.

ભાવાર્થ:—આત્મ પ્રશંસા કરવી એ અવગુણ છે. સૂર્ય પોતાની સ્તુતિ કરતો નથી છતાં તેના પ્રકાશિત ગુણોને લીધે જગતની પ્રશંસાને પાત્ર થાય છે. કહ્યું છે કે:-

नहि कस्तुरीकामोदः शपथेनाभिधीयते ॥

કસ્તુરીની સુગંધી સોગન ખાવાથી જણાતી નથી. તમે સોગન ખાઓ કે ન ખાઓ પણ કસ્તુરી તો પોતાની મેળે જ્યાં હોય ત્યાં સુવાસ આપી પોતાની હયાતી લોકોને જણાવે છે. તેજ રીતે જો તમારામાં ગુણ હશે તો લોકો તે જાણશે, એટલે તમારી પ્રશંસા કરશે. પોતાની મેળે પોતાના વખાણ કરવાની કંઇ પણ જરૂર નથી. પરોપકાર કર્યા છતાં પણ સજ્જનો હંમેશાં મૌનજ ધારણ કરે છે; જેના પર તેઓ ઉપકાર કરે છે તેની તરફથી આભારની લાગણીની બિલકુલ આશા રાખતા નથી. પરોપકાર કરવો એ તેમનો સ્વભાવ થઇ પડયો છે. પોતાના જે સ્વાભાવિક ગુણો છે તેની પ્રશંસા સજ્જનો પોતાની મેળે શી રીતે કરે ?

દુર્જનની પણ નિંદા કરવી નહિ.

આ શબ્દોપર ખાસ લક્ષ રાખી વિચાર કરો. તેમાં કેટલું ઉત્તમ રહસ્ય છે તેનો ખ્યાલ લાવો. જેને આપણે ખરાબ મનુષ્ય ધારતા હોઇએ તેની કદાપિ નિંદા કરવી નહિ. કારણ કે નિંદાથી આપણને તેમજ તેને કોઈ પણ પ્રકારનો લાભ થતો નથી. તે પોતાની નિંદા થતી જાણી પોતાના અવગુણ કબુલ કરશે નહિ પણ આપણાપર ઉલટો ક્રોધે ભરાશે. તેના બદલે તેને ખાનગીમાં સલાહ આપવામાં આવી હોય તો તે પોતાની ભુલ કબુલ કરી સુધરવા પોતાથી બનતો પ્રયત્ન કરવા દોરાશે. મનુષ્ય દોષને પાત્ર છે. જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી મનુષ્યોમાં કોઇને કોઈ પ્રકારનો દોષ તો જણાવાનોજ. તો પછી પારકાની નિંદા કરવા કરતાં આપણા અવગુણની નિંદા કરી તેને સુધારવાને સમય ગાળીએ તો તેના જેવું રૂડું કાર્ય બીજું એકે નથી. નિંદાથી સામો સુધરતો નથી પણ નઠોર બને છે; પણ ખાનગીમાં સલાહ આપવાથી સુધરે છે. હંમેશા ગુણ દૃષ્ટિ રાખવી. દરેક મનુષ્યના ગુણની પ્રશંસા કરવી, અને તે પોતાનામાં ન હોય તો લાવવા પ્રયત્ન કરવો. ગુણગ્રાહી મનુષ્યોને સર્વત્ર કાંઇને કાંઇ શીખવાનું તથા જાણવાનું મળી આવે છે. જગતમાં એવી એક પણ વસ્તુ નથી, એવો એક પણ મનુષ્ય નથી કે જે તમને કોઈ પણ પ્રકારનો બોધ આપી શકે નહિ. પારકાના મેલમાં કપડાં ધોવાથી કોઇ દિવસ સફેત થઇ શકે નહિ. તેજ રીતે પરપુરૂષના અવગુણરૂપ મલીનતાના વિચારો કરવાથી આપણો આત્મા કદાપિ નિર્મળ થઈ શકે નહિ. સામા પુરૂષની નિંદાના વિચારો કરતાં તેનામાં જે અવગુણ ન હોય તે પણ આરોપવામાં આવે છે. આપણને કાંઇ પણ લાભ થતો નથી પણ તે મનુષ્ય આપણો શત્ર થાય છે. તેવા નિંદાના વિચારોને મનમાંથી કાઢી નાંખવાનો સૌથી સારો ઉપાય તેના ગુણ ભણી દૃષ્ટિ રાખવાનો છે. જેમ ભક્ત પુરૂષો ભક્તિના પ્રભાવથી ભક્તિના પાત્રમાં કોઈ અવગુણ હોય તોપણ તે ગણતા નથી, તેજ રીતે આપણે પણ અવગુણ તરફ દૃષ્ટિ ન રાખતાં ગુણગ્રાહી થવું. કોઇના પણ અવર્ણવાદ બોલવાનું મન થાય કે તરત મનને શુદ્ધ કરવું. કહ્યું છે કે:—
Mind requires purification, whenever anger is felt, or falsehood is told or the faults of any one needlessly exposed or when anything is done or said for the purpose of flattery or when any one is deceived by the insincerity of speech or an act.

અર્થ:—જ્યારે ક્રોધ થાય, જુઠું બોલવામાં આવે, **બીજાના દોષ નિરર્થક ખુલ્લા કરવામાં આવે,** ખુશામતને સારૂ કાંઇ પણ બોલવામાં આવે અથવા કરવામાં આવે, અથવા અપ્રમાણિક વચન અથવા કાર્યથી કોઇને છેતરવામાં આવે ત્યારે **મનની શુદ્ધિની જરૂર છે.** કારણ કે ઉપર જણાવેલા પ્રસંગોએ મન અપવિત્ર બને છે, પોતાનું કર્ત્તવ્ય ભુલી જાય છે, અને અશુભ અધ્યવસાયવાળું થાય છે. માટે નિંદાનો સર્વથા પ્રકારે ત્યાગ કરવો એજ ઉત્તમ જનોનું લક્ષણ છે.

બહુ હસવું નહિ. જે મનુષ્યો ગંભીર હોય છે તે સહેજ વાતમાં હસતા નથી. તેઓને દરેક નજીવો બનાવ અસર કરી શકતો નથી, માટે તેઓ મનની સમાધાનતા જાળવી શકે છે. જે બહુ હસે છે તેજ બહુ રડે છે. બીજા શબ્દોમાં કહીયે તો જે સહેજમાં હર્ષવંત થાય છે તે સહજમાં રડી પણ પડે છે. ખરા મહાન્ પુરૂષો સહજ બાબતોથી પોતાને અસર થવા દેતા નથી. તેવા પુરૂષો ઉપર જણાવ્યા પ્રમાણે મહત્વતાને પામે છે. તેઓ જગતમાં પૂજ્ય થાય છે.

रिउणो न वीससिज्जइ कया वि वंचिज्जए न वीसत्थो ॥
न कयग्घेहिं हविज्जइ एसो नायस्स नीसंदो ॥

અર્થ:—શત્રનો વિશ્વાસ ન કરવો; કદાપિ વિશ્વાસુને છેતરવો નહીં; કદાપિ કૃતઘ્ન ન થવું; આ ન્યાયનો માર્ગ છે.

શત્રનો વિશ્વાસ ન કરવો—આ સૂત્ર ઘણું સામાન્ય લાગે છે. કયો એવો મૂર્ખ હોય કે તે શત્રુનો વિશ્વાસ કરે ? છતાં આપણે અજ્ઞાની જીવ મૂર્ખ છીએ, અને તેથી કરીને જો કે બાહ્ય શત્રુઓનો વિશ્વાસ કરતા નથી, તો પણ અંતરંગ માનસિક શત્રુઓનો વિશ્વાસ કરીએ છીએ. કારણ કે તેઓ આપણને શત્રુરૂપ હજુ જણાયા નથી. તેઓ જુદા જુદા રૂપમાં આપણને તેમના પાસમાં ફસાવે છે, અને આપણે તેમનું દુષ્ટ સ્વરૂપ જોઈ શકતા નથી. જીનેશ્વર ભગવાને પાંચ પ્રમાદો કહ્યા છે, તે આપણા ખરૂ શત્રુ છે. તેઓ સ્વકર્તવ્યથી ચુકાવી આપણને કુમાર્ગે દોરે છે. તે પાંચ પ્રમાદ આ પ્રમાણે:-(૧) મદ્યપાન, (૨) વિષય વિકાર, (૩) કષાય, (૪) નિદ્રા અને (૫) વિકથા.

મદ્યપાનથી લક્ષ્મીની હાનિ થાય છે, બુદ્ધિની ભ્રષ્ટતા થાય છે, અને લોકમાં અપકીર્તિ થાય છે, અને તે સમયમાં મનુષ્ય ગમે તેવું અવિચારી કાર્ય કરવા દોરાય છે, માટે સમજુ જનોએ મદ્યપાનથી સર્વથા વિમુખ રહેવું, અને આ પ્રમાણે પ્રથમ શત્રુ ઉપર જય મેળવવો.

વિષયો પાંચ ઇન્દ્રિયોને આશ્રયી પાંચ છે, તેમાં પણ સ્પર્શેન્દ્રિય અને જીહ્વા ઇન્દ્રિયના વિકારો વધારે પ્રબળ હોય છે. તે એક મોટા શત્રુ છે, તેને વશ કરવો, એ કામ કાંઇ સરલ નથી, પણ ઉપદેશથી અને ધીમે ધીમે અનુભવથી મનુષ્ય વિષયીક સુખની અસારતા સમજતો જાય છે, અને ધીમે ધીમે તેનાપર નિગ્રહ મેળવવા સમર્થ થાય છે. એ શત્રુ ઉપર જે જય મેળવે છે, તે આ જગતમાં દેવ સમાન છે.

ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચાર કષાય તે ત્રીજો પ્રમાદ છે. આ પણ શત્રુરૂપ છે. તેનું વર્ણન બીજે પ્રસંગે કરીશું. પણ ભારવિ કવિના શબ્દો યાદ રાખવા જોઇએ કે "મનની અંદર ઉત્પન્ન થતા દુર્જય મટો વિકારોની સામે બહાદુરતાથી લડવું જોઇએ. જે તેમનાપર જય મેળવે છે, તે ત્રણ જગતનો જીતનાર છે."

નિદ્રા અથવા આળસ એ ચોથો પ્રમાદ છે.

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः

આળસ એ મનુષ્યના અંદર રહેલો મોટો શત્ર છે, અને તે શત્રુને વશ કરવાને સદા ઉદ્યમવંત થવું. અને પળે પળે પોતાના કાર્યપર, પોતાના શબ્દોપર તેમજ હૃદયમાં ઉત્પન્ન થતા વિચારો પર લક્ષ આપવું, વિકથા એ પાંચમો શત્રુ છે. વિકથા અનેક પ્રકારની છે. આપણે આપણો અમૂલ્ય સમય લોકોની કુથલી કરવામાં ગાળીએ છીએ અને તેનો સદુપયોગ કરતા નથી. જીવો પારકાં છિદ્ર જોવામાં આનંદ માને છે, પણ તે છિદ્રથી પણ અધિક પોતાનાં છિદ્ર તે જોઇ શકતો નથી, માટે આત્મહિતાર્થી જીવે જેમ બને તેમ આ શત્રુ ઉપર જય મેળવવાને સત્સંગ કરવો, સારાં પુસ્તકો વાંચવાં, અને પરની નિંદાને બદલે તેના ગુણગ્રાહી થવું. કદાપિ વિશ્વાસુને છેતરવો નહિ. કોઇ પણ મનુષ્યને છેતરવો તે મોટું પાપ છે, પણ વિશ્વાસઘાત તો તેથી પણ વધારે અધમ છે. હાલનો સમય એવો છે કે આપણને કોઇ મળે અને પુછીએ કે "ભાઇ કેમ ઉદાસી" તેના જવાબમાં કહે કે "નથી મળ્યો કોઇ વિશ્વાસી" આ શબ્દો સૂચવે છે કે ઘણા મનુષ્યો તેમના પર વિશ્વાસ રાખનારને છેતરે છે, પણ જ્યારે સામા મનુષ્યને તેમની કપટજાળ માલૂમ પડે છે, ત્યારે કેવળ તેમના પર વિશ્વાસ રાખતો નથી એટલુંજ નહિ, પણ સમગ્ર મનુષ્ય જાતિ પર વિશ્વાસ કરતો અટકે છે. આ પ્રમાણે વિશ્વાસઘાતથી મનુષ્યપર વિશ્વાસ ઉઠી જાય છે.

કદાપી કૃતઘ્ન ન થવું. કોઇએ કરેલો સહજ પણ ગુણ કદાપિ વિસારવો નહિ; લુણ હરામ કરનારા સર્વત્ર નિન્દાને પાત્ર થાય છે. માટે સર્વથા

ઉપકાર કરનારનો બદલો વાળવો, એજ પરમ ઉપદેશ સામાન્ય શબ્દોમાં વર્ણવેલો છે.

रच्चिज्जइ सुगुणेसु बज्झइ राओ न नेहवज्जेसु ॥
किज्जइ पत्तपरिखा दक्खाण इमो अकसवट्टो ॥ ११ ॥

અર્થ—ગુણવાળાને દેખી રાજી થવું, સ્નેહ રહિત પુરૂષો તરફ રાગ ન કરવો, પાત્રની પરીક્ષા કરવી; આ ડાહ્યા પુરૂષોનો કસોટીનો પત્થર છે.

ભાવાર્થઃ—ગુણી પુરૂષોને જોવાથી રાજી કોણ થાય? જેના મનમાં ગુણ પ્રતિ પ્રેમભાવ હોય, અને જે ગુણ મેળવવા ઇચ્છા રાખતો હોય, તેવો પુરૂષજ ગુણીને દેખી રાજી થાય. ગુણ ઉપર પ્રેમ થવાથી તેવા ગુણો આપણામાં છે કે નહિ તેવો વિચાર સ્વાભાવિક રીતે હૃદયમાં પેદા થાય છે, અને તે વિચારાનુસાર પોતાના ગુણદોષની પોતાને ખબર પડે છે. અને પોતાની અજ્ઞાનતા અથવા દોષનું જાણપણું તે તે દૂર કરવાને પ્રબળ ઉત્સાહ રૂપ છે. ઘણા મનુષ્યો પોતાના દોષ જાણી શકતા નથી, અને જ્યારે તે જણાય નહિ, ત્યારે તેમનો ત્યાગ પણ શી રીતે થઇ શકે? માટે પોતાના ગુણદોષ જાણવા, એ દરેક આત્મહિતાર્થી પુરૂષનું પ્રથમ અને આવશ્યક કર્તવ્ય છે. મનુષ્ય પોતે કઇ સ્થિતિમાં છે, અથવા ઉન્નતિક્રમના કયા પગથીયાપર ઉભો છે, તે જયારે જાણે છે, ત્યારે આગળ પગલું કયું લેવું, તે સવાલ બરોબર સમજે છે, અને બીજા પામર મનુષ્યોની માફક અંધારામાં ફાંફાં મારવાને બદલે સિદ્ધે માર્ગે યોગ્ય સાધનો દ્વારા જઇ શકે છે. આ ઉપરથી સહજ જણાયું હશે કે આત્મનિરીક્ષણ ઘણું જરૂરનું છે, અને તેને સારૂ ગુણીજનપર રાગ રાખી તેમના ગુણો મેળવવા અહર્નિશ ધીમે ધીમે મથ્યા કરવું. જે સ્થિતિ મહાત્માઓ, તીર્થંકરો મેળવી ગયા છે, તે સ્થિતિ આપણે પણ પ્રાપ્ત કરી શકીએ, કારણ કે આપણો આત્મા પણ શક્તિમાં તેમના સરખોજ છે, માટે આત્માની અનંત શક્તિમાં દૃઢવિશ્વાસ રાખી, આ વિકટ પણ અત્યાવશ્યક કાર્યમાં મંડયા રહેવું, એજ નમ્ર સૂચના છે.

સ્નેહ રહિત પુરૂષો પ્રતિ રાગ ન કરવો—આ તો એક સામાન્ય નિયમ છે કે સરખા વિચાર, અને વૃત્તિવાળા પુરૂષો એક બીજા તરફ આકર્ષાય છે. પ્રેમ પ્રેમને આકર્ષે છે. પણ જ્યાં પ્રેમ ન હોય, ત્યાં પ્રેમ શી રીતે ટકી શકે? માટે જે મનુષ્યો સ્નેહ રહિત હોય, જેઓ કેવળ બાહ્યથી મિત્રતા દેખાડી, અંદર ખાતેથી અહિત ઇચ્છતા હોય, :તેવા સાથે રાગ ન કરવો; કારણ કે તેવા રાગથી કોઈ દિવસ અનર્થ નિપજે છે. ઉપર જણા-

વેલી બાબત સામાન્ય રીતે જગતના વ્યવહાર આશ્રયી લખાયેલી છે. વસ્તુસ્થિતિ વિચારતાં તેના કરતાં જુદી બાબત જણાય છે. જે ખરેખરા મહાન્ પુરૂષો છે, તે સામા મનુષ્યના પ્રેમની દરકાર કરતાજ નથી. અન્યનું ભલું કરવું, તેને સારે માર્ગે ચઢાવવો, અને તેના હિતમાંજ પોતાનું હિત છે એમ માનવું, તે સંતજનોનો સ્વાભાવિક ધર્મ છે. પોતાના ઉચ્ચગુણથી અને પોતાના આત્મિક પ્રેમથી લુખા હૃદયના મનુષ્યમાં પણ તેવો પ્રેમ ઉત્પન્ન કરાવવાને સમર્થ થાય છે. જગતમાં એવા પ્રેમી પુરૂષો વિરલા છે, પણ તેઓજ ખરેખર પૂજ્ય છે. નિઃસ્વાર્થ પ્રેમ! તેના કરતાં બીજું શું અદ્ભૂત હોઇ શકે? માટે મહાન્ પુરૂષોના પગલે પગલે ચાલી પ્રેમદયા વૃત્તિ એટલે સુધી ખીલવવી કે છેવટે કહી શકાય કે આખી દુનિયામાં એવો એક પણ નાનો જીવ નથી કે જે તેના વિશાળ પ્રેમનો પાત્ર ન હોય.

પાત્ર પરીક્ષા કરવી—કોઇને કોઈ પણ કાર્યને વાસ્તે યોગ્ય અધિકારી, અથવા પાત્ર ગણીએ તે પહેલાં તેની પરીક્ષા કરવી, એ સામાન્ય નીતિનો નિયમ છે. પરીક્ષા કરી જગતમાં જો મનુષ્યો કાર્ય કરતા હોય તો કેટલા બધા અનર્થ અટકાવી શકાય, કેટલા કજીયાકંકાસને દૂરથી જ દેશવટો દઈ શકાય. જેમ સોનાની કષ, છેદ, તાપ વગેરેથી પરીક્ષા થાય છે, તેમ મનુષ્યની પણ પ્રસંગ આવે કામ સોંપવાથી પરીક્ષા થાય છે. આપત્તિ એ મિત્રતાની પરીક્ષાનો કસોટીનો પત્થર છે. જેમ ઉપર (ખારાશ વાળી) જમીનમાં રોપેલું બીજ ઉગતું નથી, તેમ અપાત્રે આપેલી વિદ્યા, અધિકાર પણ ફળદાયી નીવડતા નથી. પ્રસંગોપાત્ મુનિમહારાજોને નમ્ર વિનંતિ છે કે તેઓએ પણ દીક્ષા આપતાં પહેલાં તે લેવા આવનાર શિષ્યોની પાત્રાપાત્રતાનો વિચાર કરવો. એ કાર્ય શાસનને ઉદ્યોત કરનારૂં તેમ જ તે દીક્ષા લેનારને પણ લાભકારી થશે. હાલમાં જોઇએ છે તો ઘણે ભાગે આ સૂત્રનો અનાદર કરી વર્તવામાં આવે છે. પણ જેમ કસોટીથી સોનાની શુદ્ધતા અશુદ્ધતાની પરીક્ષા થાય છે, તેમ કાળરૂપી કસોટીનો પત્થર દરેક મનુષ્યની પરીક્ષા કરે છે. પણ પાછળથી પસ્તાવું ન પડે, તે માટે દરેક સુજ્ઞ પુરૂષે કોઇ મનુષ્ય સાથે કામ પાડતાં પાત્ર અપાત્રનો વિચાર કરવો. કુપાત્રમાં રોપેલી વિદ્યા વગેરે અનર્થકારી થાય છે. **पयःपानं भुजंगानां केवल विषवर्धनम्** દૂધ જે સર્વત્ર હિતકારી છે, જે બાળકોને માતાની ગરજ સારે છે, જે સાત્વિક ખોરાકમાંની એક વસ્તુ છે, તે દૂધ સર્પના મુખમાં જતાં ઝેર રૂપે પરિણામે છે. તેમાં વાંક દૂધનો કે સર્પનો? દૂધનો વાંક ગણાય નહિ, કારણ કે ઉપર જણાવ્યા પ્રમાણે તે સર્વદા હિત કરે છે, માટે સર્પરૂપ કુપાત્રો સર્વથા નિન્દાને પાત્ર થયા છે.

नाकज्जमायरिज्जइ अप्पा पाहिज्जण न वयणिज्जे ।
नय साहसं चइज्जइ उप्भिज्जइ तेण जगहत्थो ॥ १२ ॥

અર્થ:—અકાર્યને ન આચરવું-કરવું, આત્માને નિંદ્ય કાર્યમાં ન નાંખવો. સાહસનો (પુરૂષાર્થનો) ત્યાગ ન કરવો. આ રીતે જગતમાં હાથ ઉભો-ઉંચો રાખવો

દરેક ધર્મ શાસ્ત્ર જણાવે છે કે ખરાબ કામ ન કરવું, પણ તેનું મૂળ શું છે તે જાણવું જરૂરનું છે. કાર્યનો નાશ કરવાથી કારણનો નાશ થતો નથી. માટે કારણ-મૂળને જાણી તેનો વિનાશ કરવો કે જેથી સર્વથા કાર્યનો નાશ થાય. ખરાબ કરવાને મનુષ્ય દોરાય તે પહેલાં તેવા વિચારો તેના મનમાં જન્મ પામે છે.

ભગવદ્ ગીતામાં કહેલું છે કે **ध्यायतो विषयान्पुसः संगस्तेषूपजायते।** વિષયોનું ધ્યાન કરનારા મનુષ્યમાં વિષય પ્રતિ આસક્તિ થાય છે, અને જે વસ્તુ પ્રતિ આસક્તિ થાય તે મેળવવાને લોભાય એ સ્વાભાવિક છે. વારંવાર ખરાબ વસ્તુઓના વિચાર કરવાથી ખરાબ આચરણ થાય છે. માટે પ્રથમથીજ દુષ્ટ વિચારોને મનમાં પ્રવેશ કરવા દેવો નહિ. કહેવું સહેલું પણ તે પ્રમાણે વર્તવું દુસ્કર છે, એ વાત લેખકના અનુભવની બહાર નથી, તો પણ આવા ઉપદેશની વારંવાર જરૂર છે. આ કામ કરવાનો સૌથી સુગમ માર્ગ શાંત ચિત્તથી મનમાં સારા વિચારો ભરવાનો છે. સારૂં અને નરસું એક ઠેકાણે વાસો કરી શકે નહિ. સારા વિચારો જ્યાં થયા હોય ત્યાં ખરાબ વિચારો સ્થાન પામી શકે નહિ; અને આ પ્રમાણે સુવિચારી પુરૂષ સુકૃત્યોને જન્મ આપે છે. માટે પ્રથમ વિચારપર લક્ષ આપો. વિચાર એ નકામી ચીજ નથી, પણ તેજ ખરેખર મનુષ્યના કાર્યનો નિયંતા છે.

આત્માને નિંદ્ય કાર્યમાં ન રાખવો.

આત્માનો સ્વભાવ શુદ્ધ છે. તેનો સ્વભાવ તેને જ્ઞાનદર્શન અને ચારિત્રમાં પ્રેરે છે, પણ મન માંકડું તેને આડે અવળે માર્ગે દોરે છે. માટે આ લોકમાં નિન્દા થાય તેવાં કાર્ય કદાપિ કરવાં નહિ; અને તે માટે દરેક કાર્ય કરતા પહેલાં મન સાથે આ પ્રમાણે વિચાર કરવો. શું મારૂં કામ લોકમાં પ્રશંસા પાત્ર થશે? શું હું મારા અંતરના અભિપ્રાય પ્રમાણે વર્તું છું? શું મારા વિચાર, વચન અને કાર્ય પરસ્પર અવિરોધી છે? શું મારા કાર્યથી મારા આત્માની ઉન્નતિ થશે? આ બધા પ્રશ્નોનો ઉત્તર હા રૂપે આવે તોજ તે કાર્ય કરવું. જો આપણું હૃદય ના કબુલ કરતું હોય તો બાહ્ય કીર્તીની લાલચે નિન્દનીય કાર્ય કદાપિ ન આચરવું.

સાહસિકપણું (પુરૂષાર્થ) કદાપિ ન તજવું.

કાયર, બીકણુ, અને નિર્બળ પુરૂષો કાંઇ પણુ કાર્ય કરી શકતા નથી. જગત ભણી દષ્ટી કરતાં જણાય છે કે જે જે મોટાં કાર્યો આ વિશ્વમાં થયાં છે, તેના કરનારા પુરૂષો શૂરવીર અને સાહસિક હતા. સાહસનો ગુણુ આત્મ શક્તિમાં વિશ્વાસ રાખનાર પુરૂષોમાં આવે છે. અને જે મનુષ્યોને પોતાની શક્તિમાં વિશ્વાસ નથી, તેઓ પોતાનું કાર્ય પણુ કરી શકતા નથી, તો પછી બીજાનું કાર્ય કરવાની આશા તેવા પુરૂષો પાસેથી રાખવી, એ હવામાં કિલ્લા બાંધવા સમાન છે. આ ઉપરથી આ લેખકનું એમ કહેવું નથી કે પોતાની શક્તિનો વિચાર કર્યા શિવાય ગમે તેવા ભારી કાર્યમાં 'યા હોમ કરી' ઝંપલાવવું, પણુ એટલું તો નિશ્ચિત છે કે જ્યાં સુધી ધૈર્ય રાખી એકાદ પગલું પણુ આગળ ન ભરીએ ત્યાં સુધી આપણી સ્થિતિનું અને શક્તિનું ખરૂં ભાન આપણુને આવી શકે નહીં. આપણા પૂર્વે જે મહાન પુરૂષો થઇ ગયા તેમણે અસહ્ય સંકટો વેઠી પોતાની ઉન્નતિ સાધી છે, તે વાત આપણુને પ્રોત્સાહન આપે છે, અને આપણુને ધૈર્યથી આગળ વધવાને પ્રેરે છે. ઉપર જણાવ્યા પ્રમાણે વર્તવાથી મનુષ્ય જગતમાં પોતાનો હાથ ઉંચો રાખી શકે છે, એ નિઃસંદેહ છે.

वसणे वि न मुज्झिज्जइ मुज्झइमाणो न नाम मरणेपि ॥
विहवक्खएवि दिज्जइ वयमसिधारं खु धीराणं ॥ १३ ॥

દુઃખ આવે મુંજાવું નહિ; મરણુ આવે તોપણુ સન્માર્ગનો ત્યાગ ન કરવો; ધનનો ક્ષય થયો હોય તોપણુ યથોચિત દાન દેવું; ધીર પુરૂષોનું આ તરવારની ધારપર ચાલવા જેવું વિષમ વ્રત છે.

દુઃખ આવે મુંઝાવું નહિઃ—જગતમાં સુખ દુઃખ ચાલ્યાં કરે છે. કાલિદાસ કવિના મત પ્રમાણે કોઇને એકાન્ત સુખ અથવા દુઃખ મળેજ નહિ, કારણુ કે જગતનું માયાવી સુખ તે અંતે દુઃખમય છે. કહ્યું છે કેઃ—

જે સુખમાં ફિર દુઃખ વસે, સો સુખ નહિ દુઃખ રૂપ;
જે ઉત્તંગ ફિર ગીર પડે, સો ઉત્તંગ નહિ ભવ કૂપ.

મનુષ્યની સ્થિતિ બદલાયાં કરે છે, પણુ જેમ સૂર્ય ઉદયકાળે તેમજ અસ્તકાળે સરખો રાતો રહે છે, તેમ જે મનુષ્ય ચડતી તેમજ પડતીમાં એક સરખી ધીરજ જાળવી શકે છે, તેજ સજ્જનના પદને લાયક છે. મનુષ્યની દશા ફર્યા કરે છેજ, તે ઉપર એક નાની બોધદાયક વાર્તા અત્રે અપ્રાસંગિક નહિ ગણાય.

કાશી નગરમાં એક સમયે ત્યાંનો રાજા મરણ પામ્યો. તેના પુત્ર ભદ્રસિંહને સારૂ રાજ્યાભિષેકની સર્વ તૈયારીઓ કરવામાં આવી. રાજ્યાભિષેકની સર્વ ક્રિયા પૂર્ણ થયા પછી તે યુવરાજના ગળામાં એક રત્ન જડિત સોનાનું માદલીયું નાંખવામાં આવ્યું. તે માદલીયું વંશપરંપરાથી ચાલી આવેલું હતું. તે રાજાના ગળામાં શા ઉદ્દેશથી નાંખવામાં આવતું હતું, તે કોઇ જાણતું પણ નહોતું. તોપણ દરેક રાજા જ્યારે ગાદીએ બેસે ત્યારે તેના ગળામાં નાંખવામાં આવતું હતું, અને મરણ પર્યન્ત તેને પોતાની કોટમાંથી ન કાઢવું એવો ચાલી આવેલો નિયમ હતો. તે પ્રમાણે રાજાએ પણ તેને ગળામાં નાંખ્યું. આ વાતને ઘણા વર્ષ વીતી ગયા પછી માળવાનો પરાક્રમી રાજા વીરસિંહ ભારે સૈન્ય સાથે કાશીપર ચઢી આવ્યો, અને કાશીના રાજાને લઢાઈમાં હરાવ્યો. ભદ્રસિંહ પોતાના શૂર સામંતોને નાશ પામેલા જોઇ જીતવાનો એકે ઉપાય નહિ રહેવાથી પ્રાણ બચાવવાને થોડા પોતાના ચુસ્ત યોદ્ધાઓ સાથે નાશી ગયો. ત્યાં બેઠો બેઠો પોતાની થયેલી સ્થિતિનો વિચાર કરવા લાગ્યો. ત્યાં તેની નજર એકાએક માદળીયાપર પડી. આ શા હેતુથી તેના ગળામાં નાંખવામાં આવ્યું હશે, તે પર તર્ક દોડાવ્યા. પણ કાંઇ પણ કારણ સમજાયું નહિ. છેવટે તેણે તે રત્ન જડિત માદળીયું ભંગાવરાવ્યું, તો તેમાંથી એક જીર્ણ થઈ ગયેલો પત્ર મળ્યો, તે પત્ર ઉપર નીચેના શબ્દો હતા.

" આ પણ જતું રહેશે "—શું જતું રહેશે, તેનાપર પુષ્કળ વિચાર કર્યો. છેવટે આ પ્રમાણે તેનો અર્થ કર્યો. " આ મારી હાર પણ જતી રહેશે, અને હું વિજયી થઇશ " આ વિચારથી તેનામાં શૌર્ય આવ્યું. શૂરવીર મનુષ્ય શું નથી કરી શકતો ? પછી ધીમે ધીમે લશ્કર એકઠું કરવા માંડયું, અને હીંમત રાખી એકઠા કરેલા લશ્કર સહિત કાશીપર ચડાઇ કરી, અને ગાદી પચાવી પડનાર માળવાના રાજા વીરસિંહને હરાવી ત્યાંથી કાઢી મુકયો. આ સમયે તેને અત્યંત હર્ષ થયો; તેના હર્ષની અવધી નહોતી. પણ તત્ક્ષણ તેની નજર તે માદળીયાપર પડી. તરત તે શાંત થઈ ગયો. " આ પણ જતું રહેશે " એ શબ્દોએ તેના મનપર અસર કરી. આ વિજય પણ જતો રહેશે. માટે સંપત્તિ સમયે ફુલાઈ જઈ આત્મ સંયમ ખોવો નહિ, આ ઉપરથી સાર એ નીકળે છે દરેક સ્થિતિ બદલાય છે. સુખ પછી દુઃખ, અને દુઃખ પછી સુખ. માટે સુખ આવે બહુ રાચવું નહિ, તેમ દુઃખ આવે ગ્લાન થઇ પુરૂષાર્થ છોડવો નહિ 'આ પણ જતું રહેશે ' એ શબ્દો હૃદયમાં કોતરી મનનું સમાધાન જાળવવું.

મરણ આવે તોપણ સન્માર્ગનો ત્યાગ ન કરવો.—જે સજ્જનો છે, તે ગમે તેટલું દુઃખ આવી પડે તોપણ ન્યાય માર્ગથી વિરૂદ્ધ વર્તતા નથી. સંસ્કૃત કવિ કહે છે કે નીતિનિપુણ મનુષ્યો નિન્દા કરે યા સ્તુતિ કરે, લક્ષ્મી આવે યા જાય, મરણ આજ કે એક યુગ પછી થાય તોપણ સજ્જનો સન્માર્ગ મુકતા નથી. કારણકે જન્મનારને વાસ્તે મરણ તો નિશ્ચત છે. એક વાર મરણને શરણ થવું, એ સર્વ જન્મ ધરનારને વાસ્તે નિર્મિત છે; અને મનુષ્યની આત્માની સાથે પાપ પુણ્ય શિવાય અન્ય કોઇ પદાર્થ જનાર નથી. તો પછી પુણ્ય રૂપી ભાથું ઉપાર્જન કરવાને શા સારૂ ન્યાય માર્ગે ન વર્તવું. કારણ કે અપકાર્યથી જે આત્માને કલંક લાગે છે, તે ઘણા ભવ સુધી સાથે રહે છે, અને ઉન્નતિમાં વિઘ્નરૂપ થાય છે. તે હેતુથી સન્માર્ગે વર્તી સર્વ પ્રકારના દુષ્ટાચરણથી વિમુખ રહેવું, એ સર્વ કોઈ આત્માર્થી જીવોની ઉત્તમ ફરજ છે.

વૈભવનો ક્ષય થયો હોય તોપણ યથોચિત દાન કરવું. વૈભવ ધન-સંપત્તિ એક સરખી ચાલી આવતી નથી. માટે કદાપિ પુર્વભવના અશુભ કર્મના કારણથી આપણી ધન સંબંધિ સ્થિતિ સારી ન હોય તોપણ તેવી સ્થિતિમાં પણ યથોચિત-યથાયોગ્ય દાન કરવા ન ચુકવું. ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાય ને આટો ? એ કહેવતના દોષને પાત્ર આપણે ન થઇએ તે સારૂ સાવધ રહેવું. પણ આપણા કરતાં વધારે હલકી સ્થિતિનો કોઇ મનુષ્ય આપણી પાસે પ્રાર્થના કરતો આવ્યો હોય તો તેને નિરાશ કરી પાછો કાઢી નહિ મુકતાં આપણી સ્થિતિ અને તેની જરૂર એ બન્નેનો વિચાર કરી દાન આપવું.

આ પ્રમાણે જેઓ તરવારની ધારપર ચાલવા જેવું વિષમવ્રત પાળે છે, તેઓ ખરેખર સજ્જનના પરમપદને યોગ્ય છે, અને તેઓ પોતાના ઉચ્ચ ગુણથી સર્વત્ર પૂજાય છે.

अइनेहो न वहिज्जइ रुसिज्जइ न य पिये वि पयदिहं ॥
वद्धारिज्जइ न कली जलंजली दिज्जइ दुहाणं ॥ १४ ॥

અર્થઃ—અતિ રાગ ન ધરવો, પ્રિય મનુષ્યપર પણ નિરંતર રોષ ન કરવો, કલેશ-કજીઓ ન વધારવોઃ-આ રીતે દુઃખોને જલાંજલિ દેવી.

ભાવાર્થઃ—આ જગતમાં ઉત્પન્ન થતા સર્વ પ્રકારના દુઃખનું કારણ રાગ શિવાય અન્ય કાંઇ વિચારવંત પુરૂષની દૃષ્ટિએ જણાતું નથી. મનુષ્યને કર્મનો બંધ કરાવનાર રાગજ છે, એમ જે શાસ્રો પ્રતિપાદન કરે છે તે સર્વથા સત્ય છે. જેને આપણે મારૂં માનીએ છીએ તેના વિનાશથી અથવા તેના

અભાવથી આપણને દુઃખ થાય છે. કોઇ મનુષ્યનું ઘર બળતું દેખી આપણા મનમાં જરા પણ દુઃખ કે ચિન્તા ઉત્પન્ન થતાં નથી. પણ જે ઘરમાં મારાપણાનો આરોપ કરેલો છે, તેની એક ઇંટ ખરતાં પણ જાણે આત્માનું કાંઈ ઓછું થઈ જતું હોય તેમ મનુષ્યોનું ચિત્ત ચિન્તાગ્રસ્ત થાય છે. બાહ્ય વસ્તુઓપર જે આટલો રાગ રાખે તે મનુષ્યને સ્વજન અથવા પોતાના દેહ ઉપર કેટલી મમતા હોવાનો સંભવ છે તે લખવા કરતાં વાંચનારની વિચાર કલ્પનાને સોંપવું એ આ પ્રસંગે વધારે ઉચિત છે. જે વસ્તુ ઉપર આપણને અતિ રાગ હોય તે નાશ પામવાથી વિશેષ દુઃખ થાય છે એ તો જગતના અનુભવની બ્હારની વાત નથી. જે પુત્ર ઉપર હદ કરતાં જાદે રાગ–આસક્તિ જે મનુષ્ય રાખતો હોય તે મનુષ્યને તે પુત્રનું માથું દુખવા આવતાં પણ બહુજ દુઃખ થાય છે, અને દૈવવશાત્ તે પુત્ર મૃત્યુને શરણ થયો તો તેના દુઃખની અવધી વળી. માટે જગતના સર્વ પદાર્થોની, તેમજ જીવોના શરીર રૂપ ઉપાધિની અનિત્યતા અનુભવી તે પર અત્યંત રાગ ધરવો નહિ એજ આ ઉપદેશનું રહસ્ય છે. (રાગ અને પ્રેમનું સ્વરૂપ શું છે તે બીજે પ્રસંગે વિચારીશું.)

દરેક બાબતની હદ હોય છે. સુખની મર્યાદા હોય છે, તેમ દુઃખની પણ હોય છે. શત્રુ ઉપર રોષ કરવાથી તે આપણા ઉપર વધારે ક્રોધ કરે એ સ્વાભાવિક છે. કારણ કે શત્રુ ઉપર દ્વેષ ધરવો તે બળતામાં ઘી હોમવા બરોબર છે. તેથી બળતું શાન્ત થવાને બદલે વૃદ્ધિ પામે છે, તેથી શત્રુ ઉપર રોષ ન ધરવો. પણ આ ઉપદેશ રત્નકોશ તો એટલે સુધી જણાવે છે કે પ્રિયજન ઉપર પણ નિરંતર રોષ ન કરવો. આપણા બન્ને વચ્ચે પ્રીતિ હોય તો તેથી તમે કદાચ એક વાર મારૂં રોષ ભરેલું વાક્ય સહન કરો; કદાચ બીજી વાર તેની ઉપેક્ષા કરો; કદાચ ત્રીજી વાર મનમાં પ્રત્યુત્તર આપવાની તીવ્ર ઇચ્છા છતાં તે દાબી રાખો; પણ જ્યારે વારંવાર મારી તરફથી રોષ દર્શાવવામાં આવે, ત્યારે તમારી પ્રીતિ તથા સહનશીળતાની પણ હદ આવે, અને કદાચ બન્નેની પ્રીતિ તુટે તેમાં વિસ્મય પામવા જેવું કાંઇ નથી. માટે મિત્રો અને સ્વજનો વચ્ચે આવા અનિષ્ટ પ્રસંગ આવવાનો સંભવ સરખો પણ ન રહે તે હેતુથી પ્રિયજન પર પણ રોષ ન કરવો. જ્યારે મનુષ્ય રોષના આવેશમાં આવે છે ત્યારે કૃત્યાકૃત્યનું તેને લેશમાત્ર પણ ભાન રહેતું નથી. તે સમયે તે ન બોલવાનું બોલે છે, ન કરવાનું કરે છે, અને ન વિચારવાના આર્ત તથા રૌદ્ર ધ્યાનના વિચારમાં મનને પરોવે છે. માટે રીસનો ત્યાગ એજ આ ટુંક ઉપદેશનો સાર છે.

ક્લેશને વધારવો નહિ:—ઘણી બાબતો એવી હોય છે કે જે વધારી વધે છે અને ઘટાડી ઘટે છે. ક્લેશ પણ તેમાંની એક છે. ઘણા ક્લેશોનું કારણ અહંતા કે મમતા હોય છે. મારૂં વચન ત કેમ ન માન્ય કરે; મારા કથન પ્રમાણે તે કેમ ન વર્તે, આવા આવા વિચારોથી દોરવાઇ એક મનુષ્ય બીજા મનુષ્યને ગાળો દે છે, અથવા ન બોલવાના અપશબ્દો કહે છે; આથી સામો મનુષ્ય પણ ચીડાય છે, અને પરિણામે ક્લેશ વૃદ્ધિ પામે છે. પ્રથમ તો ક્લેશ કરવો નહિ, પણ કારણવશાત્ ક્લેશ થઇ ગયો તો તે સમાવી દેવા સત્વર પગલાં ભરવાં. એમાંથી જે જ્ઞાનમાં અથવા ગુણમાં વડિલ હોય તેની ફરજ છે કે સામા મનુષ્યને તેણે ક્ષમા આપવી, અને જો પોતાનો વાંક જણાતો હોય તો ક્ષમા માગવી. ગમે તે રીતે ક્લેશનો અંત આવે તેમ પ્રવૃત્તિ રાખવી; ક્લેશ ઓછો થવાથી બન્નેને લાભ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે વર્તવાથી મનુષ્ય દુઃખને હમેશને વાસ્તે જળાંજલિ આપે છે; અર્થાત્ દુઃખ તેનાપર અસર કરી શકતું નથી; અથવા તેના હૃદયમાં દુઃખને વાસ્તે સ્થાન રહેતું નથી. આ સામાન્ય ઉપદેશમાં પણ ઘણો બોધ રહેલો છે, માટે તેને નિરર્થક નહિ ગણતાં તે પર વિચાર કરી તેને અમલમાં મૂકવા યથાશક્તિ પ્રવૃત્તિ કરવી.

न कुसंगेण वसिज्जइ, बालस्स विघिप्पए हिअं वयणं ।।
अनयाओ निवटिज्जइ न होइ वयणिज्जया एवं ।। १९ ।।

અર્થ—કુસંગી સાથે ન વસવું, બાળક પાસેથી પણ હિતવચન ગ્રહણ કરવું, અન્યાયથી પાછા હઠવું, એમ કરવાથી નિન્દા ન થાય.

ભાવાર્થ—સંગનો રંગ લાગ્યા વગર રહેતો નથી. સત્સંગની અસર થતાં જેટલીવાર લાગે છે, તેના કરતાં પણ ઘણા થોડા સમયમાં કુસંગનો પાસ બેસી જાય છે. મનુષ્યનું મન બાળપણમાં, તેમજ જ્યાં સુધી સ્થિર થયુ નથી ત્યાં સુધી જુવાનીમાં પણ જે મનુષ્યના સંબંધમાં આવે છે, જે પુસ્તકો વાંચે છે, તથા જે જે પ્રસંગમાં આવે છે, તે સર્વથી એક અથવા બીજી રીતે રંગિત થાય છે, એ નિર્વિવાદિત સત્ય છે, અને હાલના માનસિક શાસ્ત્રવેત્તાઓ બેધડક રીતે તે પૂરવાર કરી આપે છે. એકવાર પણ વાંચેલા પુસ્તકથી જન્મભર અસર રહે છે; એકવાર પણ સંબંધમાં આવેલો મનુષ્ય સારા અથવા નરસાને માટે આપણાં બંધાતાં ચારિત્રપર કાંઇને કાંઇ અસર કરતો જાય છે; તો પછી કુસંગીના સહવાસમાં રહેવાથી તે કેટલી બધી માઠી અસર કરી શકે તે મારાથી કલ્પી શકાતું નથી. નિર્દોષ જીવન ગાળ-

નારા સેંકડો મનુષ્યો, કુસંગીના સંબંધમાં આવી, તેમના કુવ્યસનોના ભોગી બની, આપત્તિમાં આવી પડતા શું આપણી નજર આગળ નથી જણાતા ? શું આપણને આ બાબત પ્રાચીન ઇતિહાસ સમર્થ પુરાવો નથી આપતો ! જો એમજ છે તો પછી બ્હારથી મીઠું બોલી પોતાના કૃત્યોના પાશમાં નિરપરાધી મૃગલાઓને ફસાવવા મથતા કુસંગી—અધમ મનુષ્યોથી નિરંતર દૂર વસવું એ શું આપની ઉત્તમ ફરજ નથી ? જો હોય તો તે અદા કરવા આ લેખ પ્રબોધે છે.

બાળક પાસેથી પણ હિત વચન ગ્રહણ કરવું; આ સામાન્ય પણ અત્યંત હિતકારી વચન એટલું આવશ્યક છે કે દરેક ભાષામાં તેના તેજ શબ્દોમાં નહીં તો તેવા અર્થવાળા શબ્દોમાં તે વર્ણવેલું જણાઇ આવે છે. સંસ્કૃતમાં કહ્યું છે કે **મેધ્યાદપિ कांचनं ग्राह्यं** નરકમાંથી પણ સુવર્ણ ગ્રહવું. તેજ શ્લોકમાં જણાવેલું છે કે બાળક પાસેથી પણ પથ્ય અને હિતકારી વચન લેતાં જરા પણ આંચકો ખાવો નહીં. જે સત્ય છે, તે નિરંતર સત્યજ છે. પછી તેનો બોલનાર વૃદ્ધ હોય કે જુવાન, પુરૂષ હોય કે સ્ત્રી, ઉચ્ચ જાતિનો હોય કે નીચ જાતિનો–તેનો વિચાર કરવાની આવશ્યકતા નથી. આ વચન માન્ય રાખીનેજ શ્રેણિક રાજા ચંડાલ પાસેથી અવનામની અને ઉન્નામની એ વિદ્યાઓ શિખ્યો હતો અને દત્તાત્રયે બત્રીસ ગુરૂ કર્યા હતા. કઈ પ્રણાલિકા દ્વારા આપણને સત્ય પ્રાપ્ત થાય છે તે પ્રણાલિકાનો વિચાર નહિ કરતાં સત્ય તરફ દૃષ્ટિ રાખવી એજ ઉપદેશ આ વાક્યમાં રહેલો છે. જો આપણને શુદ્ધ અને નિર્મળ જળ પ્રાપ્ત થતું હોય તો પછી કઈ ખડકોમાં વહી આપણી સમીપ આવ્યું છે તે ખડકોપર લક્ષ આપવાનું નથી. જે ખરેખરા સત્યના ઉપાસકો છે તે તો નિરંતર શિષ્યવૃત્તિ રાખી, જ્યાંથી સત્ય જણાય ત્યાંથી સ્વીકારે છે. વસ્તુ એક છતાં ભિન્ન ભિન્ન ચશ્માદ્વારા જોતાં જૂદી જૂદી જણાય છે. તેજ પ્રમાણે એક અખંડિત પરમસત્ય ભિન્ન ભિન્ન દૃષ્ટિએ તપાસતાં વિચિત્ર ભાસે છે. માટે તે તે દૃષ્ટિ-અપેક્ષા ધ્યાનમાં રાખી ગ્રહણ કરવું.

અન્યાયથી પાછા હઠવું. કયો વિવેકી પુરૂષ અન્યાયમાં પ્રવર્તવાનો ઉપદેશ આપે ? કોઇ નહિ. પણ જગતની સ્થિતિ તપાસતાં સખેદ કહેવું પડે છે કે નીતિ પંથે વિચરનારા કરતાં અન્ય માર્ગે પ્રવર્તન કરનારા પ્રમાણમાં વધારે છે.

અન્યાય માર્ગે પ્રવર્તવાથી સામા મનુષ્યને જે હાનિ–નુકશાન થાય છે તે કરતાં પ્રવર્તનારને વધારે મહત્વનો કલાભ થાય છે તે પર સુજ્ઞોએ લક્ષ

આપવાની જરૂર છે. અન્યાયથી આપણે બીજાને છેતરીએ; તેથી તેને જે નુકશાન થાય તે સ્થૂળ જગતના માયિક ધનનું છે; પણ તે કાર્યથી આપણામાંથી ન્યાયનું તત્ત્વ સત્ય અને અસત્ય વચ્ચે ભેદભાવ કરવાની શક્તિ ધીમે ધીમે બુટ્ટી થતી જાય છે. ઉચ્ચ ભૂમિકાઓપર જે મનુષ્યો કાર્ય કરે છે તેમને અનેક પ્રકારની માયાવી શક્તિઓ છેતરવા પ્રયત્ન કરે છે. ત્યાં તેમનો ખરો રક્ષક તેમની સત્યવૃત્તિ છે. તે સત્યવૃત્તિ તો અન્યાય માર્ગે પ્રવર્તનારમાંથી ધીમે ધીમે અદૃશ્ય થતી જાય છે; માટે તેને જે ગેરલાભ તે ઘણો મોટો છે. વળી આત્માનો સ્વભાવ શુદ્ધ ચારિત્ર છે. તે શુદ્ધ ચારિત્ર અન્યાયયુક્ત વર્તનથી મલીન થાય છે; અને આત્મા શુદ્ધ રીતે પ્રકાશી શકતો નથી. તેનાપર અન્યાયનું પડલ આવી જાય છે. માટે તે પડલ દૂર કરવાને અને આત્માનું શુદ્ધ સ્વરૂપ ખીલવવાને–જે દરેક આત્માનો પરમ ઉદ્દેશ હોવો જોઇએ–અન્યાયયુક્ત વર્તનથી વિમુખ રહી નાની તેમજ મોટી દરેક બાબતમાં શુદ્ધ નિષ્ઠાથી અને સત્ય વિચારથી વિચરવું એજ આ શ્લોકના વાક્યનો સાર છે.

આ ત્રણ નિયમો જે પાળે છે તેની કોઇ નિન્દા કરતું નથી; ઉલટો તે સર્વની પ્રશંસાને પાત્ર થાય છે; અને તેના આચરણ બીજાને અનુકરણ કરવા લાયક થાય છે. માટે સુજ્ઞોએ આ ઉપર મનન કરવું અને યથાશક્તિ યથામતિ તે પ્રમાણે વર્તવું એજ લખનારનો શુભ હેતુ છે.*

---

* આ ઉપદેશરત્ન કોશના ૨૫ શ્લોક છે. તેમાંથી આ લેખમાળામાં ૧૫ શ્લોકનું વિવેચન આપેલું છે. બાકીના શ્લોકનું વિવેચન યથાવકાશે આપવામાં આવશે.

રત્નત્રય.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

Right knowledge leads to right belief, and right belief is the cause of right conduct.

Anonymous.

સદ્જ્ઞાન સત્શ્રદ્ધાને જન્મ આપે છે, અને સત્શ્રદ્ધા સત્ચારિત્રનું કારણ છે.

આજના મથાળે લખેલ ત્રણ શબ્દોને ઘણો નિકટ સંબંધ છે; પ્રથમ મનુષ્યને કોઈ પણ બાબતનું જ્ઞાન થાય છે; જ્યારે જ્ઞાન યથાર્થ થાય છે, ત્યારે તે પર શ્રદ્ધા ચોટે છે, અને જ્યારે પરિપૂર્ણ શ્રદ્ધા જામે છે, ત્યારે તદનુસાર વર્તન સંભવે છે. આ રીતે વિચારતાં આપણે સમજી શકીએ છીએ કે યોગ્ય ચારિત્ર વર્તનનો પાયો સદ્શ્રદ્ધા છે, અને સદ્શ્રદ્ધાનો મૂળ આધાર સદ્જ્ઞાનપર રહેલો છે.

આપણે ચારે બાજુએ જ્યારે દૃષ્ટિ ફેરવીએ છીએ, ત્યારે આપણે સખેદ નિહાળીએ છીએ કે લોકોનાં વર્તન જોઇએ તેવા પ્રકારનાં નથી; તેઓ જાણી જોઇને ખોટે માર્ગે દોરાતા હોય એમ લાગે છે. આનું કારણ શું ? શું તેમને ધર્મના સિદ્ધાંતોમાં શ્રદ્ધા નથી ? શું તેઓને શાસ્ત્રવચનો અપ્રમાણભૂત લાગે છે ? ના, ના, તેમ તો નથી. તેઓને શ્રદ્ધા તો હોય છે, પણ શ્રદ્ધાના પરમ કારણભૂત સદ્જ્ઞાન તેમનામાં જણાતું નથી. અમુક કુળ અથવા જ્ઞાતિમાં આપણે જન્મ્યા છીએ, માટે અમુક ધર્મ આપણે માનવો જોઇએ એમ ઘણે ભાગે જોવામાં આવે છે, અને તેનું પરિણામ એ આવે છે કે કસોટીના પ્રસંગે, અણીના વખતે આ શ્રદ્ધા ડુબી જાય છે, અને ધર્મના સિદ્ધાન્તમાં બિલકુલ શ્રદ્ધા ન હોય તેવા પ્રકારનું વર્તન મનુષ્ય ચલવે છે, પણ જો શ્રદ્ધાનું કારણ સદ્જ્ઞાન હોય તો તે શ્રદ્ધા જરા પણ ડગતી, નથી, અને તે જ્ઞાન પ્રમાણે તે વર્તી શકે છે. માટે આપણે જે જે માનીએ જે જે સ્વીકારીએ, તે સર્વનું પ્રથમ જ્ઞાન મેળવવા આપણે પ્રયત્ન કરવો જોઇએ.

આટલું ઉપોદ્ઘાતરૂપે જણાવી હવે કર્મ અને પુનર્જન્મના નિયમમાં જેને અચળ શ્રદ્ધા હોય તેનું કેવા પ્રકારનું ચારિત્ર–વર્તન હોવું જોઇએ તે

આપણે વિચારીશું. કર્મ અને પુનર્જન્મના નિયમો ધર્મના મૂળ સિદ્ધાંતો છે. સકળ તત્ત્વજ્ઞાનનો પાયો આ બે સિદ્ધાંતોપર રચાયલો છે.

જ્યાં સુધી મનુષ્ય મુક્ત ન થાય, નિર્વાણદશા ન પામે, ત્યાં સુધી તે ફરી ફરી જન્મે છે, અને આ જન્મમાં તેની કેવી સ્થિતિ થશે, તેને કેવા સંજોગો મળશે, તેનું ચારિત્ર કેવા પ્રકારનું થશે, તેને શરીર વગેરે સામગ્રી કેવા પ્રકારની પ્રાપ્ત થશે, આ સર્વનો આધાર પુનર્જન્મ અને કર્મના નિયમો છે. આત્મા અમર છે, તે શરીર બદલે છે, પણ તે મરતો નથી, અને બીજા જન્મની તેની સ્થિતિનો આધાર પૂર્વભવમાં કરેલાં કાર્યો, વિચારો અને વાસનાપર રહેલો છે. આમાં સર્વ સિદ્ધાંતો સમાઇ જાય છે. આ સ્થળે પુનર્જન્મ અને કર્મના નિયમોની સત્યતા પુરવાર કરવામાં આવતી નથી, પણ તે સિદ્ધાંતનું ટુંક સ્વરૂપજ દર્શાવવામાં આવ્યું છે. જે લોકો આ સિદ્ધાંતોને સત્ય તરીકે કબુલ કરતા હોય, તેમના જીવનપર આ સિદ્ધાંતોની કેવી અસર થવી જોઇએ, એ આ લેખમાં ચર્ચવાની આ લેખકની ઇચ્છા છે.

જે મનુષ્યોને આ સિદ્ધાંતોપર સંપૂર્ણ શ્રદ્ધા છે, તે મનુષ્યનું જીવનજ બદલાઇ જાય છે. તેને મન આ જીંદગી એજ સર્વસ્વ નથી. આ જીંદગીને અનેક જીંદગીઓની પરંપરામાંની એક તરીકે તેજ સ્વીકારે છે, અને તેથી જગન્માત્ર તરફ તે જુદી દૃષ્ટિથી નિહાળતાં શિખે છે. તે વસ્તુઓની ખરી કિમત આંકી શકે છે, અને તેથી કરીને સાંસારિક વસ્તુઓથી લોભાઇને તે આત્મહિત બગાડતો નથી. આત્મા અમર છે અને તે ત્રણે કાળમાં નાશ પામતો નથી અને સંસારની બધી જડ વસ્તુઓ કાંતો નાશ પામે છે, જુદા આકાર ધારણ કરે છે, અથવા તેમને છોડીને ચાલ્યા જવું પડે છે, એમ તે બરાબર સમજે છે, અને તેથી નિત્ય અને અનિત્ય વસ્તુનો ભેદ તેના જાણવામાં આવે છે. આ રીતે સમજનાર પુરૂષ અનિત્ય વસ્તુના લાભ માટે આત્માના નિત્યગુણોને મલિન કરતો નથી. તે જગતમાં પણ ન્યાય નીતિથી વર્તે છે. કહ્યું છે કેઃ—

राज्यदण्डभयात्पापं नाचरत्यधमो जनः ॥

परलोकभयाद्मध्यमः स्वभावादेवोत्तमः ॥

અધમ પુરૂષ રાજદંડના ભયથી, મધ્ય પુરૂષ પરલોકના ભયથી, અને ઉત્તમ પુરૂષ સ્વભાવથીજ પાપ આચરતો નથી.

જે મનુષ્ય પુનર્જન્મને માને છે, તે કદાપિ કોઇને છેતરતો નથી, તે સારી પેઠે સમજે છે કે આવતા ભવમાં તે છેતરવાનું ફળ તેને ભોગવવું પડશે; આ રીતે પરલોકનો ભય તેને નીતિને માર્ગે વાળે છે. બીજાને છેત-

રવાથી બીજો પણ એક મોટો ગેરલાભ થાય છે, તે દાખલો આપી આપણે સિદ્ધ કરીશું.

એક મજુર પાસે આપણે કાંઇ કામ કરાવરાવ્યું; તેના બદલા તરીકે ચાર આના આપવાના નક્કી કર્યા, તેણે તે કામ બરાબર કર્યું, છતાં પૈસા આપતી વખતે આપણે **લોભથી** કે **અન્યાયથી** ચાર આનાને બદલે તેને સાડાત્રણ આના આપીએ, તો તેમાં ગેરલાભ કોને? તે મજુરને તો માત્ર અર્ધા આનાનું નુકશાન થયું, પણ આપણને તેથી જે ગેરલાભ થાય છે, તેનો કદાપિ તમે વિચાર કર્યો છે? ના કર્યો હોય તો અત્યારેજ કરો. આ રીતે અધર્મથી વર્તવાથી આપણામાંથી ધીમે ધીમે ન્યાયનું તત્ત્વ (principle of justice) નાશ પામતું જાય છે, અને અન્યાયથી વર્તવાની આપણને ખરાબ ટેવ પડે છે. આથી મન મલિન થાય છે, અને આત્માના ગુણો જે આપણી શાશ્વત રિદ્ધિ છે તે પ્રકટ થઇ શકતા નથી. શું આત્મરિદ્ધિનો નાશ એ ઓછી હાનિ છે? જે મનુષ્ય આ રીતે બરાબર સદ્દજ્ઞાન મેળવે છે, તે કદાપિ આવું કાર્ય કરે નહિ. શ્રાવકપણાને મનુષ્ય યોગ્ય થાય, તે સારૂ જે પાંત્રીસ માર્ગાનુસારીપણાના ગુણો વર્ણવામાં આવ્યા છે, તેમાં પણ **ન્યાય સંપન્ન વિભવને** પ્રથમપદ આપવામાં આવ્યું છે. આ જગતના કાર્યો કરવાને ધનની જરૂર છે, અને તે મેળવવા પ્રયત્ન કરવો, પણ ન્યાય નીતિથી તે પ્રયત્ન થવો જોઇએ.

કેટલીકવાર આ જગતમાં ધર્મી પુરૂષોને જગતમાં દુઃખ પામતા જોઇ, તેમજ અધર્મી પુરૂષોને જગતમાં ફાવી જતા જોઈ સારા પુરૂષોની પણ શ્રદ્ધા ડગી જાય છે. જો ધર્મીને માથે દુઃખ પડે, અને અધર્મી સુખી થાય તો પછી ધર્મ કરવાથી લાભ શો? આપણે પણ શા સારૂ આડે માર્ગે ન ચાલવું જોઇએ? આપણે પણ અન્યાયથી ધન કેમ પેદા ન કરવું જોઇએ? આવા આવા અશુભ વિચારો ઘણીવાર સારા પુરૂષોના દિલને પણ ડોલાવી નાખે છે, અને ઘણીવાર તેઓ પણ પામર મનુષ્યની માફક વર્તે છે; અને અન્યાયથી ચાલે છે. આ વખતે શ્રદ્ધાની ખરી કસોટી થાય છે. જે મનુષ્ય કર્મ અને પુનર્જન્મનો નિયમ યથાર્થ સમજે છે તે આવા સમયે વિચારે છે કે "ધર્મી મનુષ્યને માથે જે દુઃખ પડે છે, તે આ ભવમાં કરેલાં સત્કાર્યનું ફળ નથી પણ તે તો પૂર્વભવનાં દુષ્કૃત્યનું પરિણામ છે. આ ભવમાં કરેલાં સારાં કાર્યનું ફળ તો આવતા ભવમાં તેને **અવશ્ય** મળશે."

વળી અધર્મી પુરૂષ કદાચ જગતમાં ફાવી જતો હોય તો તેણે આ ભવમાં કરેલાં અશુભકાર્યનું તે ફળ નથી, પણ પૂર્વભવનાં કોઇ સારાં કૃત્યનું

પરિણામ છે, અને આ ભવમાં કરેલાં અશુભ ત્યોને સારૂ જરૂર તેને આ જીંદગીના ઉત્તર ભાગમાં અથવા તો પરભવમાં દુઃખ ભોગવવું પડશે.” આ વિચારપર પૂર્ણ શ્રદ્ધા રાખી આ સિદ્ધાંતોને માનનાર એક પણ પગલું અન્યાય માર્ગે મૂકતો નથી. પણ શાંત પળમાં જ્ઞાન સહિત બાંધેલા શુદ્ધ નિશ્ચય પ્રમાણે તે વર્તે છે. આ પ્રમાણે કસોટીના પ્રસંગે પણ જે અચળ શ્રદ્ધા રાખે છે તેજ ખરો જ્ઞાની કહી શકાય; કહ્યું છે કે—

જાણ્યું તો તેનું ખરૂં, મોહે નવિ લેપાય;
સુખદુઃખ આવે જીવને, હર્ષ શોક નવિ થાય.

બીજા મનુષ્યો સાથેના તેના વર્તનમાં પણ ઘણો ફેરફાર આપણી દૃષ્ટિએ પડે છે. પોતાના સુખદુઃખમાં બીજા પુરૂષોને તો તે નિમિત્તમાત્ર ગણે છે, પણ સુખદુઃખનું ખરૂં ઉપાદાન કારણ તો હું પોતેજ છું એમ વિચારે છે; તેથી બીજા મનુષ્ય ઉપર જરા પણ દ્વેષ તે ધરતો નથી. આપણને આ નિયમોમાં જોઇએ તેવી શ્રદ્ધા નથી, અને તેથી આપણું વર્તન કુતરાના જેવું દેખાય છે. કુતરો લાકડી મારનારને કરડવા નહિ જતાં લાકડીને કરડવા જાય છે, તેમ આપણે પણ આપણાં કર્મનો વાંક ન કાઢતાં તે કર્મને ભોગવવામાં સાધનભૂત થનાર બીજા પુરૂષોને માથે દોષ મૂકીએ છીએ; ખરી રીતે આપણું કોઇ બગાડનાર કે સુધારનાર છેજ નહિ. કર્મ બીજાઓને સાધન તરીકે વાપરે છે. માટે કોઈ આપણું બગાડે અથવા આપણને નુકશાન કરે ત્યારે આપણે વિચાર કરવો જોઇએ કે આપણું ખરૂં નુકશાન કરનાર તો આપણો આત્મા છે. આપણે પૂર્વ ભવમાં બાંધેલાં શુભ કે અશુભ કૃત્ય આપણે ભોગવવાનાં છે. બીજો મનુષ્ય જેણે આપણને હેરાન કર્યા, તે તો કેવળ નિમિત્ત કારણ છે; માટે તે નિમિત્ત કારણરૂપ અન્ય પુરૂષ સાથે ક્રોધ કરવો તે લાકડી મારનારને મૂકી લાકડી કરડવા જનાર કુતરાના જેવું વર્તન છે.

બીજાના દોષ તરફ પણ આ સિદ્ધાંતોને માનનાર તદ્દન જુદીજ દૃષ્ટિથી જુએ છે. મનુષ્યો દોષ કરે છે, તેનું ખરૂં કારણ અજ્ઞાન છે. જ્યારે હું પોતે પણ અજ્ઞાન દશામાં હતો, અને એમના જેવી મારી સ્થિતિ હતી, ત્યારે હું પણ તેમના જેવાંજ હલકાં કૃત્યો કરતો હતો; તેઓ પ્રણ જ્ઞાન પામશે, દુઃખ સહન કરી કડવો અનુભવ મેળવશે, ત્યારે સન્માર્ગે વળશે. માટે તેઓના દોષ નિન્દાને પાત્ર નથી, પણ દયાને પાત્ર છે; આવો વિચાર લાવી તે સિદ્ધાંતને માનનારો તેમનાપર કરૂણા લાવે છે, તેમને જ્ઞાન આપી સન્માર્ગે વા-

જવા પ્રયત્ન કરે છે. **નિન્દાથી કોઈ સુધર્યું નથી અને સુધારવાનું નથી.** સુધારવાનો ઉત્તમ ઉપાય સુધારનારના હૃદયનો પ્રેમ અને દોષ ટાળવાને જોઈતું ઉત્તમજ્ઞાન છે; એમ વિચારી તેવો પુરૂષ તેમનાપર પ્રેમ રાખી, તેમને સુધારવાને ઉત્તમ જ્ઞાન આપે છે, પણ તેમની રતિમાત્ર પણ નિન્દા કરતો નથી.

તે બરાબર સમજે છે કે આત્મા ત્રણે કાળમાં શાશ્વત છે, તે કદાપિ મરતો નથી. જેમ મનુષ્ય જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરી નવાં શરીર ધારણ કરે છે, તેમ આત્મા જીર્ણ દેહનો ત્યાગ કરી નવાં દેહ ધારણ કરે છે. શરીર બદલાય; પણ આત્મા તો તેનો તે રહે છે. જેને આપણે મરણ કરીએ છીએ તેથી આત્માનો નાશ થતો નથી. આત્મા તો ત્રણે કાળમાં અખંડિત રહે છે. જ્યારે આ વિચાર યથાર્થરીતે તેના મનમાં ઠસે છે, ત્યારે તે સમજે છે કે આ જીંદગી એજ સર્વસ્વ નથી; આ શરીર તથા ઇન્દ્રિયોને તે આત્મજ્ઞાન મેળવવાના સાધનભૂત ગણે છે, અને તેથી તેમનું લાલનપાલન કરવામાંજ તેની જીંદગીનું સાર્થક રહેલું નથી; એમ તે સમજે છે.

પુનર્જન્મનો સિદ્ધાંત માણસને **આશા** આપે છે કે **આપણું ભવિષ્ય આપણા હાથમાં છે.** હાલ આપણી પૂર્વકૃત કર્મોને લીધે ગમે તેવી સ્થિતિ થયેલી હોય, તોપણ આપણું ભવિષ્ય આપણે આપણી ઇચ્છાનુસાર બાંધી શકીશું; હાલની સ્થિતિનો આધાર આપણાં પૂર્વકૃત કર્મોપર રહેલો છે, તો આપણી ભવિષ્યની સ્થિતિનો આધાર આપણાં હાલનાં કૃત્યો પર છે. વળી આ સિદ્ધાંત આપણને જણાવે છે કે આપણી હાલમાં ગમે તેવી ખરાબ સ્થિતિ હોય તોપણ જરા પણ ગભરાવું નહિ. આપણી હાલની સ્થિતિના બાંધનાર આપણેજ છીએ, અને તેથી તે સુધારવી તે પણ આપણુંજ કામ છે. વળી આ જીંદગી એ એકજ જીંદગી નથી. આપણે પ્રથમ સાધ્ય શું છે? પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ શી છે? તેનો યથાર્થ ખ્યાલ લાવવો જોઇએ, અને તે સાધ્યવસ્તુ મેળવવાને યોગ્ય સાધનોનો આશ્રય લેવો જોઇએ. જો સાધ્યવસ્તુ લક્ષમાં રાખી યોગ્ય સાધનો આપણે સેવીશું તો જરૂર આપણે સાધ્યની સમીપમાં આવતા જઈશું. આ ભવમાં કદાચ આપણે પૂર્ણતાએ ન પહોંચીએ તો તેથી ડરવું નહિ. આત્માના જે જે સદ્‌ગુણો તથા શક્તિઓ ખીલે છે, તે હંમેશને વાસ્તે ખીલે છે, તે સદ્‌ગુણો તથા શક્તિઓ સાથે આત્મા ફરીથી જન્મ લે છે, અને જ્યાંથી અભ્યાસ છોડયો હતો ત્યાંથી પ્રારંભ કરે છે. આ પ્રમાણે સાધ્યને લક્ષમાં રાખી કામ કરનાર ઉત્તરોત્તર

વૃદ્ધિ પામી પોતાનું સાધ્ય સાધી શકે છે. આત્માની શક્તિ અનંત છે, અને તેથી આત્માને કાંઈ પણ અસાધ્ય નથી.

વળી આત્માને ત્રણેકાળમાં દ્રવ્યાર્થિકનયથી નિત્ય માનનાર પુરૂષ આ જગતની વસ્તુઓનું ખરૂં સ્વરૂપ સમજે છે. આત્મા ચાલ્યો જાય છે, ત્યારે આ બધી વસ્તુઓ અહીં પડી રહે છે, તે આત્માની સાથે મરણની પેલી પાર જતી નથી; આત્માની સાથે જનાર તેનાં શુભ કે અશુભ કર્મો અને વિચારો છે. આ વિચાર જ્યારે તેના મનમાં બરાબર ઉતરે છે, ત્યારે તે પુરૂષ બાહ્ય વસ્તુઓની અનિત્યતા સમજે છે; અને તેથી તે મળતાં બહુ હર્ષ પામતો નથી, તેમજ તેનો વિયોગ થતાં અત્યંત શોક ધરતો નથી; પણ સમભાવ જાળવી શકે છે. વળી આત્માની નિત્યતા અને જડ વસ્તુની અનિત્યતા તે અનુભવે છે; આ નિત્ય અને અનિત્ય વસ્તુના ભેદનું (ષટ્ દ્રવ્ય સંબંધી) જ્ઞાન તેજ સમ્યકત્વ અથવા સમ્યગ્ જ્ઞાન નિશ્ચયનયથી છે.

સમ્યગ્જ્ઞાન એજ આત્મજ્ઞાનનું પ્રથમ અને અગત્યનું પગથીયું છે. તે સ્થિતિએ આવેલો પુરૂષ પોતાને ઉદયમાં આવેલાં સર્વ કર્મ કરવા છતાં પણ અંતરથી ન્યારો રહે છે, તેનું મન સર્વદા અંતર્મુખ વળે છે, અને ત્યાંજ તે આત્મતત્ત્વ શોધી કાઢે છે. આ વિષય એટલો બધો ગહન છે કે તેના સંબંધમાં જેટલું લખવામાં આવે તેટલું ઓછું ગણી શકાય. સ્થળ સંકોચના ભયથી અત્ર આ પ્રસ્તુત લેખ સમાપ્ત કરીએ છીએ.

સદ્વર્તન.

A man without character is an animal.

સદ્વર્તન! અહા! તે શબ્દ કેવો મધુર લાગે છે? સદ્વર્તનશાળી પુરૂષને જોતાં આપણને કેટલો બધો આનંદ થાય છે? પણ તે મેળવતાં કેટલો શ્રમ પડે છે, કેટલો ભોગ આપવો પડે છે, તેનો તમે વિચાર કર્યો છે. જો અત્યાર સુધીમાં તે સંબંધી વિચાર કર્યો ન હોય તો ચાલો મારી સાથે આપણે એક નવાજ વિચાર પ્રદેશમાં જઈએ, અને બને તો સદ્વર્તનરૂપ મોંઘેરૂં–મહામૂલ્યનું પુષ્પ ખીલવવામાં જોઈતી યોગ્ય સામગ્રી મેળવીએ.

સદ્ગુણ તે એવો છોડવો નથી કે જે એકજ રાત્રિમાં આપણે ઉંઘતા હોઈએ ત્યારે અથવા આપણાથી છુપી રીતે પોતાની મેળે ઉગી નીકળે, પણ તે છોડવો ઘણોજ ધીમે ધીમે નાજુકાઈથી ખીલતો જણાય છે.

તેને ઉગાડવામાં ઘણો શ્રમ પડે છે. પ્રતિકૂળ ભૂમિમાં અને જગતના દયારહિત વાતાવરણમાં તેને ખીલવવામાં ઘણો સમય પસાર થઈ જાય છે. સદ્વર્તન સોંઘે ભાવે બજારમાંથી મળે એવી સામાન્ય વસ્તુ નથી, તે એટલું ઉચ્ચ છે કે ઘણે ઉંચે ચઢવાની મહેનત લીધા સિવાય પ્રાપ્ત થાય તેમ નથી. તે એવું ઉમદા ઇનામ છે કે જેને વાસ્તે તેના વિદ્યાર્થીએ રાત્રિદિવસ તનતોડ શ્રમ આદરવો જ જોઇએ. જેમ સદ્વર્તન ખીલવવામાં ભોગ આપવો પડે છે, તેમ દુર્ગુણનો ત્યાગ કરવામાં પણ તેવાજ પ્રકારના શ્રમ, આત્મભોગ અને ખંતની જરૂર છે. તે વાસ્તેજ એક સમર્થ વિદ્વાન લખે છે કેઃ—

"દુર્ગુણ તે એક ભૂત નથી કે જે જાદુથી વશ થાય અથવા મંત્રાક્ષરથી દૂર થાય. તે એવો શત્રુ નથી કે એક ઘા મારવાથી તેનો નાશ આણી શકાય, અથવા છરાથી એકજ ફટકે તે કાપી શકાય."

જો કોઈ માણસ એમ કહેવાનો ડોળ રાખતો હોય કે ગમે તે સમયે સહેલથી અને ઝડપથી પ્રયત્ન કર્યાવિના મનુષ્ય સદ્ગુણમાં દૃઢ થઇ શકે અથવા દુર્ગુણના પાશમાંથી મુક્ત થઇ શકે તો તે બાબત જેનામાં સામાન્ય વિવેકશક્તિ ખીલેલી છે, તેવો કોઇ પણ મનુષ્ય અંગીકાર કરશે નહિ. ચમત્કારથી એક વસ્તુ અલોપ કરી શકાય અથવા ગમે ત્યાં મોકલી શકાય એ સંભવિત છે, પણ કોઇ પણ મનુષ્યમાં તે સાધનવડે સદ્ગુણની સ્થાપના અથવા દુર્ગુણનો ત્યાગ કરાવી શકાશ નહિ. એવું વશીકરણ તો કદાપિ સાંભળવામાં કે જોવામાં આવ્યું નથી. ગુરૂઓ તો ફક્ત માર્ગ બતાવી શકે, માર્ગમાં આવતાં વિઘ્નોની ચેતવણી આપી શકે, પણ તે માર્ગપર ચાલવાનું કામ તો શિષ્યે જાતેજ કરવાનું છે. સામાન્ય બુદ્ધિવાળો પણ આ બાબતને કબુલ કર્યા વિના રહેશે નહિ કે ચીડીઆ અથવા ઉદ્ધત સ્વભાવ ઉપર જય મેળવ્યા વિના મનુષ્ય સહનશીલ કે નમ્ર બની શકે નહિ. જે મનુષ્ય ખોટા વિચારોને લીધે અભિમાની બનેલો છે, તે મનુષ્ય જ્યાં સુધી તે ખોટા વિચારોની ખામી શોધી કાઢે નહિ ત્યાં સુધી કદાપિ નિરભિમાની થઈ શકે નહિ. તેમજ જે મનુષ્ય અમુક ટેવથી અમિતાહારી થયેલો છે, તે ટેવનો જ્યાં સુધી ત્યાગ કરે નહિ, ત્યાં સુધી તે મિતાહારી થાય એવી આશા રાખવી તે હવામાં કિલ્લા બાંધવા સમાન છે.

આ કુદરતમાં જે જે બનાવો બને છે, જે ફેરફારો થાય છે, તેમાંથી સૌથી મોટો અને જબરો ફેરફાર મનુષ્યના મનનું વલણ બદલવા સંબંધી છે. આ કારણથીજ ખરાબ માર્ગે જતા મનુષ્યને સન્માર્ગે વાળનાર મનુષ્ય મોટામાં મોટો ઉપકારી ગણવામાં આવે છે.

આવો ફેરફાર ધીમે ધીમે નિયમિત રીતે અને વસ્તુસ્થિતિ (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ) વિચારીને કરાય તો બહુજ લાભદાયી નીકળે છે. આવો મોટો ફેરફાર કરવાને એટલે કે મનુષ્યને દુર્ગુણમાંથી સદ્‌ગુણમાં વાળવાને કયા સાધનોની જરૂર છે તે આપણે વિચારીશું, કારણ કે યોગ્ય સાધનો મળતાં સાધ્યની સિદ્ધિ તરતજ થઇ જાય છે. સાધનો અનેક છે, પણ તેમાંનાં મુખ્ય નીચે પ્રમાણે છે.

(૧) અડગ ખંત અને ઉદ્યોગ, (૨) સત્યને ખાતર પ્રથમથી બાંધેલા ખોટા અભિપ્રાયો દૂર કરવાને મનનું બારીક અવલોકન, (૩) જ્યાં સુધી ફળની સિદ્ધિ ન થાય ત્યાં સુધી સહનશીલતાથી કાર્ય કરવાનો ઉત્સાહ, (૪) કાર્ય કરવામાં સૂક્ષ્મ અવલોકન, (૫) આપણા વિકારોપર જય મેળવવાનું આત્મામાં સામર્થ્ય છે, એવી શ્રદ્ધા, (૬) લાલચો સામે પ્રબળ યુદ્ધ કરવાની અભિરૂચિ.

આવા ગુણો જે મનુષ્યમાં ઘણે ભાગે ખીલેલા હોય છે, તે મનુષ્યને વાસ્તે સદ્‌ગુણના માર્ગમાં ચાલવાનું કામ ઘણું સરલ થઈ પડે છે. જગતમાં જે યુદ્ધો થાય છે, અને જેના ઇતિહાસકારો લાંબાં ચોડાં અનેક રીતે વ- ખાણ કરે છે, તે યુધ્ધો અંતરમાં ઉઠતા કલહ આગળ કાંઈ હિસાબમાં નથી. આ આંતર કલહનો અનુભવ જેને થયો નથી, તેવા મનુષ્યો આગળ ગમે તેવું તેનું ચિત્ર આપવામાં આવે છતાં તે તેનાથી સમજાશે નહિ. પ્રસૂતાની પીડા વંધ્યાના અનુભવમાં કદાપિ આવી શકે નહિ. કિરાતાર્જુનીયનો કર્ત્તા ભારવી કવિ લખે છે કેઃ—

"શરીરની અંદર ઉઠતા દુર્જય શત્રુઓ–દુષ્ટ મનોવિકારોની સામે બહાદુરીથી લડવું જોઈએ, જે તેમનાપર જય મેળવે છે, તે ત્રણ ભુવનનો જીતનાર છે."

સદ્‌વર્તનશાળી પુરૂષ જે આનંદ અને સંતોષ અનુભવે છે, તેનો ત- મને સહેજ પણ ખ્યાલ આવતો હોય, તેવું ઉત્તમ વર્તન રાખવાની તમારામાં જરા પણ અભિરૂચિ જાગૃત થતી હોય તો થોડો પણ સમય નિરર્થક ગુ- માવવો એ તદ્દન અઘટિત છે, એમ વિચારો. આજથીજ આળસ્યમાં વખત નહિ ગુમાવવાની દઢ પ્રતિજ્ઞા લો. આ કાર્ય તરતજ ઉપાડી લેવું ઘટે છે. જે જે સંજોગોથી અને બનાવોથી આપણું જીવન તેમજ હૃદય સુધારવાનો પ્રસંગ મળે તે તે સંજોગો અને બનાવોનો લાભ લેવા ચુકવું નહિ. જે- ઓને ઘણે દૂર જવાનું હોય છે, તેઓ રખેને ઘેર પ્હોંચતાં રાત પડી જાય એ ભયથી વ્હેલા ચાલવાનું શરૂ કરે છે, અને આ રીતે લાંબી મુસાફરી

પણ તેઓ પૂરી કરી શકે છે. તેજ રીતે અહિંથી સ્વર્ગ કે મોક્ષ પ્હોંચવાનો માર્ગ બહુજ લાંબો છે. વળી ત્યાં પહોંચતાં પહેલાં ઘણાં વિઘ્નો પસાર કરવાનાં છે, તેમજ અનેક કર્તવ્ય બજાવવાનાં છે. માટે જેમ બને તેમ જલ્દીથી આરંભ કરવો અને બને તેટલી ત્વરાથી માર્ગ પૂરો કરવો એજ ડહાપણ ભરેલું કામ છે. જો આપણે માર્ગમાં એકજ જગ્યાએ ઘણીવાર ઉભા રહીએ તો મુસાફરી પૂરી કરવાને ઘણા વખતની જરૂર પડે અને પુરતો વખત ન મળવાથી આપણને પસ્તાવું પડે માટે બનતી ત્વરાથી સદ્ગુણના માર્ગપર પ્રયાણ કરવું એજ લાભકારી કામ છે.

જે મનુષ્યોમાં વિચાર કરવાની શક્તિ ખીલેલી છે, તેઓ તો આ વાત કબુલ કરશેજ કે આત્મસુધારણાને વાસ્તે વર્તમાનકાળ જેવો ઉત્તમ અને યોગ્ય સમય બીજો એક પણ નથી. આપણે ભવિષ્યમાં ગમે તે સમય મુકરર કરીએ પણ તે વખતે પણ હાલની માફકજ આપણે અનિચ્છા દાખવીશું, આપણને તે સમયે હાલની માફકજ અરૂચિ, અણગમો અથવા બેદરકારી જાગશે. આપણને તે કાર્ય કરવામાં અટકાવનારાં તેવાંજ વિઘ્નો આવી નડશે; તેમજ કર્તવ્યથી ભ્રષ્ટ કરી તુચ્છ સુખમાં લલચાવનારા તેવાંજ વિષયો નજરે પડશે. વર્તમાનકાળની માફક ભવિષ્યમાં પણ પદાર્થો તેવાને તેવાજ રહેશે અને આપણી ઇન્દ્રિયો પણ તેવાજ પ્રકારના વિષયને સારૂ તલસતી માલૂમ પડશે. તે સમયે પણ આ આત્મસુધારણાનો માર્ગ તેવોને તેવોજ ભાસશે, અને વિલંબ કરનારાં તેનાં તે કારણો આપણી સંમુખ ખડાં થશે; અને આપણને આ કાર્યનો પ્રારંભ કરતાં અટકાવશે. તે વખતે આપણી આગલી ભૂલને સારૂ પસ્તાવો કરી આપણે કહીશું કે આવતી કાલથી આત્મોન્નતિનું અને જીવને સુધારવાનું કામ આરંભીશું. બીજે દિવસે પણ આવતી કાલનો વિચાર આવે છે અને આ પ્રમાણે **આવતી કાલનો છેડો આવતો નથી.**

મનુષ્ય આ પ્રમાણે પોતાની જાતને છેતરે છે. અરે મનુષ્ય ! તારામાં અને તે જંગલીમાં જરામાત્ર ફેર મને તો ભાસતો નથી કે જે જંગલી મનુષ્ય કહેતો હતો કે " મારા પગ ભીના ન થાય, માટે જ્યાં સુધી નદી વહેતી બંધ થશે નહિ, ત્યાં સુધી હું નદી કિનારે ઉભો રહીશ ". તેજ રીતે જો આપણે એમ માનીએ કે પાપનાં કારણો જેવાં કે આંતર દુષ્ટવૃત્તિઓ અથવા બ્હારના લલચાવનારા પદાર્થો પોતાની મેળે નાશ પામશે ત્યારે આપણે આ કાર્યનો આરંભ કરીશું તો આપણે પણ તે જંગલી મનુષ્ય કરતાં કોઈ રીતે ચઢીયાતા નથી. જો કોઈ કર્મ કરવાની આપણી ઇચ્છા થાય તો તે કર્મની

શરૂઆત કેટલીક અડચણો અને સંકટ છતાં કરવી જ જોઇએ. સર્વ મોહ પમાડનારી વર્તમાનકાળની વસ્તુમાં થઇ ધૈર્યથી માર્ગ કરવોજ જોઇએ. અને બેધડક રીતે શાંતિ ભણી લઇ જતા ઝરામાં પગ મૂકવો જોઇએ. તામસી નિદ્રા, આલસ્ય, પ્રમાદમાંથી જાગૃત થઈ જે અવિવેકતા આપણી ઉન્નતિમાં વિઘ્નકારી છે, તેનો સર્વથા નાશ કરવો જોઇએ.

જો ઉન્નતિ અને સદ્વર્તનને સારૂ પ્રમાદના નાશની જરૂર હોય તો તે કાર્યનો પ્રારંભ આજે જ કેમ ન કરવો ? જ્યારે આપણે આરંભ કરવા ઇચ્છીશું ત્યારે ઉપર કહ્યું તેમ, તેવાને તેવા અંતરાયો આવી નડવાના જ. માટે જાગ્યા ત્યાંથી સવાર ગણી, આપણી ભૂલ જ્યારથી જાણવામાં આવી ત્યાંથી ચેતી આપણે શુભ માર્ગમાં ચાલવાનો નિશ્ચય કરવો જોઇયે.

આપણે જો હાલ સચ્ચારિત્ર રચવાનું કામ પ્રારંભીશું તો હવે પછી (આવતા ભવમાં) કોઈ પણ વખતે તપાસ કરતાં જણાશે, કે આપણે તે કામમાં થોડા ઘણા પણ આગળ વધેલા છીએ. અને બાકી રહેલો ભાગ સહેલાઇથી અને થોડા વખતમાં સંપૂર્ણ કરવાને આપણે શક્તિમાન થઇશું, તેટલા માટે કોઇ પણ ઉત્તમ કામનો આરંભ કરવાને જરા પણ વિલંબ ન કરવો કહ્યું છે કેઃ—

श्वःकार्यमद्य कुर्वीत पुर्वाह्णे चापराह्णिकम् ॥
न हि प्रतीक्षते मृत्युः कृतमस्य न वा कृतम् ॥

કાલ કરવાનું કામ આજે કરવું અને મધ્યાહ્ને કરવાનું કામ સવારમાં કરવું કારણ કે અમુક મનુષ્યનું કાર્ય થયું છે કે નહિ તેની મૃત્યુ રાહ જોતું નથી.

માટે 'ધર્મના કામમાં ઢીલ ન કરવી', એ સત્ય સૂત્રને અવલંબી સદ્વર્તન બાંધવાનું અને દુર્ગુણોને ટાળવાનું કામ યથાશક્તિ જેમ બને તેમ વ્હેલું કરવું, અને તેથીજ જે આનંદ અને સંતોષ તમને થશે તે ગમે તે કામ કરવાને લીધેલી મહેનત અને આપેલા આત્મભોગના પ્રમાણમાં ઘણોજ અધિક થશે. આ સદ્ગુણરૂપી દોલત સ્થાયી છે, અને આત્માની શાશ્વત· રૂદ્ધિ છે. તે રૂદ્ધિ મેળવવા જીજ્ઞાસુઓ દોરાય તો આ લેખ લખવાને થયેલો પ્રયાસ સફળ થશે.

વિદ્યાર્થીઓના ધર્મ.

ચારિત્ર-શીળનું માહાત્મ્ય.

કોઇ પણ કોમ, સમાજ, ધર્મ અથવા તો દેશનો ઉદય, તે કોમ, સમાજ, ધર્મ અથવા તો તે દેશના મનુષ્યોના ચારિત્રપર રહેલો છે. કોઇ પણ દેશની ઉન્નતિ મનુષ્યોની સંખ્યાથી નહિ પણ જીવનની પવિત્રતાથી મપાય છે, એ બાબત હંમેશ મનન કરવા લાયક છે.

આ જગત્માં ચારિત્ર એ ઉત્તમ શક્તિ છે, કારણ કે તે મનુષ્યને ઉચ્ચ સ્થિતિપર મૂકી, ઉત્તમતાના નમૂનારૂપ બનાવી શકે છે. જે મનુષ્યો સ્વભાવથી ઉત્તમ નિયમોપર ચાલે છે, ઉદ્યોગી છે, અને સરલ તથા નિષ્કપટી છે, તેમના ઉપદેશ પ્રમાણે અન્ય લોકો ચાલે છે. આપણો સ્વભાવજ આપણને તેવા મનુષ્યોપર વિશ્વાસ કરવાને અને તેમના બોધ પ્રમાણે ચાલવાને દોરે છે. આ જગત્માં મહાત્માઓ અથવા સાધુપુરૂષો વસે છે, તેથીજ આ જગત્ વસવા લાયક છે; જો જગત્માંથી ઉત્તમ ગુણવાળા મહાન્ પુરૂષો ચાલ્યા જાય તો આ જગત્ અરણ્ય જેવું થઈ રહે.

મનુષ્યની બુદ્ધિ અથવા વિચારશક્તિ પ્રશંસાપાત્ર છે, પણ મનુષ્યનું ચારિત્ર તો સમ્માનને અથવા તો પૂજાને પાત્ર છે. સમગ્ર જીવનને બળ આપનાર શુદ્ધ ચારિત્ર અથવા તો ઉત્તમ શીળ છે. કોઇ પણ સમાજ તરફ દૃષ્ટિ કરતાં આપણને જણાય છે કે બુદ્ધિમાન્ પુરૂષો પોતાના બુદ્ધિવૈભવઅનુસાર સમ્માન પામે છે, ત્યારે સુશીળ મનુષ્યો તેમના સદ્ગુણને લીધે પૂજાય છે. પણ બુદ્ધિમાન્ અને સુશીળ મનુષ્યોમાં ખરો ભેદ એ છે કે લોકો બુદ્ધિમાન્ પુરૂષોની કેવળ પ્રશંસા કરી બેસી રહે છે, ત્યારે સુશીલ પુરૂષોના આચરણ પ્રમાણે સર્વ કોઇ વર્તવાને દોરાય છે.

આ જગતમાં ઉચ્ચ પદવીઓ બહુ થોડી છે, અને તેથી ઉચ્ચ પદવી મેળવવાનો પ્રસંગ બહુ થોડા મનુષ્યોને મળે છે, પરંતુ દરેક મનુષ્ય પોતાની શક્તિ અને પોતાની પદવીના પ્રમાણમાં પોતાની જીંદગી ભલી રીતે ગાળી શકે. માન કે અપમાન અમુક સ્થિતિમાંથી ઉત્પન્ન થતાં નથી, તમે ગમે તે સ્થિતિમાં હો, પણ તમારો ભાગ સારી રીતે ભજવો એટલે જરૂર તમને માન મળશે. નાના કામોમાં પણ મનુષ્ય પોતાની સરલતા, વિશુદ્ધિ અથવા શ્રદ્ધા બતાવી શકે.

કવિ પોપ કહે છે કે Honour and shame from no condition rise. Act well your part and there the honour lies. આ જગતમાં મહાન્ કામ કરવાના પ્રસંગો વિરલ મનુષ્યોને મળે છે, પણ પોતાને કરવા યોગ્ય નાનાં નાનાં કામો પણ જો મનુષ્યો ઉત્તમ રીતે કરી શકે તો તેઓમાં અનેક ઉમદા ગુણો ખીલી શકે, અને તેઓનું ચારિત્ર ઉત્તમ પ્રકારનું થાય.

આ વિશ્વની વ્યવસ્થાજ એવા પ્રકારની છે કે દરેક મનુષ્યે પોતાનું કર્તવ્ય બજાવવું જોઇએ. જે જાણી જોઇને પોતાનું કર્તવ્ય અદા કરતો નથી, તે એક મોટો દોષ કરે છે. એ દોષથી આપણે બચવું જોઇએ અને એના સામા આપણા સઘળા બળથી થવું જોઇએ. પોતાનું કર્તવ્ય બજાવવાથી મનુષ્યને આનંદ થાય છે અને નહિ બજાવવાથી દુઃખ થાય છે. મનુષ્ય કે સ્ત્રી, બાળ કે વૃદ્ધ દરેકે પોતાનો ધર્મ શો છે ? અથવા કરવા યોગ્ય કર્તવ્ય શું છે તે જાણવું જોઇએ, કારણ કે ધર્મ અથવા કર્તવ્ય મનુષ્યોને અહીં પણ ઉપયોગી લાગે છે, એટલુંજ નહિ પણ જીવનના અંતે પણ સાથે રહે છે. મનુષ્ય પોતાની બુદ્ધિના પ્રભાવથી અનેક ચમત્કારી અને આશ્ચર્યજનક કામ બજાવી શકે છે, પોતાના પુષ્કળ ધનથી અનેક અદ્ભુત કામ બજાવી શકે છે, પણ જે કામ દૃઢ શ્રદ્ધાળુ અને સુશીળ મનુષ્ય કરી શકે છે, તે કામ હૃદયને અસર કરનાર હોઇ, લાંબા વખત સુધી તેનો પ્રભાવ કાયમ રહે છે.

તીક્ષ્ણ બુદ્ધિ બહુજ થોડા મનુષ્યોને મળે છે, તેમ ધન પણ ઘણા મનુષ્યોને મળતું નથી, પણ પોતે અંગીકાર કરેલું કાર્ય અંતઃકરણપૂર્વક પોતાના સઘળા બળથી કરવું, આ કામ તો સર્વથી બની શકે તેમ છે.

પોતાનું કર્તવ્ય બજાવવું એ લોકોનો ધર્મ છે; નાનું કે મોટું જે કામ પોતાને કરવાનું બની આવે તે કોઇ પણ પ્રકારની પ્રશંસા અથવા તો ઇનામની લાલચ સિવાય કરવું. જે મનુષ્યો નિષ્કામવૃત્તિથી પોતાનું કામ બજાવે છે, તેમને આપોઆપ તે કામનું ફળ મળે છે.

ભક્ત અથવા શ્રદ્ધાળુ મનુષ્યોનો પરિશ્રમ કદાપિ નિષ્ફળ જતો નથી. તેનું ફળ તેને જરૂર મળશે. કદાપિ ફળ પ્રાપ્તિ થતાં વિલંબ લાગે તો તેમાં ડરી જવું નહિ અથવા નિરાશ થવું નહિ, કારણ કે કહ્યું છે કેઃ—

"Those also serve who work and wait " જેઓ કામ કરીને વિલંબ સહન કરી શકે છે, તેઓ પણ ભક્ત છે."

આ સંસારની રચનાજ એવા પ્રકારની છે કે સઘળા મનુષ્યો એક સ્થિતિમાં હોઇ શકે નહિ. કોઇ રાજ્ય કરે છે, ત્યારે કોઇ શિષ્ય અથવા ચેલો બને છે. આવા આવા જગતમાં જૂદા જૂદા સંબંધોમાં લેઇને અનેક પ્રકારની ફરજો ઉભી થાય છે. હવે જે મનુષ્ય પોતાને કરવા યોગ્ય કામો પૂર્ણ શ્રદ્ધાથી અને પૂર્ણ મનોબળથી કરે છે, તે બીજાઓને આનંદનું કારણ થાય છે, તેમજ પોતે જાતે પણ આનંદનો ભોક્તા બને છે. ખરો આનંદ સ્વાર્થ કરતાં પરમાર્થમાં વસે છે માટેજ ઉંચામાં ઉંચો સ્વાર્થ તે પરમાર્થ અથવા બીજાનું ભલું કરવાની વૃત્તિ છે.

પ્રસ્તાવના રૂપે પોતાના કેટલાક વિચારો જણાવી હવે શિષ્યોને કરવા યોગ્ય શાં શાં કામો છે તેનો આપણે વિચાર કરીએ. (૧) આજ્ઞાપાલક, (૨) કાલાનુવૃત્તિ, (૩) ઉદ્યોગ, (૪) પરસ્પર એકતા અથવા ન્યાય નિતિપર આધાર રાખતો પ્રેમ, (૫) નિષ્કપટતા અથવા સરળતા અથવા સત્યવાદિપણું.

૧. આજ્ઞાપાલન (obedience) જે સ્કુલ અથવા કોલેજ યાને પાઠશાળામાં વિદ્યાર્થી અભ્યાસ કરતો હોય, તે સ્કુલ, કોલેજ યાને પાઠશાળાના જે જે નિયમો હોય, તદનુસાર વિદ્યાર્થીએ પોતાનું વર્તન રાખવું એ આજ્ઞાપાલન છે. કોઇ પણ સંસ્થા નિયમપૂર્વક ચાલે તેને વાસ્તે આવા ગુણની ખાસ જરૂર છે. તે વિના કોઇ પણ સંસ્થા ટકી શકે નહિ. લશ્કરી સીપાઇઓમાં પણ ઉપરીનો હુકમ માનવાનો ગુણ બહુજ અગત્યનો છે. જો લશ્કરી સીપાઇઓ ઉપરી અમલદારનો હુકમ બરાબર ન માને તો તદન ગેરવ્યવસ્થા થઇ જાય અને સર્વત્ર ખળભળાટ ફેલાઇ જાય. તેજ રીતે માત પિતાના ઉપદેશ પ્રમાણે ચાલવું એ સુજ્ઞ બાળકોનું પ્રથમનું કર્તવ્ય છે. આજ્ઞાપાલન એ ઇશ્વિરી નિયમ છે. વિદ્યાર્થીઓમાં પણ આ ગુણની જેટલી જરૂર વિચારીએ તેટલી ઓછી છે, કારણ કે તેના અભાવમાં પાઠશાળા કે સ્કુલ તદન અવ્યવસ્થિત બની જાય અને વિદ્યાર્થીઓ કોઇ પણ પ્રકારનું ઉત્તમ શિક્ષણ મેળવી શકે નહિ. વિદ્યાર્થીઓમાં આ ગુણની ખાસ આવશ્યકતા બતાવવાનું બીજું પણ એક કારણ છે. વિદ્યાર્થીની ઉન્નતિનો સઘળો પાયો આ આજ્ઞાપાલનના ગુણપર રહેલો છે. વિચાર કરો કે જો તમે તમારા ગુરૂની આજ્ઞા ન માનો તો, તમે તે ગુરૂના આપેલા ઉપદેશ પર ભાન રાખી શકશો નહિ અને તેમણે શિખવેલા ઉત્તમ શિક્ષણપર પણ તમે ધ્યાન આપી શકશો નહિ. આથી ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની ખોટી આદત તમને પડશે તેથી તમારો સમય નિરર્થક જશે, તમને જ્ઞાન નહિ મળે એટલુંજ નહિ પણ તમારા આચાર વિચાર પણ સુધરશે નહિ, પણ જે બોધ ગુરૂ

આપશે તેની વિરૂદ્ધ અસર તમારા પર થશે, જેથી તમે સમાજને એક કંટકરૂપ યાને ભારભૂત થશો.

આ સ્થળે યાદ રાખવું જોઇએ કે આજ્ઞાભંગ કરવાથી હૃદયમાંથી આત્મ સમ્માન વૃત્તિ (self-respect) નાશ પામે છે. જો આપણે સુશીલ હોઇએ અને જે સંસ્થામાં ભણતા હોઇએ, તે સંસ્થાના નિયમો પ્રમાણે વર્તતા હોઇએ તો આપણાપર આપણા ઉપરીઓની મહેરબાની રહેશે અને ગુરૂકૃપાથી વિશેષ જ્ઞાન આપણે મેળવી શકીશું. કહ્યું છે કેઃ—

विनयेन गुरोस्तोषः सम्यग्ज्ञानं ततो भवेत् ।

વિનયથી ગુરૂને સંતોષ થાય છે અને તેથી સમ્યગ્ જ્ઞાન થાય છે. પણ જો આપણે નિયમોનું ઉલ્લંઘન કરીએ અને આ રીતે દુર્વિનીત યાને દુરાચારી બનીએ તો, આપણી તરફ આપણા ગુરૂઓનો પ્રીતીભાવ ઓછો થતો જાય છે અને આપણને શિક્ષા કરે છે, અથવા આપણે વાસ્તે સખ્ત નિયમો બનાવવા પડે છે અને જ્યાં ત્યાં આપણી નિન્દા થાય છે. જે મનુષ્યમાંથી આત્મ સમ્માન ગયું તે મનુષ્યનો જન્મ નકામો ગયો એ જરૂર માનજો માટે આજ્ઞાનુપાલન ગુણ ખીલવી આપણું આત્મ સમ્માન રાખવું અને ગુરૂઓના આશીર્વાદને પાત્ર થવું એ પોતાના હિતમાં અતિ જરૂરનું પગલું છે.

જે મનુષ્યોમાં આ ગુણ ખીલેલો હોય છે તેઓ આગળ જતાં ઘણી ઉંચી પદવી મેળવી શકે છે. " Those who want to rule, must know how to obey " જેઓ બીજા પાસે આજ્ઞા પળાવવા માગતા હોય તેમણે પ્રથમ આજ્ઞા પાળતાં શિખવું જોઇએ, કારણ કે તેવા મનુષ્યો જ બીજા ઉપર આજ્ઞા ચલાવવાને સમર્થ થાય છે. કવિ વર્ડસવર્થ લખે છે કેઃ-

" Submission constituting strength " આજ્ઞાપાલન એજ મોટામાં મોટું બળ છે.

માટે વિદ્યાર્થી અવસ્થામાં વિદ્યાર્થીઓએ માતપિતાની અને પોતાના શિક્ષકો અને સ્કુલના નિયમોની આજ્ઞા પ્રમાણે વર્તવું એ ઘણું લાભકારી છે.

વિદ્યાર્થીઓમાં બીજો જરૂરનો ગુણ Punctuality કાલાનુવૃત્તિનો છે. એ ગુણનો તાત્પર્ય એ છે કે દરેક કામ વખતસર કરવું અને મુકરર કરેલા વખતસર જ્યાં જવું હોય ત્યાં જવું. પોતે કરેલી પ્રતિજ્ઞા નિષ્ફળ ન જાય તેપર ખાસ ધ્યાન આપવું. એકવાર, બેવાર નહિ પણ સર્વદા નિયમિત અને વખતસર કામ કરવાની ટેવ પાડવી. આ જીવનના સર્વ કામોમાં બાળકોને તેમજ વૃદ્ધ પુરૂષોને, સ્ત્રીઓને તેમજ મનુષ્યોને આ ગુણની ઘણી

જરૂર છે. જો આ ગુણુ ન હોય તો સઘળા પ્રકારની અવ્યવસ્થા થઈ જાય. આ વાત તમારા ધ્યાનમાં બરાબર આવે તે માટે આપણે એક દાખલો લેઈ તે વિચારીએ.

જો કોઈ વિદ્યાર્થી નિશાળમાં નિત્ય અથવા નિયમસર ન આવે તો તે પાઠશાળાના નિયમોનું ઉલ્લંઘન કરે છે અને તેના ગુરૂનું અપમાન કરે છે. આનું પરિણામ એ આવે છે કે તેના પર ગુરૂની કૃપાદષ્ટિ રહેતી નથી, તે બરોબર શિક્ષણુ મેળવી શકતો નથી અને આખી જીંદગી સુધી તેનું પરિણામ તેને ભોગવવું પડે છે; અને આ મોડા આવવાની જે બુરી આદત પડી જાય છે, તે મોટી ઉમ્મરે ભાગ્યેજ સુધરે છે અને આ પ્રમાણે સાંસારિક વિષયોમાં પણુ તે ઉત્તમ લાભ મેળવી શકતો નથી. તમારામાં અક્કલ છે, અને તમે સમજશક્તિવાળા છો, અને આગળ જતાં તમારે સંતતિ થશે. તમે અત્યારથીજ આ આજ્ઞાપાલનની અને નિયમસર કામ કરવાની ટેવ પાડો અને તમારા નાના ભાઈ બહેનોને એક ઉત્તમ દાખલારૂપ બનો. તમારી કોમ, ધર્મ, કે દેશનો ઉદય તમારા ઉત્તમ ચારિત્રપર આધાર રાખે છે. કોઇ પણુ કોમ જૂદી જૂદી વ્યક્તિઓની બનેલી છે; હવે જો કોઇ પણુ કોમની દરેક વ્યક્તિ ઉત્તમ, સુગુણી અને ધાર્મિક બને તો આખી કોમ, ઉત્તમ, સુગુણી, અને ધાર્મિક કહેવાય. માટે દરેક વિદ્યાર્થીએ પોતાના સમયને બહુ કિમતી ગણી પોતાની અંદર રહેલી ખામીઓ સુધારવા પ્રયત્ન કરવો. આમ કરવાથી તમારી પાછળના લોકો તમને સારી રીતે યાદ કરશે, તમારી જગતમાં કીર્તિ થશે, લોકો તમારા ઉત્તમ આચારનું અનુકરણુ કરશે અને તમારા હૃદયમાં જે આનંદ થશે તેની તો કિમત ગણુાય તેમ પણુ નથી.

વિદ્યાર્થીઓમાં ત્રીજો આવશ્યક ગુણુ ઉદ્યોગ છે. દરેક મનુષ્યને પોતપોતાનું કામ કરવું પડે છે અને આ કામ કરવાની શક્તિ જે મનુષ્યમાં છે, તે ઈશ્વરી અનુપમ બક્ષીસ છે. જે મનુષ્યો સારાં અને પવિત્ર કામો કરવામાં રોકાયેલા હોય છે, તેમને જીવનનું સૌથી વધારે ઉત્તમ સુખ મળે છે. જે મનુષ્યો કામ કરતા નથી અને આળસુ બેસી રહે છે, તે મનુષ્યો આ જગતને ભારભૂત છે અને આ જીવનમાં તેમને કાંઇ પણુ આનંદ મળતો નથી. આ ઉપરથી એ સિદ્ધ ઠરે છે કે ઉદ્યોગ એ ઇશ્વરી શાપ નથી, તેમજ નુકશાન નથી, પણુ એક મોટામાં મોટું દાન છે. ઉદ્યોગ એ મનુષ્યનું ભૂષણુ છે. ઉદ્યોગથી મનુષ્યમાં આત્મ સમ્માનવૃત્તિ પેદા થાય છે, અને તેને આનંદ પણુ મળે છે. કામ કરનાર મનુષ્યને સર્વ કોઈ માન

આપે છે અને તે ઉચ્ચ પદવી અને વિશેષ આનંદ મેળવવાને ભાગ્યશાળી બને છે. કહ્યું છે કે:—

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।
नास्त्युद्यमसमो बन्धुः कृत्वा यं नावसीदति ॥

આળસ એ મનુષ્યના શરીરમાં રહેલો મોટો શત્રુ છે, અને ઉદ્યમ સમાન મનુષ્યનો કોઇ બીજો મિત્ર નથી, જે ઉદ્યમ કરવાથી મનુષ્ય કદાપિ વિપત્તિ પામતો નથી.

જે માણસ પરિશ્રમ યાને ઉદ્યોગ કરે છે, તેઓમાં એક પ્રકારનું બળ આવે છે. તમારે પણ તમારો અમૂલ્ય સમય વૃથા ગુમાવવો નહિ, પણ તે સમયમાં યથાશક્તિ ઉત્તમ કામ કરતા રહેવું. પોતપોતાની પદવી યા સ્થિતિ પ્રમાણે દરેક મનુષ્યે ઉદ્યમ કરવો. જે લોકો ખાલી બેસી રહે છે અને કાંઈ પણ કામ કરવાનું ઇચ્છતા નથી, તે પોતાની જીંદગીમાં કંટાળેલા અને દીનવદનના દેખાય છે. તેમની જીંદગી ધિક્કારને પાત્ર છે.

મહેનત કર્યા સિવાય કાંઇ પણ મળતું નથી અને મહેનતનું ફળ અવશ્ય મળે છે, જેથી તમારી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાને તમારે જરૂર પ્રયાસ કરવો જોઇએ. તમે જે કામ કરો તે તમારી સર્વ શક્તિથી કરો, તમારા પૂર્ણ મનોબળથી અને તનબળથી તે કરો. વિદ્યા ભારે પરિશ્રમ કર્યાથી મળે છે અને તે મેળવવાને કોઇ રાજમાર્ગ યાને સિધા સડક નથી.

પૂર્વ સમયમાં થઇ ગયેલા જે પુરૂષોને તમે બહુ બુદ્ધિશાળી અથવા વિદ્યાનિપુણ માનો છો અને જેમણે ભારે કીર્તિ અથવા પદવી પ્રાપ્ત કરી હોય, અને જે વિદ્વાન્ તરીકે જગતમાં પ્રસિદ્ધ થયા હોય તે સર્વને પોતાના કાર્યમાં વિજય મેળવવાને ભારે શ્રમ ઉઠાવવો પડેલો છે; અને જ્યારે બીજા મનુષ્યો નિદ્રામાં ઘોરતા પડયા હોય, ત્યારે તેઓ કાંતો નવીન પુસ્તકો વાંચવામાં રોકાયેલા હતા અથવા તો દિવસમાં વાંચેલાં પુસ્તકોના વિચારોપર મનન કરવામાં મગ્ન થયેલા હતા.

જે મનુષ્યો ઉદ્યોગી હોય છે, તે મનુષ્યોમાં આળસ પ્રવેશ કરી શકતી નથી; અને તેમની શક્તિઓ નિરર્થક જતી નથી. બાલ્યાવસ્થામાં તેમજ તરૂણાવસ્થામાં આપણી શક્તિઓ બહુ પ્રબળ હોય છે, અને જો આપણે તે શક્તિઓને કોઇ પણ ઉપયોગી કામમાં ન રોકીએ તો તે શક્તિઓ ખોટા કામોમાં દોરવાઇ જવાની, એ નિઃસંશય છે. અંગ્રેજીમાં એક કહેવત છે, જેનો અર્થ આ પ્રમાણે છે:—

જે મનુષ્ય આળસુ અને કામ વગરનો હોય છે, તેને સેતાનો પોતાની તરફ આકર્ષે છે; અર્થાત્ નિરૂદ્યમી માણસને હમેશાં બુરાઇનાજ વિચારો આવ્યા કરે છે. માટે શરીરને તેમજ મનને નિરંતર સારાં કાર્યોમાં તેમજ શુભ વિચારોમાં રોકવાં એ વિદ્યાર્થીઓને વાસ્તે અતિ ઉપયોગી છે; અને પુસ્તકોનો અભ્યાસ કરવો, એના કરતાં વિદ્યાર્થીઓને વાસ્તે વધારે ઉપયોગી કામ બીજું કાંઈ પણ નથી, માટે વિદ્યાર્થીઅવસ્થામાં વિદ્યાર્થીઓએ અવશ્ય વિદ્યાના દૃઢ અને અનન્ય ઉપાસક બનવું જોઇએ.

૪. પરસ્પર પ્રેમ અથવા ઐક્ય એ વિદ્યાર્થીઓને જરૂરનો ચોથો ગુણ છે. વિદ્યાર્થીઓએ પરસ્પર પ્રીતિ તથા દિલસોજી રાખવી જોઇએ. નાની નાની બાબતોમાં વિદ્યાર્થીઓ એક બીજા સાથે લડાઇ કરે છે, તેમ થવું તે બહુજ અયોગ્ય છે. જો તમારે કજીયા ટંટા અથવા માંહોમાંહેની ખટપટો બંધ કરવી હોય તો આ સોનેરી નિયમ પ્રમાણે તમારે ચાલવું જોઇએ કે " Do unto others as you would them to do unto you " " બીજા લોક જે રીતે તમારી તરફ વર્તે તેમ તમે ચહાતા હો તેવી રીતે તમે બીજા તરફ વર્તો. " તમારે એક બીજાની લાગણીઓનું સન્માન રાખવું જોઇએ, અને કોઈ પણ વિદ્યાર્થીઓનો જીવ નકામો દુઃખવવો નહિ. તમારા ઐક્યનું ધોરણ સત્ય અથવા ધર્મ ઉપર આધાર રાખતું હોવું જોઇએ, કારણ કે અધર્મ ઉપર આધાર રાખતું ઐક્ય પાયા વગરનું હોય છે, અને ગમે તે સમયે તેનો નાશ થાય છે. અધર્મ સંબંધી ઐક્ય ઉચિત નથી, કારણ કે તે નીતિવિરૂદ્ધ હોઇ જળના પરપોટાની માફક તરતજ નાશ પામે છે. તમારે સરળતા અથવા ઋજુતાથી વર્તવું જોઇએ. સજ્જનોની સોબત કરી દુર્જનોનો ત્યાગ કરો. તમારો મિત્ર અથવા તમારા વર્ગનો કોઇ વિદ્યાર્થી કોઇ બુરૂં કામ કરે તો તે કામને તમારે બુરૂં ગણવું તથા કહેવું જોઇએ, અને તેને સુધારવાને બનતો પ્રયત્ન કરવો જોઇએ; પણ દોષને છુપાવી તે દોષની વૃદ્ધિ થવાની તક કદાપિ આપતા નહિ. પાઠશાળાના નિયમોનું પાલન કરવામાં, ખરાબ વિદ્યાર્થીઓને શિક્ષા કરાવવામાં અને દોષને શોધી આપવામાં તમારે તમારા શિક્ષકોને સહાય્ય આપવી જોઇએ. આ રીતે વર્તવાથી તમે ખરેખર તમારા મિત્રોનું ભલુંજ કરો છો કારણ કે આમ કરવાથી તમારા સહાધ્યાયીમાં રહેલા દોષને સત્વર નાશ પામવાના પ્રસંગો મળશે અને તેનામાં શુભ બીજ રોપાશે; પણ આ કામ કરવામાં દ્વેષબુદ્ધિ નહિ રાખતાં સરળતા રાખવાની ખાસ જરૂર છે.

૫. આ બધા ગુણો કરતાં વધારે ઉત્તમ અને અવશ્યનો ગુણ ઉત્તમ

પ્રકારનું ચારિત્ર છે. તમારે હમેશાં સત્યવાદી અને નિષ્કપટી બનવું જોઇએ. નિષ્કપટતા અથવા સરલતા એ ઉત્તમોત્તમ ગુણ છે.

કેટલાક આળસુ અને અનુદ્યમી વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થવાના હેતુથી અનુચિત ઉપાય કરે છે. નિશાળમાંથી રજા મેળવવાને માટે પોતાના પિતા અથવા વાલીની જુઠી સહી કરે છે, અને સાચું કારણ લખવાથી રજા નહિ મળે એ ભયથી તે નહિ લખતાં જૂઠાં કારણો લખે છે. આ સર્વે પ્રપંચ છે, અન્યાયી આચરણ છે, અને વિદ્યાર્થીઓમાં અનીતિનાં બીજ રોપનારી કુરીતિઓ છે. મ્હારા વ્હાલા વિદ્યાર્થીઓ ! તમે કદાપિ એ રીતિઓનો આશ્રય લેતા નહિ; અને પોતાનો હેતુ પાર પાડવામાં અનુચિત ઉપાય લેવો એ અનીતિનું કામ છે, એમ બરાબર સમજી, સત્ય અને નીતિથી વર્તશો.

આ સર્વમાં ઉત્તમ બાબત એ છે કે તમે પરમ પ્રભુને ઓળખો, તેનાપર પ્રીતિ રાખો, તેની આજ્ઞા પાળો; આમ કરતાં કરતાં તમે ઈશ્વરી ગુણ મેળવવા ભાગ્યશાળી બનશો.

(૨)

હે વિદ્યાર્થીઓ ! તમે ભવિષ્યની પ્રજાના નાયક થવાના છો, અને તમારાપર દેશના ઉદયનો આધાર રહેલો છે. બાલ્યાવસ્થામાં તમને જેવી આદત યાને ટેવ પડી જશે, તે પ્રમાણે છેક મરણપર્યન્ત તમારૂં જીવન પસાર થશે. તમારે કોઇ પણ પ્રકારની ટેવ ગ્રહણ કરવામાં બહુજ વિચાર કરવો જોઇએ, અને તમારે સજ્જન અથવા ધાર્મિક બનવું જોઇએ. આ જગતમાં મુખ્યત્વે કરીને યુવાવસ્થાના સમયમાં જ્યારે તમારૂં ચારિત્ર બાંધવાનો સમય હોય છે, અને તમારી ટેવો અમુક પ્રકારનું વલણ લેવાના સમયમાં હોય છે, તે સમય ઉપર તમારે ખાસ લક્ષ આપી દુર્જનતાના પાશથી મુક્ત રહેવા તમારે બનતો પુરૂષાર્થ કરવો જોઇએ.

આ સ્થળે તમારે અંતઃકરણ સાથે એ ખુબ યાદ રાખવું કે ખરો આનંદ યાને પરમ સુખ સજ્જનતા પરજ આધાર રાખે છે. ખરૂં સુખ મેળવવાને તમારે તમારૂં અંતઃકરણ પવિત્ર અને નિર્મળ રાખવું જોઇએ. કારણ કે જે કામ પ્રસન્ન અંતઃકરણથી અથવા ચિંતા રહિતપણે થાય છે, તેજ કામમાં પરમ સુખ મળે છે. જે મનુષ્યની વૃત્તિ સાત્વિક કે ધાર્મિક છે, તે પોતાનું કામ ખરા મનથી શ્રદ્ધાપૂર્વક કરે છે, અને તેથી તેનો અંદરનો આત્મા પણ તે કામથી સંતુષ્ટ થાય છે.

જે દુષ્ટ કામ કરવામાં આવે છે, તેથી હૃદય પશ્ચાત્તાપના સાગરમાં ગોથાં ખાય છે, તેનું મન સદા બેચેન રહે છે, અને ખરૂં સુખ કે આનંદ સ્વપ્નમાં પણ તે મનુષ્ય પામી શકતો નથી. જો તમારે ચિરસ્થાયી સુખ કે આનંદ મેળવવો હોય તો તમારે યાદ રાખવું જરૂરનું છે કે તેવો આનંદ કે સુખ પુણ્ય કે ધર્મથીજ મળી શકશે. કારણ કે ધર્મજ સ્થાયી છે, અને કાળ કે દેશ બદલાય પણ સત્યધર્મપર તેની અસર થતી નથી. ધાર્મિક પુરૂષનું સુખ બાહ્ય વસ્તુઓ ઉપર આધાર નહિ રાખતાં મનની પ્રસન્નતા અને નિર્મળવૃત્તિ ઉપર આધાર રાખે છે, તેથી તેવો મનુષ્ય હરેક કાળમાં અને હરેક દેશમાં આનંદમાં મગ્ન રહી શકે છે. દરેક બાબતમાં પવિત્રતા રાખવી એ ઉત્તમ છે, પણ હૃદયની પવિત્રતા યાને વિશુદ્ધિ સર્વ કરતાં વિશેષ પ્રશસ્ય છે, અને તે મેળવવાને સર્વ પુરૂષોએ પ્રયત્ન કરવો ઘટે છે. પુણ્ય, ધર્મ કે સાત્ત્વિક વૃત્તિ એ નિર્મળ જળની પ્રણાલિકા સમાન છે, અને પ્રકાશનું ચિન્હ છે. તેથી ઉલટું પાપ અધર્મ કે તામસિક વૃત્તિ, મલિન જળની સમાન હોઇ અંધકારનું લક્ષણ છે. આ કારણથી આપણે પવિત્ર, શુદ્ધ યાને ધાર્મિક જીવન ગાળવું એ બહુજ લાભપ્રદ છે; જે મનુષ્યો આવું જીવન ગાળે છે, તેને રિદ્ધિ, સિદ્ધિ અને પરમ સુખ સ્વયમેવ આવી મળે છે. જે સદ્‌ગુણોનાં બીજ આપણા હૃદયમાં વાવવાં જોઇએ, તે સદ્‌ગુણો વિષે આપણે વિચાર કરી ગયા છીએ. તે ગુણો આજ્ઞાનુપાલન, કાલાનુવૃત્તિ (સમયાનુસરણ–Punctuality) ઉદ્યોગ, એકતા યાને પ્રેમ અને નિષ્કપટતા, સરલતા અથવા સત્યવાદિપણું છે. આ ઉપરાંત પણ આપણું વર્તન ઉત્તમ પ્રકારનું રાખવું જોઇએ, અને બીજાઓની સાથેના આપણા સંબંધમાં બહુજ મિત્રતા સાથે વર્તવું જોઇએ. વિદ્યાર્થી અવસ્થામાં કેવી કેવી રીતે સદ્‌ગુણો ખીલવી શકાય તેના કેટલાક દાખલા આપવાથી આ ઉપરના નિયમો ઉપર વધારે અજવાળું પડશે, એમ ધારી કેટલીક સૂચનાઓ દૃષ્ટાન્તદ્વારા અત્રે આપવામાં આવે છે.

કોઈ પ્રસંગે તમે તમારા વર્ગના છોકરા પાસે એક પુસ્તક કે લેખણ માગી, તે મહેરબાની રાહે તમને તે આપે છે. પરન્તુ તે પુસ્તક કે લેખણ લેતી વખતે તેમજ આપતી વખતે તમે એમ કહેતા નથી કે "હું તમારો મોટો ઉપકાર માનું છું." કેટલીકવાર તમે એવા અક્કડ મિજાજી કે અવિનયી રહો છો કે તેને તે વસ્તુ પાછી આપતી વખતે દૂરથી તેની બણી ફેંકો છો અથવા તો તે વસ્તુને જયાં ત્યાં પડી રહેવા દો છો આ કારણથી કેટલીકવાર તે પુસ્તક કે લેખણ ખોવાઇ જાય છે, અને એ

ખોવાનો દોષ તમારે માથે આવે છે. માટે આવી ભૂલો ન થાય, અને ઉપકારનો બદલો અપકારરૂપે ન થાય તે માટે તમારે નાનાં કામોમાં પણ બહુ સાવધ રહેવું જોઇએ, અને કદાપિ કૃતઘ્ની થવું ન જોઇએ.

વળી કેટલીકવાર તમે તમારા જ્ઞાનના અભિમાની બની જાઓ છો, અને તમે સૌથી વધારે જ્ઞાન ધરાવો છો એવો મિથ્યા ગર્વ રાખો છો, પરન્તુ તમારે એ અવશ્ય વિચારવું જોઇએ કે ખાલી કોથળો કદાપિ રહી શકતો નથી. બીજાઓના દોષ તરફ દૃષ્ટિ કરવા કરતાં પોતાની ભૂલો તરફ પ્રથમ નજર કરવી ઘટે છે. વિદ્યા વિનયથી શોભે છે, માટે બુદ્ધિની સાથે નમ્ર બનો. કહ્યું છે કેઃ—

विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम् ।
पात्रत्वाद् धनमाप्नोति धनाद्धर्मं ततः सुखम् ॥

વિદ્યાથી વિનય મળે છે, વિનયથી યોગ્યતા મળે છે, યોગ્યતાથી ધન મળે છે, ધનથી ધર્મ અને ધર્મથી છેવટે સુખ મળે છે.

વિદ્યાભ્યાસના સમયમાં ધ્યાન અથવા એકાગ્રતાનો ગુણ બહુ જરૂરનો છે. એકાગ્રતા અથવા કોઇ પણ વિષય ઉપર પોતાનું ચિત્ત લગાડવાની શક્તિ એ સર્વ બાબતમાં વિજયની કુંચી છે, અને વિદ્યાભ્યાસમાં તો તે પરમ મદદગાર છે. તમારા વર્ગમાં કોઇ વિષય શિખવાતો હોય તે વખતે જો તમે તે વિષય ઉપર ધ્યાન ન આપો, અને પાસે બેઠેલ છોકરા સાથે ચુપ ચુપ વાતો કર્યા કરો તો તે શિક્ષણનો લાભ કેવળ તમે જ ન મેળવો એટલુંજ નહિ પણ તમારી પાસે બેઠેલા વિદ્યાર્થીઓ પણ તે વિષય શિખી શકે નહિ. ભણતી વખતે વાતો કરવી અને પાઠપર ધ્યાન ન આપવું એ ઉત્તમ આચરણની વિરૂદ્ધ છે. કારણ કે તેમ કરવાથી તમે તમારા ગુરૂનો વિનય સાચવતા નથી. તેમજ તેનો તથા તમારો ઉપયોગી સમય નિરર્થક ગુમાવો છો. જ્યારે તમારો શિક્ષક વર્ગમાં ન હોય અથવા કાંઇ કામમાં રોકાયો હોય, ત્યારે તમારે ચુપ બેસી રહેવું જોઇએ, પણ કોલાહલ ન કરવો જોઇએ, કારણ કે એ બાબત પણ નિંદ્ય આચરણ છે.

આજકાલ ઉન્નતિનો સમય છે, ઉન્નતિદર્શક માર્ગો ચારે તરફથી બતાવાય છે; સમાજો, સંસ્થાઓ અને કોન્ફરન્સો ભરી કોમ, ધર્મ કે પ્રજાનું હિત લોકો વિચારે છે. કેટલાક મનુષ્યો નવી નવી બાબતો શિખવાને, વિદ્યાકળા પ્રાપ્ત કરવાને, અને મોટી મોટી ડીગ્રીઓ મેળવવાને ઇંગ્લાંડ, જર્મની, જાપાન, અમેરિકા વગેરે દેશોમાં જાય છે. જ્યાં ત્યાં મોટી મોટી

ધર્મ સમાજો અથવા સભાઓ સ્થપાય છે, અને પ્રજાના ઉદયને વાસ્તે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ થઇ રહી છે. આ સર્વ સારા સમયની નિશાનીઓ છે, અને આ ઉપરથી વિદિત થાય છે કે ઉન્નતિનો કાળ પાસે આવતો જાય છે. આ બાબતમાં એ યાદ રાખવા જેવું છે કે માંહોમાંહે નવા વિચાર વચ્ચે હાલ જે મારામારી ચાલી રહેલી છે, તેમાંથી જે જે વિચારો જેટલે જેટલે તે અંશે લાભકારક જણાય તેટલે તેટલે અંશે અંગીકાર કરી આગળ વધવું એમાંજ શ્રેય છે. આ સંબંધમાં કવિ કાલિદાસે કહેલું ઉત્તમ વચન બહુ વિચારવા યોગ્ય છે.

" જૂનું એટલું બધું સારૂં નથી, અને નવું એટલું બધુ નિંદનીય નથી, સંત પુરૂષો વિચાર કરીને એમાંથી એક પસંદ કરે છે, અને મૂઢ મનુષ્ય બીજાના પર વિશ્વાસ રાખી દોરવાય છે. માટે પક્ષપાત રહિત થઇને સત્યના ઉપાસક થવું એજ હિતકર માર્ગ છે.

વિદ્યાર્થીઓ ! તમારે સર્વ હિતકારી લાઇબ્રેરીઓમાં જઇ, ઉમદા પુસ્તકો વાંચવા જોઇએ, વાંચીને તેપર વિચાર યાને મનન કરવું જોઇએ. જે વાંચો વિચારો તે પ્રમાણે વર્તો. પણ સૌથી ઉત્તમ બાબત એ છે કે મહાન્ પુરૂષોનાં ઉત્તમ જીવનચરિત્રો વાંચો અને તેમની માફક ઉત્તમ, ધાર્મિક અને નિતિપરાયણ જીવન ગાળી પરોપકાર કરતાં શિખો.

લોકોમાં આજકાલ જે સુધારાનાં દૂષણ લાગેલાં છે, તેથી ચેતતા રહો. ઉપરથી મોટી મોટી વાતો કરનારા, પણ માંસ મદિરાનું સેવન કરનારા કહેવાતા મોટાઓના પાશથી દૂર રહો. ઘણા ખેદની વાત છે કે જે લોકો પોતાને સુધરેલા (civilized) કહેવરાવવા માગે છે, તેવાઓમાં મદિરાપાનનો શોખ દિન પ્રતિદિન વધતો ચાલે છે. પ્રિય વિદ્યાર્થીઓ ! આવા ખોટી મોટાઇનો ડોળ કરનારાઓનું કદાપિ અનુકરણ કરતા નહિ. તમારે ધૈર્ય રાખવું જોઇએ, અને જીતેંદ્રિય તેમજ શાંત સ્વભાવવાળા થવું જોઇએ.

જેઓમાં આ ગુણો હોય છે, તેઓજ જગતને ઉપકારી કાંઇક પ્રશસ્ય કામ કરી શકે છે. છેવટે આ બીજું પ્રકરણ પૂરૂં કરતાં હું પ્રાર્થના કરીશ કે તમને સદ્‌બુદ્ધિ મળે અને તમે તમારૂં જીવન ધાર્મિક તેમજ નીતિમય બનાવી સ્વ તેમજ પરનું હિત સાધી શકો અને દરેક કાગ તમે પવિત્ર બુદ્ધિથી કરી કર્મના અચળ નિયમ ઉપર તેના ફળને માટે વિશ્વાસ રાખતા થાઓ.

ક્રોધ અને ચંડાળ.

મનુષ્ય જે કુળમાં જન્મે છે તે કુળના બાહ્ય આચાર વિચાર ગ્રહણ કરે છે, પણ તેનો અંદરનો સ્વભાવ તે તે ઉન્નતિક્રમના કયા પગથીયા પર ઉભેલો છે તે જોવાથી અથવા જાણવાથી જણાઈ આવે.

ઉજળું એટલું દુધ નહિ ગણતાં તેના ગુણ તપાસવાની જરૂર છે. કહ્યું છે કે **गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः** ગુણી પુરૂષોમાં ગુણ એજ પૂજાનું સ્થાન છે, પણ તે સ્ત્રી છે કે પુરૂષ અથવા તે વૃદ્ધ છે કે જુવાન તે પર લક્ષ આપવાનું નથી. બ્હારથી ભગવાં વસ્ત્ર પહેર્યાં છતાં અંદરથી મનોવિકારોને વશ થતાં અનેક આપણી નજરે પડે છે, માટે બાહ્ય ડોળથી કદી છેતરાવું નહિ. આ બાબત ઉપર એક ટુંક દૃષ્ટાન્ત અત્રે નિવેદન કરવામાં આવે છે.

આજથી આશરે ૨૨૦૦ વર્ષ પહેલાં કાશીમાં એક આચાર્ય રહેતો હતો, તે વિદ્વાન હતો, ધર્મ શાસ્ત્રોમાં નિપુણ હતો પણ તેની વૃત્તિ રાજસી હતી અને તેથી કરી ક્રોધરૂપી વિકારને વારંવાર વશ થતો હતો; છતાં પોતાનો દોષ નહિ દેખવાની લોકોને સામાન્ય ટેવ તેનામાં જણાતી હતી. પોતે ક્રોધી છે એવો ખ્યાલ તેને સ્વપ્ને પણ આવ્યો નહોતો. એક સમયે તે ગંગામાં સ્નાન કરી સંધ્યા કર્મ આચરી, પવિત્ર થઇ પોતાના મઠ ભણી પાછો વળતો હતો, તેવામાં એક ચંડાળની સ્ત્રી સામેથી આવતી જણાઈ. તે સ્ત્રી તે બ્રાહ્મણ-આચાર્યને દેખી રસ્તાની બાજુએ પોતાના શરીરને સંકોચી ઉભી રહી. પણ કર્મસંજોગે તે સ્ત્રીની છાયા તે બ્રાહ્મણના પગના અંગુઠાપર પડી; તે બ્રાહ્મણ એકદમ ક્રોધે ભરાયો અને તે ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો. આ ઉપરથી 'તુ મારો પતિ છે' એમ તે કહેવા લાગી; એટલે તો તે આચાર્યના ક્રોધની હદ વળી. જેમ જેમ તે વધારેને વધારે ક્રોધે ભરાતો ગયો તેમ તેમ તે સ્ત્રી તેની સમીપ સમીપ જતી ગઈ અને છેવટે તેને બાઝી પડી અને આ મારો પતિ છે, એમ વારંવાર એકઠા થયેલા લોકોની સમક્ષ ઉચ્ચારવા લાગી. રાજ્યમાં માન્ય થયેલા અને લોકોમાં પ્રતિષ્ઠા પામેલા આચાર્યને આ ચાંડાલણીએ આ પ્રમાણે અપમાન કર્યું તેને માટે રાજા કેટલી મોટી શિક્ષા કરશે એમ લોક વિચારવા લાગ્યા. તે બ્રાહ્મણને તે સ્ત્રીએ છોડયો નહિ, અને તેવીને તેવી સ્થિતિમાં બન્ને જણા કોર્ટમાં જઇ પહોંચ્યાં. આ સ્થિતિમાં પોતાના રાજગુરૂને જોઇ રાજા પણ વિસ્મય પામ્યો. એકદમ તે

સ્રીને દેહાંતદંડ દેવાની રાજાએ શિક્ષા કરી. પણ તે સ્રીએ પોતાનો ખુલાસો સંભળાવાની નમ્રતાપૂર્વક વિનંતી કરી અને તે ચાંડાલણી આ પ્રમાણે બોલી. હે પૃથ્વીપતી ! તમારા આ આચાર્ય અનેક ગુણુસંપન્ન છતાં એક બાબતમાં પછાત છે. મેં મારાથી બન્યું તેટલું કરી રસ્તાની બાજુએ તેમને દેખી, સંકોચાઇ ગઇ; છતાં મારી છાયા તેમના અંગુઠાપર પડી; આ ઉપરથી મારા જેવા અધમ પ્રાણીને ક્ષમા આપવાને બદલે મારા ઉપર ક્રોધે ભરાયા. ક્રોધ એ ચંડાલ છે, અને ચંડાલ તે મારો પતિ છે. તેથી મેં તેને મારો પતિ કહ્યો. તે ન સમજવાથી તે વધારે ક્રોધાયમાન થયા તેથી વધારે ને વધારે ચંડાળ બનતા ગયા, અને તેથી મારા આલિંગનને પાત્ર થયા. હે નાથ ! આ બાબતમાં મારો દોષ હોય તે જણાવો, અને યોગ્ય લાગે તે શિક્ષા કરો. " આ શબ્દો સાંભળતાંજ તે આચાર્યને પોતાનો દોષ દેખાયો અને તે ચાંડાળણીને પગે પડયો અને તું મારી માતુશ્રી છે અને તુંજ ખરેખર મારી ઉપદેશક નિવડી એમ જણાવ્યું. તે સ્રીએ તે આચાર્યને આટલો સમય કનડયા બાબત ક્ષમા માગી. તે દિવસથી તે બ્રાહ્મણ આત્મનિરીક્ષણ કરતાં શિખ્યો, અને જ્યારે જ્યારે ક્રોધને વશ થવાનો સમય આવે ત્યારે તે ચાંડાલિનીને સંભારી તેને વશ નહિ થતાં વશ કરવા મથતો. આ પ્રમાણે તેનાપર જય મેળવવા સમર્થ થયો.

ગુણદષ્ટિ.

गुणा गुणज्ञेषु गुणा भवन्ति ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः ॥
आस्वाद्यतोयाः प्रभवन्ति नद्यः समुद्रमासाद्य भवन्त्यपेयाः ॥१॥

ગુણ જાણનારને ગુણ ગુણરૂપ દેખાય છે, પણ જે નિર્ગુણી છે જેને ગુણની કદર નથી તેને ગુણો પણ દોષરૂપ ભાસે છે, નદીનું જળ પીવા લાયક હોય છે, પણ સમુદ્રને મળતાં તે ખારૂં બને છે અને તેથી અપેય (ન પીવાલાય) બને છે.

સ્વર્ગનું સુખ તો દૂર રહ્યું, વળી મોક્ષનું સુખ તો તેથી પણ વિશેષ દૂર છે, પણ જો આ જગતમાં તમારી પાસેજ સુખની ઇચ્છિતા રાખતા હોતો તે સુખ સમભાવથી ઉત્પન્ન થતું અલૌકિક સુખ છે, એમ શ્રીમદ્ યશોવિજયજી અધ્યાત્મ સારમાં લખે છે. સમભાવ એ એવી ઉચ્ચ ભાવના છે,

કે જેનું અવલંબન લેવાથી દરેક માણુસ મોક્ષ સુખ મેળવવાને યોગ્ય થાય છે. સંબોધ સીત્તેરીમાં તેના વિદ્વાન લેખક બહુજ અસરકારક રીતે વિશાળ દૃષ્ટિથી જણાવે છે કે કોઇ માણુસ શ્વેતાંબર હોય, યા દિગંબર હોય, બૌદ્ધ હોય યા અન્ય કોઇ પણુ ધર્મને માનનાર હોય, પણુ જેના આત્મામાં સમભાવ જાગૃત થયેલો છે, તે મોક્ષ સુખ મેળવશે, એમાં જરા માત્ર પણુ સંદેહ નથી. આવો જે સમભાવ તેને મેળવવાને વાસ્તે જે સાધનો છે, તેમાં મુખ્ય સાધન ગુણુદૃષ્ટિ છે.

ગુણુદૃષ્ટિ એટલે ગુણાનુરાગ, અથવા દરેક વસ્તુના ગુણુ જોવાની વૃત્તિ છે. આ વૃત્તિવાળો પુરૂષ દરેક પ્રસંગમાં, દરેક બનાવમાં, દરેક મનુષ્યમાં દરેક ધર્મમાં સારૂં શું છે, તે શોધે છે. જ્યાં ગુણુ હોય, જ્યાં સારૂં હોય, જ્યાં હિતકારી હોય, જ્યાં કલ્યાણુકારી હોય, ત્યાં તેની દૃષ્ટિ વળે છે. જે ઉચ્ચ છે તે તરફ તેનો ભાવ ઢળે છે. તે પોતાના હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખે છે. ગુણુ દૃષ્ટિવાળો પુરૂષ ભ્રમર જેવો હોય છે, અને જેમ ભ્રમર દરેક પુષ્પમાંથી સુવાસજ ગ્રહણુ કરે છે, તેવી રીતે આ પુરૂષ પણુ દરેક બાબતમાંથી સારૂં તત્ત્વ ખેંચી લે છે. આથી ઉલટા ગુણુવાળાને માંખીની ઉપમા આપવામાં આવે છે. માંખી જેમ ચાંદું શોધી તેનાપર બેસે છે, તેવી રીતે દોષદૃષ્ટિ પુરૂષ દરેક મનુષ્યના દોષ તરફજ દૃષ્ટિ રાખે છે. આથી દોષ શોધવાની તેને ટેવ પડી જાય છે, અને સર્વત્ર તેને જગત્ દોષમયજ ભાસે છે. તે પોતાની ન્યૂનતા ખામી બીજાને આરોપે છે, અને તેથી બીજાઓ તેને કેવળ દોષરૂપ ભાસે છે. દોષ શોધવાની ટેવની માફક ગુણુ શોધવાની પણુ ટેવ પાડીએ તો પડી શકે છે.

દાખલા તરીકે કોઇક માણુસને અજીર્ણ થયું. અજીર્ણ થવાથી શરીરમાં અનેક વ્યાધિ ઉત્પન્ન થાય છે, કારણુ કે બધા રોગના મૂળ તરીકે અજીર્ણ ગણાય છે. આ અજીર્ણ દુઃખરૂપ છે, તે પણુ ગુણુ દૃષ્ટિવાળાને ગુણુરૂપ જણાય છે. અજીર્ણ તેને જણાવે છે કે તેણે પોતાની પચાવવાની શક્તિ કરતાં વિશેષ ખાધું હતું, તેનું આ પરિણામ છે. અજીર્ણ તેને એક ઉત્તમ નિયમને બોધ આપે છે કે વસ્તુ ગમે તેવી સ્વાદિષ્ઠ હોય, છતાં હદ બ્હાર તે ખાવામાં આવે તો તેજ વસ્તુ દુઃખના કારણુરૂપ થઇ પડે છે, માટે **अति सर्वत्र वर्जयेत्** સર્વ સ્થળે હદ બ્હારનો ત્યાગ કરવો જોઇએ. કુદરતના કોઇ પણુ નિયમનો ભંગ કરવાથી તેના પરિણામરૂપે દુઃખ ઉત્પન્ન થાય છે; તે દુઃખ ઉત્પન્ન થતાં આપણુને તે કડવું લાગે છે, પણુ શાંત મનથી જો આપણે વિચાર કરીએ તો સહજ આપણા લક્ષમાં આવશે કે

તે દુઃખરૂપી શિક્ષક પાસેથી આપણે ઘણું શિખવાનું છે. દુઃખ ઉત્પન્ન થતાં દુઃખનું કારણ શોધવા આપણે મથીએ છીએ, અને કારણ જણાતાં ભવિષ્યમાં તેવું કારણ આપણાથી ઉત્પન્ન ન થવા પામે તે માટે આપણે સાવધ રહીએ છીએ. શારીરિક તેમજ માનસિક દરેક રોગમાં, આ પ્રમાણે વિચાર કરવાથી, કાંઈને કાંઈક લાભ સમાયેલો જણાયા વગર રહેશે નહિ.

દુઃખ વખતે આવી વૃત્તિ રાખવી એ બહુ મુશ્કેલ લાગે છે, પણ તે બાબતની ટેવ પાડવાથી તેમ થઇ શકે છે.

આ જગતમાં ગુણી–ગુણવાન્ પુરૂષો ઘણા મળી આવે છે. શીળ, સંતોષ, ક્ષમા, દયા વગેરે અનેક સાત્ત્વિક ગુણોના ધારક સત્પુરૂષો પણ જડી આવે છે, પણ ગુણાનુરાગી–ગુણ ઉપર પ્રીતી ધરાવનાર પુરૂષો વિરલા જણાય છે. ગુણાનુરાગનો ગુણ તો કવચિતજ નજરે પડે છે. બીજાઓનું શ્રેષ્ટત્વ યા ઉચ્ચતા તેઓ પ્રમોદ સાથે જોઇ શકતા નથી. તેઓ બીજાઓની ખામી દર્શાવવામાં, બીજાઓને નીચી પાયરીએ મુકવામાં પોતાની ઉત્તમતા માને છે, તેવા પુરૂષોના બધા ગુણો, મોટામાં મોટા ગુણની ખામીને લીધે, અંધારામાં પડી જાય છે. એક ગુણાનુરાગીમાં ભલે ગુણ ન હોય છતાં ગુણ પ્રત્યે અનુરાગ–પ્રેમ રાખવાથી તે ધીમે ધીમે ગુણી બને છે. સર જ્યોર્જ ઇલીયટ લખે છે કેઃ—

The first condition of goodness is to have something to *Love* and the second is to have something to *Revere* સારા થવાનું પ્રથમ ચિન્હ કોઈ પણ ઉચ્ચ વસ્તુ ઉપર પ્રેમ હોવો જોઇએ, અને સારા થવાની બીજી નિશાની ઉચ્ચ પુરૂષ પ્રત્યે પૂજ્યભાવ હોવો જોઇએ. આ સદ્વસ્તુ અને સત્પુરૂષ પ્રત્યે પ્રેમ અને પુજ્યભાવ એ ગુણાનુરાગનાં બીજાં નામ છે. આ ગુણાનુરાગને પ્રમોદભાવરૂપે પણ વર્ણવવામાં આવે છે. ગુણાનુરાગનો મહિમા એટલો બધો છે કે તે વર્ણવાને પંડિતશ્રી જીનહર્ષગણિએ ગુણાનુરાગકુલક લખેલું છે અને તે ગ્રન્થમાં ૨૮ શ્લોક છે. પણ તેમાંનો દરેક શ્લોક એક બીજાથી ચઢીયાતો છે, તેમાં બીજા શ્લોકમાં તેઓશ્રી જણાવે છે કેઃ—

उत्तम गुणानुराओ, निवसइ हियर्यमि जस्स पुरिसस्स ॥
आतित्थयरपयाओ न दुल्लहा तस्य रिद्धिओ ॥

અર્થઃ—જે પુરૂષોના હૃદયમાં ઉત્તમ ગુણાનુરાગ વસે છે, તેને તીર્થંકર પદ સુધીની રિદ્ધિ પણ દુર્લભ નથી; અર્થાત્ તે પુરૂષ તીર્થંકર પદ પણ પ્રાપ્ત કરી શકે.

ગુણવાન પુરૂષ ઉપર અત્યંત પ્રીતિ થવાથી અવશ્ય ગુણ ઉપર પ્રીતિ થતી જાય છે, કારણ કે ગુણવાન ઉપર પ્રીતી થતાં ગુણવાનની પ્રીતિ સંપાદન કરવાને તે ઇચ્છે છે, ગુણીજન પોતાના ઉપર મહેરબાની રાખે એમ તે ચ્હાય છે. હવે ગુણીજનની પ્રીતિ મેળવવાનો એકજ માર્ગ છે, અને તે માર્ગ એ છે કે જે માર્ગે ગુણિજનો ચાલતા હોય તે માર્ગે ચાલવું. આ રીતે ગુણીજનની પ્રીતિ મેળવવાને ગુણ ખિલવાની જરૂર પડે છે. અને જેનામાં સારા ગુણ ખીલ્યા તેને લક્ષ્મી આવીને સ્વયમેવ વરે છે. તે સર્વ ઉચ્ચ પદને માટે લાયક અધિકારી બને છે, અને અનુક્રમે ગુણમાં વધતાં વધતાં તીર્થંકર પદ જેવું દુર્લભ પદ પણ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય છે. આ સર્વ ગુણાનુરાગનું ફળ છે,

ગુણદષ્ટિમાં બીજો પણ એક મોટો લાભ છે. જ્યારે ગુણદષ્ટિવાળો દરેક બાબતમાંથી–અવગુણવાળી બાબતમાંથી પણ—જે સારરૂપ હોય તે ગ્રહણ કરે છે, ત્યારે દોષદષ્ટિવાળો સ્હેજ પણ અવગુણ જણાતાં દરેક વસ્તુનો ત્યાગ કરે છે. આ કરવા જતાં એકાદ નજીવા અવગુણ સારૂ તે વસ્તુ અથવા તે પુરૂષમાં રહેલા અનેક બીજા સારા ગુણોનો લાભ તે ગુમાવે છે.

આ અપૂર્ણ જગતમાં કોઈ પણ મનુષ્ય કે વસ્તુ સંપૂર્ણ ગુણથી ભરેલ નથી, તો પછી દોષ દષ્ટિવાળાને તો જગતમાં રહેવા એક પણ સ્થાન મળી આવશે નહિ. કાળા ચસ્મા પહેરનારને જેમ સર્વત્ર કાળું ભાસે છે તેમ દોષદષ્ટિવાળાને સર્વત્ર દોષજ ભાસશે. દોષદષ્ટિમાં મોટો અવગુણ એ છે કે તેવો પુરૂષ તે બીજાની નિંદા કરવા મંડી જાય છે.

જ્યાં ત્યાં બીજાના દોષોની વાતો કરતો ફરે છે. આ રીતે પરને હાનિ કરે છે એટલું જ નહિ પણ પોતાના આત્માને પણ મલિન કરે છે, અહર્નિશ પારકાના દોષો ઉપર બહુ વિચાર કરવાથી તે પોતે પણ દોષયુક્ત બને છે, તે વિષે શાસ્ત્રમાં ઘણા ભારથી નિવેદન કરેલું છે કેઃ—

जं अब्भसेइ जीवो गुणं च दोषं च इत्थ जम्मंमि।
तं परलोए पावइ अब्भासेणं पुणो तेणं ॥

અર્થ:—જીવ આ જન્મમાં ગુણ કે દોષ બેમાંથી જેનો અભ્યાસ પાડે છે, તે અભ્યાસથી બીજા જન્મમાં તે ગુણ કે દોષ સહિત તે જન્મે છે. માટે હમેશાં ગુણ જોવાનો અભ્યાસ પાડવો જોઇએ.

આવી દષ્ટિવાળો એમ નથી કહેતો કે જગતમાં દોષ નથી અથવા દોષવાળા પુરૂષો નથી, પણ તેની દષ્ટિ તે તરફ તે દોરવતો નથી, પણ

તેમનામાં રહેલા ગુણો તરફ નજર કરે છે. બીજાનામાં જણાતા અવગુણો ટાળવાને તે તેમની નિંદા કરતો નથી, કારણ કે તે સારી રીતે સમજે છે કે નિંદાથી કોઈ સુધર્યું નથી, સુધરતું નથી, અને સુધરશે પણ નહિ. તે સારૂં શું છે તે તેમને બતાવે છે એટલે સ્વયમેવ તેઓ પોતાની ભુલ કબુલ કરી સુધરે છે. આ બાબત એક ટુંક દ્દષ્ટાન્ત આપી પુરવાર કરવા પ્રયત્ન કરીશ.

સુરતમાં રતનચંદ્ર નામનો શેઠ હતો, તેને એક સ્ત્રી અને એક પુત્ર હતાં. કર્મયોગે તે એકાએક મરણ પામ્યો; તેની મરણ ક્રિયા કર્યા પછી થોડે દિવસે તેની સ્ત્રી ઘરમાં રહેલા દાગીના વગેરે તપાસતી હતી તેવામાં તેને એક ઝવેરાતનું પોટકું જડી આવ્યું. આ હીરા વગેરે ખરા છે કે ખોટા છે તેની પરીક્ષા કરાવવાને તેણે પોતાના પુત્ર વીરચંદ્રને તેના મામા પાસે મોકલ્યો, કારણ કે તે સ્ત્રીનો ભાઇ રાયચંદ્ર ઝવેરાતનો વ્યાપાર કરતો હતો, રાયચંદ્ર ઝવેરાતમાં બહુ નિપુણ હતો. હીરા વગેરે જોતાંવાર તેની ખાત્રી થઇ કે આ બધા કાચના કડકા છે, પણ જો હું અત્યારે એમ જણાવીશ કે આ બધા કાચના કડકા છે, તો મારી બ્હેન તથા આ ભાણેજને વિશ્વાસ આવશે નહિ અને તેઓ એમ માનવાને દોરાશે કે મામાની દાનત બગડી છે.

માટે વિચાર કરી તેણે પોતાના ભાણેજ વીરચંદ્રને આ પ્રમાણે જવાબ આપ્યો " ભાઈ આ હીરા મૂલ્યવાન્ છે. હાલ બજારમાં તેના ભાવ બેશી ગયા છે, આ બરાબર સાચવીને પોટકું મૂકી દેજે, જ્યારે ભાવ આવશે ત્યારે હું તને જણાવીશ, હાલ તો તું મારી સાથે ઝવેરાતમાં ફર." તે ભાણેજે પણ તે પ્રમાણે કર્યું. બે ત્રણ વર્ષ સુધી પોતાના મામા પાસે ઝવેરાતમાં એવી સારી તાલીમ લીધી કે તે ભલભલા ઝવેરીઓને પણ હીરા પારખવામાં અને કીંમત આંકવામાં મ્હાત કરી દેતો હતો. મામાને જ્યારે જણાયું કે હવે ભાણેજ ઝવેરાતમાં બરાબર પ્રવીણ થયો છે, ત્યારે તે પોટકું લેઇ આવવાને મામાએ તેને ફરમાવ્યું, તેણે પોટકું લીધું, અને હવે પોતે હોંશીયાર ઝવેરી બનેલો હોવાથી જાતેજ તે તપાસ્યું. તપાસતાં લાગ્યું કે આ તો કાચના કડકા છે, તરત જ તેણે તે ફેંકી દીધા અને મામા પાસે ગયો. મામાએ પુછ્યું "કેમ ભાઇ ! તું પોટકું લાવ્યો ?" તેણે જવાબ આપ્યો કે "એ તો કાચના કડકા હતા તેથી મેં નાંખી દીધા" મામાએ શા સારૂ આ રસ્તો લીધો હતો તેનું કારણ તે વખતે તેને સમજાયું.

મામાએ વાપરેલી યુક્તિ ઉપદેશકોએ-ધર્મગુરૂઓએ વાપરવી જોઇએ છે. જે સારૂ હોય તે લોકોને બતાવો, સારાની શ્રદ્ધા કરાવો એટલે ખોટાનો સ્વયમેવ તેઓ ત્યાગ કરશે. કોઈ લીંટી દોરેલી હોય, તેને ટુંકી કરવા ગમે

તેટલો પ્રયત્ન કરીએ પણુ તે ટુંકી થઈ શકતી નથી, તેની સાથે લાંબી લીંટી દોરો એટલે તરતજ તે લીંટી ટુંકી જણાશે, તેવી રીતે માણુસોને ગુણુ તરફ વાળો, જે સારૂ હોય તે તરફ દોરવો, એટલે તરત જ તેઓ દોષ અને અશુભ બાબતોનો ત્યાગ કરશે.

આવી રીતે વર્તનાર ગુણુદષ્ટિવાળો પુરૂષ સર્વ પ્રત્યે પ્રેમભાવથી વર્તી શકે છે. સર્વ ઉપર સમદષ્ટિ રાખી શકે છે, અને આ રીતે સમભાવને લીધે જગતમાં રહેવા છતાં, પ્રતિકૂળ સંયોગોમાં વસવા છતાં, આધિવ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપની વચ્ચમાં જીવન પસાર કરવા છતાં પણુ અનુપમ શાંતિ અનુભવે છે. અને તે શાંતિમાં જ " મોક્ષ સુખની વાનગી છે."

આત્માની ગુલામગીરી.

એક આશ્ચર્ય !

જ્યારે આપણે ભૂતકાળ તરફ દષ્ટિ ફેરવીએ છીએ, ત્યારે, મનુષ્ય જાતિનો ઘણો ભાગ ગુલામગીરીની ધુંસરી નીચે ચંપાતો અને દુઃખી થતો આપણી નજરે પડે છે. આવી બાબતોનો અભ્યાસ કરવો, તે આનંદદાયક નથી, પણુ આપણે ભૂતકાળને વર્તમાનકાળ સાથે સરખાવી ભવિષ્યને ઉપયોગી શિક્ષણો ગ્રહણુ કરી શકીએ, તે માટે ભૂતકાળનો ઇતિહાસ તપાસવાની જરૂર છે. ગુલામગીરી જો કે આપણી દષ્ટિએ હલકી પાયરી લાગે છે, પણુ ખરી રીતે તપાસતાં તે ઉન્નતિક્રમનું એક અગત્યનું પગલું સૂચવે છે. પ્રથમ એવો સમય હતો કે યુદ્ધમાં પકડાયેલા કેદીઓને, એક મોટી જ્યાફત કે જેમાં મનુષ્યના માંસનો ઉપયોગ થતો હતો, તેને વાસ્તે, રાખી મૂકવામાં આવતા અને તે મનુષ્યરૂપી રાક્ષસોના અધમ જીહ્વાસ્વાદને સારૂ તે બિચારા કેદીઓને મારીને તેમનું માંસ રાંધવામાં આવતું હતું. ઇતિહાસ જણાવે છે તેમ હજારો કેદીઓને મારી નાખવા કરતાં તેમને બચાવવા, ગુલામ બનાવવા અને તેમની પાસે વૈતરૂ કરાવવું, એ એક આગલનું પગલું છે, એમ તો સહેજ વિચાર કરનારને સમજાયા વગર રહેશે નહિ. પણુ આ ગુલામગીરીનો રીવાજ પણુ લાંબો વખત ચાલી શકે તેમ નહોતો. જો કે મારી નાંખવા કરતાં ગુલામ બનાવવાનો રીવાજ એક રીતે વધારે ઉત્તમ છે, છતાં ડાહ્યા અને જ્ઞાની પુરૂષોને વિચાર કરતાં માલૂમ પડયું કે આ ગુલામો ઉપર તેની બહુજ માઠી અસર થાય છે. પ્રાચીનકાળના એક ગ્રીક ફીલસુફે લખ્યું

છે કે "જ્યારે મનુષ્ય ગુલામ બને છે. ત્યારે તેની અર્ધી મગજશક્તિ તો તે વખતેજ વિનાશ પામે છે. અને જેને ગુલામગીરીનો બરાબર અનુભવ હતો એવો હાલનો એક પ્રખ્યાત વિદ્વાન્ જણાવે છે કે ગુલામગીરીની ધુંસરી નીચે આવેલા મનુષ્યોમાં બીકણપણું, કપટ, મહેનત તરફ અરૂચિ, ચોરી કરવાની ટેવ, વિષયવાંછના, અવિચારીપણું અને નિસ્તેજપણું આવા દુર્ગુણો પ્રવેશ કરે છે. ગુલામગીરી અસલના વખતમાં એટલી બધી સાધારણ હતી કે મોટા મોટા વિદ્વાનો પણ તે સંબંધી ચુપ રહ્યા છે, પણ તેના વિરૂદ્ધ બોલ્યા નથી. ગુલામગીરી અથવા ગુલામોના શરીર ઉપર પૂર્ણ સત્તા–એ બાબતો ઘણા લાંબા સમય સુધી લોકોના તિરસ્કારને પાત્ર ગણાતી ન હતી. પ્રાચીન સમયમાં કેટલાક ગુલામો તેમના શેઠ કરતાં વિદ્યામાં અને બુદ્ધિમાં આગળ વધેલા હતા. છોકરાઓને ગમત સાથે જ્ઞાન આપનારી વાર્તાઓ લખનાર ઈસપ તેમજ બીજા ગુલામો તેમના શેઠના છોકરાઓને ખાનગી શિક્ષણ આપતા હતા, અને ઘરમાં કેટલીકવાર તો જોખમ ભરી જગ્યાઓ સાચવતા હતા. શરીરની ગુલામગીરી એ બહુ અનર્થકારી બાબત ગણવામાં આવતી નહતી, છતાં આપણે ગુલામગીરીના વિચાર ઉપર અત્યારે તિરસ્કારની દૃષ્ટિથી જોઇએ છીએ તે બરાબર છે. અરે! પણ વધારે અફસોસની. વધારે શોક ઉપજાવનારી બાબત તો એ છે કે આપણો આત્મા, ઇંદ્રિયો વિકારોને સ્વાધિન વર્તે છે. આ સંબંધમાં એક મહાપુરૂષે બોધ આપ્યો છે કે તમે ગુલામ હો કે શેઠ હો-ગમે તે હો પણ નમ્ર અને માયાળુ બનો, હૃદયને શુદ્ધ રાખો, દયાભાવ પ્રકટ કરો, શાંતિ અને સલાહ કરનારા થાઓ, અને સન્માર્ગે વળો. જો તમારામાં એ ગુણો હશે તો તમે ગમે તેવી સ્થિતિમાં આનંદી જીવન ગાળી શકશો, અને દરેક સંજોગોમાં તમે અલૌકિક સત્તા ભોગવી શકશો." સારાં કામ કરવાની અને સારા થવાની ઇચ્છા જ્યારે એકવાર હૃદયમાં દૃઢ થાય છે, ત્યારે સઘળી અડચણો દૂર થાય છે, અને અનુપમ સુખ અનુભવાય છે.

જો તમે ગુલામગીરીને તમારા ખરા જીગરથી ધિક્કારતા હો તો શા સારૂ તમે તમારા આત્માને ઇન્દ્રિયો અને મનોવિકારોના ગુલામ બનવા દો છો? અજ્ઞાન, વ્હેમ અને સર્વ જાતનાં પાપ એજ ખરી ગુલામગીરી છે. આત્માને ગુલામ બનાવવો એજ ગુલામગીરી છે. ધનવાન્ મનુષ્ય કોઇને ગુલામ બનાવ, તેના બહારના સંજોગો સુખકારક કે દુઃખકારક રચી શકે, પણ જે ગુલામ હૃદયનો પવિત્ર અને નમ્ર છે, તે બહારના પ્રતિકૂળ સંયોગોમાં પણ તેના શેઠે કદાપિ નહિ અનુભવેલું સુખ ભોગવી શકે અને મરણ પછી પણ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકે.

જ્યારે એક ગુલામને તેના જુલમી શેઠે કહ્યું કે તારા **આત્માનો** અને તારા **શરીરનો** બન્નેનો હું માલીક છું. ત્યારે તે ડાહ્યા અને બહાદૂર ગુલામે જવાબ આપ્યો કે તમે મારા શરીરના શેઠ છો, નહિ કે મારા આત્માના! આવો ગુલામ બ્હારથી ગુલામ દેખાવા છતાં અંતરથી મોટો રાજા છે. પણ ખરી રીતે તેનો શેઠ ગુલામ છે, કારણકે તે પોતાના હલકા વિકારોને તાબે વર્તે છે. હાલના સમયમાં–જોકે ગુલામગીરી શરીરની ગુલામગીરી બંધ પડી છે, છતાં ગુલામોની સંખ્યા ઓછી નથી. આપણી ચારે બાજુએ જુદા જુદા માનસિક વિકારો અને જુદી જુદી ઇન્દ્રિયોને તાબે થતા પુરૂષો આપણી નજરે પડે છે. તેઓ ગુલામ નહિ તો બીજા કોણ? બ્હારથી **સ્વતંત્ર** જણાવા છતાં તેઓ **પરતંત્ર** છે. જેઓ ખરી રીતે **પ્રેમ** અને **સત્યના** ઉપાસક છે, જેઓ પોતાના **કર્તવ્યમાં** ટેકીલા છે, તેઓ ખરેખરા સ્વતંત્ર છે. જેઓ નિઃસ્વાર્થ વૃત્તિથી પોતાના કર્તવ્યમાં મચ્યા રહે છે, તેઓની ઉન્નતિને બ્હારના સંજોગો હેરાન કરી શકવા સમર્થ થતા નથી. **જહોન બ્રાઈટ** નામનો પ્રખ્યાત ઇતિહાસકાર અને એક વખતનો પાર્લામેન્ટનો પ્રધાન પોતાની જાહેર જીંદગીની સમાપ્તિ વખતે ભાષણ કરતાં બોલ્યો હતો કેઃ—

"જ્યારે હું જુવાન મનુષ્ય હતો, જ્યારે હું તદ્દન જુવાન હતો ત્યારે મેં વિચાર કર્યો હતો કે હું જ્યારે મોટી વયનો થાઉં ત્યારે મારી મરજી પ્રમાણે હું ચાલીશ–હું સ્વતંત્ર થઇશ; તેને બદલે હવે મને લાગે છે કે દરેક વર્ષે હું **કર્તવ્યનો** વધારેને વધારે ગુલામ બનતો જાઉં છું અને તે કર્તવ્યની સેવા બજાવવામાંજ હું સંપૂર્ણ સ્વતંત્રતા અને આનંદ અનુભવું છું?" આપણે પણ આ મહાન્ પુરૂષના જીવન ઉપરથી બોધ ગ્રહણ કરી, પ્રેમ, કર્તવ્ય, સત્ય અને દયાની ધુંસરી આપણે શિર મૂકવી જોઇએ. એ ધુંસરી તે ગુલામગીરી નથી, પણ સ્વતંત્રતાની ઉચ્ચ પુષ્પમાળા છે. માટે જો આપણા આત્માને ખરી ગુલામગીરીમાંથી છુટો કરવા ઇચ્છા રાખતા હોઇએ તો આપણા હૃદયની અંદર ઉત્પન્ન થતા દુષ્ટ અને દુર્જય મનોવિકારોની સામે પ્રેમ, કર્તવ્ય, સત્ય અને દયાના વિવિધ આયુધો વડે બહાદુરાઇથી લ્હડવું જોઇએ. જે આ યુદ્ધમાં આ મોટા અંતર કલહમાં વિજય મેળવે છે, તે ત્રણ ભુવનને જીતનાર રાજા તુલ્ય છે. તેજ ખરો સ્વતંત્ર છે. તેનો આત્માજ ખરેખર ગુલામગીરીના બંધનથી મુકત છે. તેવી ખરી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો એજ મનુષ્યના જીવનનો ઉદ્દેશ હોવો જોઇએ, અને એવો ઉદ્દેશ વાચકવૃંદને સમજાય, તેમાંજ આ લેખની સાર્થકતા છે.

દમદન્તમુનિ.

આદરજો ભવ્યો સદા, સુખ મૂળ જે સમભાવ;
ભવસાગર તરવા વિષે, એ છે નૌતમ નાવ.

પ્રાચીન સમયમાં હસ્તીશિખર નામે નગરમાં, પ્રજાપાલક અને દાનેશ્વરી, દમદંત નામે મહાન્ રાજા રાજ્ય કરતો હતો. એકદા તે રાજા પ્રતિ વાસુદેવ જરાસંધની સેવા નિમિત્તે રાજગૃહી નગરીમાં ગયો. આ લાગ જોઈ હસ્તી· નાપુરમાં વસતા પાંડવોએ સૈન્ય સાથે ચઢાઇ કરી, અને તે દેશ લૂટયો. દમદંત રાજાને આ બાબતની જાણ થઇ કે તરતજ તેણે જરાસંધના સૈન્ય સાથે આવી હસ્તીનાપુર આગળ પડાવ નાંખ્યો, અને દૂતદ્વારા પાંડવોને નિવેદન કર્યું કે રાજાની ગેરહાજરીમાં તેના દેશને લટવો, તે તો નામરદાઈનું લક્ષણ છે, પણ હું તો તમારી સન્મુખ આવી ઉભો છું. માટે હીંમત હોય તો સંગ્રામમાં બ્હાર પડી પોતાનું સામર્થ્ય દાખવો. પાંડવો વચન સાંભળી બહુ જ ભયભ્રાન્ત થયા. અને કેટલાક સમય સુધી તો તેઓ નગરની બ્હાર પણ ન નીકળ્યા, પુનઃ તે દમદંત રાજાએ કહેવરાવ્યું કે " હે પાંડવો ! જો તમે સિંહસમાન હો તો પ્રાતઃકાળમાં રણભૂમિસારૂ તત્પર રહેજો. અને જો શિયાળ હો તો ઘરમાં ભરાઈ બેસજો. " આનો પ્રત્યુત્તર પણ ન આપ્યો, અને નગરમાં ભરાઇજ રહ્યા. પછી દમદંત રાજા સ્વદેશ તરફ પાછો વળ્યો, અને પ્રથમની માફક નિર્ભયતાથી, શાંત ચિત્તથી, અને લોકના કલ્યાણ-માંજ રાજાનું પરમ કલ્યાણ છે, એ ઉચ્ચ સૂત્રને હૃદયમાં ધારણ કરી રાજ્ય કરવા લાગ્યો. વખત અને વેળા કોઇની વાટ જોતા નથી; આ પ્રમાણે રાજય કરતાં ઘણો સમય વ્યતીત થયા પછી, શ્રી નેમનાથ પ્રભુના શિષ્ય શ્રી ધર્મઘોસસૂરિ તેના નગરમાં વિહાર કરતા કરતા આવી પહોંચ્યા. તેમની અમૃતતુલ્ય વાણીથી તેના હૃદયમાં રહેલા વૈરાગના બીજ વૃદ્ધિ પામ્યા; કારણ કે સંતપુરૂષોને વધારે ઉપદેશની જરૂર હોતી નથી. અને તે વૈરાગ્ય· ભાવનાથી જેમ જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરે તેમ સંસાર સંબંધી સર્વ ઉપાધિ· ઓનો ત્યાગ કર્યો અને દીક્ષા લીધી. દીક્ષાવસ્થામાં અધિકાર મેળવી સિદ્ધાંતનું રહસ્ય જાણી તે દમદંત મુની દેશોદેશ વિચરવા લાગ્યા. આ પ્રમાણે વિહાર કરતા તેઓ હસ્તિનાપુરની ભાગોળે આવી પહોંચ્યા. ત્યાં કાયોત્સર્ગ કરી, મેરૂ પર્વતની માફક અચળ ઉભા રહ્યા. એટલામાં અશ્વક્રીડાએ જતાં પાંડ· વોએ તે મુનિને દીઠા. તરતજ ઘોડેથી ઉતરી તે મુનિને વંદના કરી; અને

નીચે પ્રમાણે બોલ્યા:-"ધન્ય આવા મહાત્માઓને કે જેમણે જગતની રાજ્યલક્ષ્મીને અસત્ય ગણી આત્મલક્ષ્મી મેળવવા પ્રયાસ કર્યો." ઇત્યાદિ સ્તુતિના વચન કહી સ્વકાર્યમાં તેઓ પ્રવૃત્ત થયા. થોડા સમય પછી દુર્યોધન ત્યાં આવી પહોંચ્યો, તે મુનિને જોઈ તે ક્રોધયુક્ત થઇ કહેવા લાગ્યો. "અરે! આ પાપીએ ઘણા દિવસ સુધી આપણને નગરમાંથી જવા દીધા નહોતા. હવે મુનિપણાનો ઢોંગ કરી લોકોને છેતરવા તત્પર થયો છે." એમ કહી બીજોરૂં છૂટું માર્યું. "યથા રાજા તથા પ્રજા" એ કહેવત અનુસાર તેના સિપાઇઓએ અને રસ્તે આવતા જતા મનુષ્યોએ એટલા પત્થર ફેંક્યા કે તે મુનિ પત્થરના ઢગલામાં દટાઈ ગયા. તે સમયે તે મહાત્મા નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યા "હે ચેતન! પૂર્વ ભવમાં બાંધેલા કર્મ ભોગવ્યા વિના તારો છૂટકો નથી, આત્મા કર્મનો કર્તા તથા ભોક્તા છે. બીજા તો નિમિત્ત માત્ર જ છે. દુર્યોધન પણ મારા પૂર્વ કર્મનો ક્ષય કરવામાં સહાયભૂત થયો, માટે તેને પણ ધન્ય છે. આ પ્રમાણે સમભાવ રાખવા લાગ્યા. શત્રુ ઉપર પણ જેને જરા માત્ર ક્રોધ નથી, પણ જે તેનામાંથી પણ ગુણ ગ્રહણ કરે છે, તેવા મુનિને હજારો વાર અમારી અંતઃકરણની વંદના હો!

થોડા સમય પછી પાંડવો પાછા આવ્યા, અને તે મુનિને નહિ દેખવાથી વિચાર કરવા લાગ્યા, તેવામાં ત્યાં ઉભેલા કોઇ મનુષ્યે દુર્યોધનનો સર્વ વૃતાન્ત નિવેદન કર્યો. ત્યારે તરતજ પાંડવોએ તે પત્થરા ખસેડાવ્યા પણ તે મુનિના શરીરે તે પત્થરોની અસહ્ય પીડા થઇ હતી. તે પીડાને સહનશીલતાથી ખમતા પુદ્દગલ વસ્તુઓ વિનાશી એમ અનુભવતા, આત્મજ્ઞાનમાં રમણ કરતા તે મુનિ ક્ષપક શ્રેણીએ ચઢી કર્મનો જ્ઞાનાગ્નિથી વિનાશ કરી કેવળજ્ઞાન પામ્યા. આવો સમભાવ, આવી ઉચ્ચ મનોભાવના આવવી, એ કામ કાંઇ સ્હેલું નથી, પણ નાની નાની બાબતોમાં તેનો આરંભ થવો જોઇએ છે.

જ્યારે સમભાવ થશે, જ્યારે હિતકારી તથા અહિતકારી પર સમાન દૃષ્ટિ થશે, ત્યારે સંસારબંધન છૂટશે. સંબોધસિત્તેરીમાં કહ્યું છે કે "શ્વેતાંબર હોય, યા દિગમ્બર હોય, બૌદ્ધ હોય યા કોઇ મતાવલંબી હોય, પણ જેના આત્મામાં સમભાવ છે, તેજ નિશ્ચયતાથી મોક્ષ મેળવે છે." માટે તે મેળવવા સંસારના જુદા જુદા પ્રસંગોમાં યથાશક્તિ પ્રયત્ન કરવો, કે જેથી કરી છેવટે દમદંત મુનિની માફક સમભાવની ઉચ્ચ શ્રેણીએ ચઢી શકાય.

અંતરાય (વિઘ્ન.)

અંતરાય એ શબ્દનો અર્થ માર્ગમાં આવતી અડચણો-મુશ્કેલીઓ એવો થાય છે. બધા પુરૂષોને એક સરખા અંતરાય માર્ગમાં આવતા નથી. દરેક મનુષ્યનું સાધ્યબિંદુ જુદું હોય છે, અને તેથી તેના માર્ગમાં મળી આવતાં વિઘ્નો પણ જુદા જુદા પ્રકારનાં હોય છે. વસ્તુઓ અથવા બનાવો તમને અનુકૂળ નથી તેમ પ્રતિકૂળ પણ નથી. પણ અમુક મનુષ્યના માર્ગની અપેક્ષાએ અમુક સંજોગો અનુકૂળ ગણી શકાય, તેજ સંજોગો બીજા મનુષ્યને અંતરાયરૂપ લાગે, એમ પણ બનવા જોગ છે.

આ બાબત સ્પષ્ટ રીતે સમજાય માટે અમુક દાખલો લેઇ તે તપાસીશું. જે સ્થળે કોઇ પણ મનુષ્યે પગ સરખો પણ ન મુક્યો હોય તેવા પ્રદેશનો વિચાર કરો. ત્યાં પાંચભૂત (પૃથ્વી, પાણી, આકાશ, વાયુ અને તેજ)નું રાજ્ય સ્વેચ્છાએ ચાલી રહેલું હોય છે, ત્યાં આગળ ઉંચા પર્વતો આવેલા હોય છે તેની બાજુએ વિશાળ વૃક્ષોની ઘટાવાળાં જંગલો માલૂમ પડે છે, અને પર્વતોની ખીણમાં થઇને આડો અવળો ઝરો વહે છે, જે છેક સમુદ્રને મળે છે. આ બધું તે પ્રદેશમાં સ્વાભાવિક રીતે માલુમ પડે છે. આવા પ્રદેશમાં પ્રથમ એક મનુષ્ય આવે છે. તે પુરૂષ તે ઉજડ પ્રદેશને રસાલ બનાવવા માગે છે, સુધરેલા દેશના લાભ તે પ્રદેશને મળે એમ તે જીગરથી ઇચ્છે છે, આ સર્વ માટે એક દેશ અને બીજા દેશ વચ્ચે જવા આવવાના રસ્તાનાં સાધનો તૈયાર કરવાં જોઇએ, રેલ્વેઓ બાંધવી જોઇએ, તાર નાખવા જોઇએ. આવા મનુષ્યને પર્વતો, જંગલો અને ઝરાઓ અંતરાયરૂપ નીવડે છે. અને જો તેની ધારણા તેને પાર પાડવી હોય તો આ અંતરાયના સામા થવું જોઇએ અને તેમને વશ કરવા જોઇએ.

આ ચીજો અંતરાયરૂપ શાથી બની? શું તે મનુષ્ય ત્યાં આવ્યો તે પહેલાં પર્વત ઝરાઓ અને જંગલો ત્યાં ન હતાં? આ બધી ચીજો તે પ્રદેશમાં સ્વાભાવિક હતી, અને તે મનુષ્ય પણ બીજા સામાન્ય મનુષ્ય જેવો સ્વાભાવિક પ્રાણી હતો. તેની તેના જાતિભાઈઓના સુખ અને સુખનાં સાધનો વધારવાની ઇચ્છા પણ વખાણવા લાયક હતી. પણ **આ તેની ઇચ્છા બર લાવવામાં સ્વાભાવિક કારણો અંતરાયરૂપ નીવડયાં.** જ્યારે તેના હૃદયમાં તે પ્રદેશમાં સુધારો કરવાની ઇચ્છા ઉત્પન્ન થઈ ત્યારે અડચણ ઉભી થઇ, અને જ્યાં સુધી તે પ્રયત્ન ન કરે ત્યાં સુધી તે અડચણો દૂર પણ ન થઇ શકે.

આ નિયમ બાહ્યવિશ્વને તેમજ આંતરૂવિશ્વને એક સરખી રીતે લાગુ પડે છે. કોઈ પણ પ્રકારનું ફળ મેળવવા જે મનુષ્ય માગે છે, તેના માર્ગમાં અંતરાય આવવાનો એ બાબત નિશ્ચિત છે; જો તેનામાં જરા પણ દૃઢ ઇચ્છાબળ હશે તો જરૂર તેને માર્ગમાં અડચણ મળી આવશે.

જેમ જેમ આપણે જીંદગી પસાર કરતા જઇએ છીએ, તેમ તેમ આપણા માર્ગમાં વિઘ્નો આવતાં જાય છે. દરેક વિઘ્ન આપણને અમુક પ્રકારનો અનુભવ આપે છે, અને અનુભવના પગથીયાંપર પગ મુકી આપણે આગળ વધીએ છીએ. જો અમુક વસ્તુ પ્રાપ્ત કરવાની આપણી દૃઢ ઇચ્છા હોય, અને તે મેળવવાને જો આપણામાં દૃઢ મનોબળ હોય તો જરૂર આ- પણા માર્ગમાં વિઘ્નો આવવાનાં. આવું દરેક મનુષ્યના સંબંધમાં બને છે, માટે વિઘ્ન આવે જરા પણ ગભરાવાનું કારણ નથી. જે મનુષ્ય કાંઇ પણ મેળવવા માગતો નથી, તેને વિઘ્નો પણ આવતાં નથી.

આપણે ઉપર જણાવી ગયા તેમ દરેક મનુષ્યને તેની ઇચ્છિત વસ્તુના સ્વરૂપ પ્રમાણે જુદા જુદા અંતરાય નડવાના. દરેકને જુદી જુદી મુશી- બતો નડે છે.

આ કારણથીજ જ્યાં સુધી આપણે આપણી જાતને બીજાની સ્થિતિ- માં ન મુકીએ ત્યાં સુધી તેને કેવા પ્રકારની અડચણો નડતી હશે, તેનો સં- પૂર્ણ ખ્યાલ આપણે બાંધી શકીએ નહિ, અને જ્યાં સુધી આપણે આમ ન કરીએ ત્યાં સુધી બીજો મનુષ્ય શી ધારણાથી કામ કરે છે તેની પણ આપણને બરાબર ખબર પડે નહિ, અને તેથી તેના માર્ગમાં આવતી અડ- ચણો દુર કરવાને જોઇતી મદદ આપી શકવા સમર્થ થઇએ નહિ. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે જેઓનો ઉદ્દેશ લક્ષ્ય બિન્દુ–ધારણા સરખી હોય છે, તેઓ એક બીજાના આશયને બહુ સારી રીતે સમજી શકે છે અને પ્રયાણમાં એક બીજાને બહુ સારી મદદ કરી શકે છે.

આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે કોઇ બ્હારનો પ્રાણી આપણા માર્ગમાં વિઘ્ન નાખતો નથી. વિઘ્નો સ્વભાવિક છે, અને તે વિઘ્નો જે પ્રમાણમાં આપણે ઓળંઘી જઇએ તે પ્રમાણમાં આત્માની ગુપ્ત રહેલી શક્તિઓ પ્રકટ થથી જાય છે. જેમ જેમ વિઘ્નોનો નાશ કરવાને પોતાની શક્તિ વાપરવામાં આવે છે, તેમ તેમ તે વૃદ્ધિ પામતી જાય છે. આ સાથે એ પણ યાદ રાખવું જરૂરનું છે કે શક્તિનો ઉપયોગ કરાવનાર અંતરાયો જો માર્ગમાં ન હોય તો આત્મશક્તિનો કદાપિ ઉપયોગ પણ ન થાય અને તે

પ્રકટ પણ ન થઇ શકે; અને શક્તિ વાપરવાથી વધતી હોવાથી એમ કહીએ કે આ અંતરાયો જરૂરના છે, તો તે પણ એક અપેક્ષાએ સત્ય છે.

જે મનુષ્યને મોટામાં મોટાં વિઘ્નો મળે છે, અને જે તેમનાપર પરાજય મેળવે છે, તેજ પુરૂષ દૃઢ ચારિત્રવાળો બને છે. બેસી રહેવાથી શરીર કદાપિ ખીલતું નથી, પણ ડમ્બેલ્સ–મગદળીયા સાથે શરીરને કસવાથી તેના સ્નાયુઓ મજબૂત થાય છે, અને શરીર વૃદ્ધિ પામે છે.

આત્માનો સ્વભાવજ એવો છે કે તે ધારે તે કરી શકે. તેને વાસ્તે જરૂરનાં સાધનોમાં પ્રથમ બાબત દૃઢ નિશ્ચય અને બીજી બાબત સમય છે. જો તમે ધીરજવાન્ હો અને દૃઢ નિશ્ચયથી તમારા લક્ષ્યબિન્દુને વળગી રહેતા હો તો જરૂર તમે મનુષ્યથી જે સાધ્ય થઇ શકે તેવું સર્વ પ્રાપ્ત કરી શકશો. નેપોલીયન કહેતો હતો અશક્ય એ શબ્દને કોષમાંથી (ડીક્શ-નરીમાંથી) કાઢી નાખવો જોઇએ. આર્કીમીડીસ એટલે સુધી જણાવતો હતો કે "પૃથ્વીની બ્હારની પાસ એવું એક બિન્દુ મને આપો કે જ્યાં હું મારી લાકડી ટેકવી શકું અને હું આખી પૃથ્વીને તે લાકડી ઉપર ઉપાડી શકીશ." તેજ રીતે આપણે પણ સત્ય રીતે કહી શકીએ. "અમને વખત આપો અને દરેક બાબત અમે સાધ્ય કરી શકીશું" કાંઈ પણ આ જગતમાં અશક્ય નથી. ફક્ત આત્મામાં જે ગુપ્ત છે, તે પ્રકટ કરવાનું છે. કેવલજ્ઞાન પણ આત્મામાંજ રહેલું છે, અને તે પણ પ્રકટ કરી શકાય. જે મનુષ્ય આ નિયમને સમજે છે, અને સાધ્ય મેળવવાનાં યોગ્ય સાધનોનો ખંતથી ઉપયોગ કરે છે, તે વ્હેલો મોડો પોતાનું ધારેલું ફળ મેળવી શકે છે.

જો કોઈ માણસને શિક્ષક થવું હોય તો તરતજ તેના માર્ગમાં અંત-રાયો આવે છે, અને તે અંતરાય તેના સ્વાભાવિક અજ્ઞાનને લીધે ઉદ્ભવે છે, પણ શિક્ષકને યોગ્ય ગુણ મેળવવાની તેની ઈચ્છાથી અને આત્મામાં તે બાબતની રહેલી શક્તિથી અંતરાયોપર પરાજય તે મેળવે છે, અને તે સારો શિક્ષક નીવડે છે. આ નિયમ દરેક ધંધાને લાગુ પાડી શકાય.

આ સર્વને સારૂ વખતની જરૂર છે. કોઇ પણ ધંધામાં પ્રવીણ થવાને સમય કેટલો લાગશે તેનો આધાર અંતરાયના સ્વરૂપ ઉપર અને તેનામાં મળી આવતા આત્મબળ પર રહેલો છે. જેમ અંતરાય મોટા તેમ સમય વધારે લાગે અને જે પ્રમાણમાં આત્મબળ તેનામાં વધારે હોય તે પ્રમાણમાં સ-મય ઓછો લાગે છે.

અડચણોથી દૂર નાશી જવાથી અથવા તેમને આગળ ઉપર મુલત્વી રાખવાથી અડચણોપર કદાપિ જય મેળવી શકાય નહિ. પણ તેમના સામા

થવાથી અને આપણા જ્ઞાન પ્રમાણે જણાતા યોગ્ય માર્ગથી દરેક વખતે થોડો થોડો તેનાપર જય મેળવવાથી આખરે ભારેમાં ભારે અંતરાય પણ ઓળંગી શકાય છે.

જેમ ભણવાનો કોઇ સરલ માર્ગ નથી, તેમ આત્મશક્તિ પ્રકટ કરવાનો અને અંતરાયોપર જય મેળવવાનો કોઇ સરલ માર્ગ નથી. ધન આપવાથી કે કોઇની ખુશામત કરવાથી આ કામ બની શકે તેમ નથી. તેને વાસ્તે ધીરજ રાખી કાર્ય કરવું જોઇએ. એકજપ્રયત્નથી બધી અડચણો એકદમ દૂર થઇ શકે નહિ. લાકડીનો ભારો ગમે તેવા સખ્ત પ્રયત્નથી પણ કોઇ ભાગી શકે નહિ. દરેક લાકડી છુટી પડવાથી તે ઝટ ભાગી શકાય છે, તેજ રીતે બધા અંતરાયોના સામા એકદમ થઇ શકાય નહિ, તેમ તે સઘળાનો એકદમ વિનાશ પણ ન કરી શકાય. માટે એક એક અંતરાયના સામા થવા પ્રથમ પ્રયત્ન કરવો. વિઘ્નના સામા થવાથી અને તેનાપર જય મેળવવાથી આત્મશક્તિ વિશેષ વિશેષ ખીલતી જાય છે, અને આથી આત્મશક્તિમાં વિશેષ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

કેટલીકવાર ભારે મુશીબતો નજરે પડે તો તેથી જરા પણ હિમ્મત હારવી નહિ. આગળમાર્ગ અંધકારથી ઢંકાયલો માલૂમ પડે તો તેથી પણ જરા ગભરાવું નહીં, પણ યોગ્ય સાધનથી આગળ વધવું. આગળ વધતાં તેની આગળનું પગલું સ્વયમેવ જણાઇ આવશે. શ્રી શત્રુંજય પર્વતનું શિખર તલેટીએથી દૃષ્ટિએ ન પડે તો તેથી આપણે હિમ્મત હારી જતા નથી કે ગભરાતા નથી, પણ ધીમે ધીમે ઉંચે ચઢીએ છીએ. ઉંચે ચઢતાં આગળનો માર્ગ તેની મેળે જણાઈ આવે છે. માટે પોતાના સમીપ દેખાતા અંતરાય ઉપર પ્રથમ પરાજય મેળવવો એટલે મોટી કસોટીમાંથી પસાર થવાને તમે લાયક બનતા જશો.

જેટલા બાહ્યજગત્માં અંતરાય યા વિઘ્નો નડી આવે છે તેના કરતાં વિશેષ મહત્વના અંતરાય આંતર્ ઉચ્ચજીવન ગાળવાને પ્રયત્ન કરનારના અનુભવમાં આવે છે. તે અંતરાય અદૃસ્ય છતાં બહુજ પ્રબળ હોય છે. તેવા શત્રુપર પરાજય મેળવવાનું કામ સુગમ નથી. તેવા શત્રુપર જય મેળવનારને જગત્ માન આપતું નથી છતાં આંતર્ શત્રુઓનો પરાજય જગતની કીર્તિ કે માન ખાતર કરવાનો નથી પણ આત્માની શક્તિઓના પ્રકાશમાં તે અડચણરૂપ હોવાથી તેમનો નાશ કરવો જોઇએ. અને જેનું લક્ષ્ય આત્મશક્તિનો પ્રકાશ કરવાનું હોય છે, તેજ મનુષ્ય આવો પ્રયત્ન આરંભે છે. અંદરના માનસિક શત્રુઓ ઉપર જય મેળવવાથી તેને જે આનંદ થાય છે તે અવર્ણનીય છે. કવિ ભારવી કીરાતાર્જુનીયમાં લખે છે કે:—

મનની અંદર ઉત્પન્ન થતા દુર્જય શત્રુઓ—દુષ્ટ મનોવિકારો—કામ, ક્રોધ, મોહ, લોભ, માન, રાગદ્વેષ વગેરે—સાથે બહાદુરાઇથી અને માણસાઇથી લડવું જોઇએ; જે તેમનો પરાજય મેળવે છે, તે ત્રણ જગતના જીતનાર તુલ્ય છે. માટે આત્મશક્તિમાં વિશ્વાસ રાખી ધૈર્યથી દરેક મનુષ્યો આ અંતરાયોપર જીત મેળવવા પ્રયત્નશીળ થવું. હજારો શત્રુઓ જીતવા કરતાં એક અંતરૂશત્રુને જીતવો તે દુષ્કર કામ છે, જે તેને જીતે છે તેવા જીનને હજારોવાર નમસ્કાર હો !

જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન અને સિદ્ધાંતો.

(મર્હુમ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. એ ચીકાગોમાં ભરાયેલી ધર્મ પરિષદ્ આગળ આપેલું ભાષણ.)

જૈન ધર્મ દરેક વસ્તુ બે પ્રકારથી જુએ છે. એક દ્રવ્યાથકનય અને બીજો પર્યાર્થિકનય. દ્રવ્યર્થિક નયની અપેક્ષાએ આ સૃષ્ટિનું મૂળ નથી તેમ અંત પણ નથી, પણ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ પળે પળે ઉત્પત્તિ અને લય ચાલ્યા કરે છે.

જૈન સિદ્ધાંતના બે વિભાગ પાડી શકાય, એક તો શ્રુત ધર્મ અથવા તત્ત્વજ્ઞાન, અને બીજો ચરિત્ર ધર્મ અથવા નૈતિક સિદ્ધાંત.

શ્રુતધર્મ નવ તત્ત્વના સ્વરૂપ વિષે છ પ્રકારનાં જીવતાં પ્રાણી વિષે અને સ્વર્ગ, મનુષ્ય, તિર્યંચ અને નરક રૂપ ચાર પ્રકારની હયાતિ (ગતિ) વિષેના સ્વરૂપનું જ્ઞાન આપે છે. નવ તત્ત્વમાં પ્રથમ તત્ત્વ જીવ છે. જૈનધર્મ પ્રમાણે જીવ જાણનાર, વિચાર કરનાર અને લાગણી ધરાવનાર તત્ત્વ છે. વસ્તુતઃ તે જીવતાં પ્રાણીમાં દૈવીતત્ત્વ છે. જૈનો ધારે છે કે જ્ઞાન, લાગણી, વિચાર અને ઇચ્છાના બનાવ કોઇ પણ વસ્તુ ઉપર આધાર રાખે છે અને તે કોઇ પણ વસ્તુ સદ્ હોવી જોઇએ. આ જીવાત્મા જ્ઞાનથી એક અપેક્ષાએ ભિન્ન છે. પોતાના જ્ઞાનના સંબંધમાં તો આત્મા જ્ઞાનથી અભિન્ન છે, પણ બીજા કોઇના જ્ઞાનના સંબંધમાં આત્મા જ્ઞાનભિન્ન છે. આત્માનો ખરો સ્વભાવ સદ્જ્ઞાન, સદ્દર્શન અને સચ્ચારિત્રાત્મક છે. આત્મા જ્યાં સુધી જન્મ મરણના ચક્રને વશ છે ત્યાંસુધી ઉન્નતિ અને અવનતિ પામ્યા કરે છે. બીજું તત્ત્વ અજીવ છે તેનો અર્થ પ્રકૃતિ એમ નથી પણ તેના કરતાં કાંઇક વધારે છે, જે જીવ નથી તે અજીવ.

તે નવ તત્ત્વમાંના બીજા સાત તો જીવ અને અજીવના સંયોગ તેમજ વિયોગથી થયેલી વિવિધ સ્થિતિઓ છે. ત્રીજું તત્ત્વ પુણ્ય છે જેથી કરીને મનુષ્ય સુખ પામે છે. ચોથું તત્ત્વ પાપ છે જેથી મનુષ્ય દુ:ખી થાય છે. પાંચમું તત્ત્વ આશ્રવ જેથી પાપ અને પુણ્ય બંધાય છે. છઠ્ઠું તત્ત્વ સંવર છે જેથી કર્મ આવતાં અટકે છે, અને સાતમું તત્ત્વ નિર્જરા કે જેથી આવેલાં કર્મનો નાશ થાય છે. આઠમું તત્ત્વ જીવનો કર્મ સાથે બંધ છે. નવમું તત્ત્વ જીવનો સર્વ કર્મથી સર્વથા સદાને માટે મોક્ષ છે.

દ્રવ્યના જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, એ રીતે છ વિભાગ પાડવામાં આવ્યા છે. છ પ્રકારના જીવતાં પ્રાણીના (છકાયના) ષટ્‌વિભાગ છે. જેમકે પૃથ્વીકાયના જીવ, અપકાયના જીવ, તેજસ્કાયના જીવ, વાયુકાયના જીવ, વનસ્પતિકાયના જીવ અને તે દરેકને સ્પર્શેંદ્રિય નામની એક ઇંદ્રિય છે. વળી આના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે, તેમાં કેટલાંકને બે ઇંદ્રિયો હોય છે. સ્પર્શેંદ્રિય અને રસેંદ્રિય જેવાં કરમીઆં, જળો વગેરે કેટલાંકને ત્રણ ઇંદ્રિયો હોય છે. પ્રથમની બે અને ઘ્રાણેંદ્રિય જેવાં કે કીડી, જુઆ વગેરે. કેટલાંકને ચાર ઇંદ્રિયો હોય છે પ્રથમની ત્રણ અને ચક્ષુરિંદ્રિય જેવાં કે ભમર, વીંછી વગેરે. કેટલાંકને પાંચ ઇંદ્રિયો હોય છે. પ્રથમની ચાર અને શ્રોતેંદ્રિય. પંચેદ્રિયમાં મનુષ્ય, જાનવર, પક્ષી અને દેવતાઓનો સમાવેશ થાય છે.

આ સઘળા પ્રાણીઓને નીચે કહેલી શક્તિઓ (પ્રર્યાપ્તિ)માંની ચાર પાંચ અથવા છ હોય છે. પહેલી અન્ન લેવાની શક્તિ, બીજી શરીર બનાવવાની શક્તિ, ત્રીજી ઇંદ્રિયો બનાવવાની શક્તિ, ચોથી શ્વાસોશ્વાસ લેવાની શક્તિ, પાંચમી બોલવાની શક્તિ અને છઠ્ઠી વિચાર કરવાની શક્તિ. એકેંદ્રિય જીવને ચાર શક્તિઓ હોય છે, બે ઇંદ્રિયોવાળા, ત્રણ ઇંદ્રિયોવાળા અને ચાર ઇંદ્રિયવાળા જીવને (વિકલેંદ્રિય જીવને) પાંચ શક્તિઓ હોય છે, પણ પંચેન્દ્રિય પ્રાણીને તો છએ શક્તિઓ હોય છે.

જૈનધર્મના સિદ્ધાંતો જીવતા પ્રાણીના બારીક વિભાગોનું પુષ્કલ વર્ણન આપે છે. સૂક્ષ્મદર્શક યંત્રની શોધ પહેલાં પણ તેના તત્ત્વવેત્તાઓ એક નાનામાં નાના પ્રાણીને કેટલી ઇંદ્રિયો છે તે કહેવાને શક્તિમાન હતા.

જેઓને જૈન ધર્મ પ્રમાણે Biology (પ્રાણીધર્મ ગુણ વિદ્યા), Geology (ભૂસ્તર વિદ્યા), Botany (વનસ્પતિ શાસ્ત્ર), Anatomy (શારીરિક શાસ્ત્ર) અને Physiology (ઇંદ્રીયશાસ્ત્ર) શીખવાની ઇચ્છા હશે તેમને અમારી સોસાયટીએ પ્રકટ કરેલાં ઘણાં પુસ્તકો વાંચવાની ભલામણ કરીશ.

હવે જીવની હૈયાતીની ચાર સ્થિતિ વિષે વિચાર કરીશું. તે ચાર ગતિ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ છે. નરક એ જીવની છેક હલકી સ્થિતિ છે. નરકનો રહેવાશી તે નારકી, બીજી ગતિ તિર્યંચ છે, જેથી જીવ પૃથ્વીકાય, અપકાય, તેજસકાય, વાયુકાય, વનસ્પતિકાય, એઇંદ્રી, ત્રણઇંદ્રિ, અને ચાર ઇંદ્રિવાળા પ્રાણી, પશુ અથવા પક્ષીમાં જન્મ લે છે. ત્રીજી ગતિ મનુષ્યની છે. ચોથી ગતિ દેવની છે. દેવ એટલે સ્વર્ગનો રહેવાશી. સૌથી ઉચી ગતિ જૈન ધર્મ પ્રમાણે મોક્ષ છે અથવા તે દૈવી સ્થિતિ છે. મનુષ્ય સકલ કર્મનો નાશ કરી આત્મોન્નતિ પ્રાપ્ત કરે છે અને જડવસ્તુ સાથેના પોતાના સંબંધથી મુક્ત થઇ પવિત્ર સ્થિતિ પ્રાપ્ત કરે છે અને દૈવી બને છે. આ અર્થમાં દૈવી શબ્દ વપરાયેલો છે.

આ પ્રમાણે ટુંકમાં જૈન ધર્મના તત્ત્વોનું વિવેચન કરી હું હવે જે પ્રશ્નોના ઉત્તર સઘળી ધાર્મિક શોધનો ઉદ્દેશ છે અને સર્વ ધર્મનો મુખ્ય હેતુ એ છે તે પ્રશ્નનો વિચાર કરીશ.

પ્રથમ તો આ સૃષ્ટિનું મૂળ શું છે?

આના ઉત્તરમાં ઇશ્વરના પ્રશ્નનો સમાવેશ થાય છે અને ગૌતમ બુદ્ધ બુદ્ધધર્મ સ્થાપન કરનાર વસ્તુનું મૂળ કારણ શોધવાની મના કરે છે. સૃષ્ટિના બંધારણ વિષયક બ્રાહ્મણધર્મશાસ્ત્રોમાં બ્રહ્માના દિવસ અને રાત્રી, મન્વન્તરનો કાળ, પ્રલયકાળાદિની વાત વારંવાર કરવામાં આવે છે પણ જૈનો તો આવા સંજ્ઞાસૂચક વાક્યોનો અનાદર કરી પ્રથમ થઈ ગએલા મોટા મહાત્માઓના પૂર્વે કહેલાં વાક્યોથી ફરી ફરીને જણાવે છે કે જીવ અને પ્રકૃતિ અનાદિ કાળથી છે અને તેથી તેનો કોઈ કર્તા હોઈ શકે નહિ. એક બાજુથી એક વસ્તુનું અસ્તિત્વ તમે સ્થાપન કરી શકો, બીજી બાજુથી તમે તેનું અનસ્તિત્વ કહી શકો અને જુદા જુદા સમયે તમે તેનું અસ્તિત્વ અને અનસ્તિત્વ સ્થાપન કરી શકો. જો તમારે એકજ સમયે અને એકજ બાજુથી કોઇ પણ વસ્તુનું અસ્તિત્વ અને અનસ્તિત્વ કહેવું હોય તો તમારે તે અવક્તવ્ય છે (અર્થાત્ કહેવાય તેમ નથી) એમ જણાવવું. કેટલાક સંજોગોમાં અસ્તિત્વનું અનસ્તિત્વનું અથવા બંનેનું સ્થાપન કરવું અસંભવિત છે. આ સપ્તભંગી નયનો અર્થ એટલોજ છે કે એક વસ્તુનું સર્વ ઠેકાણે, સર્વ સમયે, સર્વ રીતે અને સર્વ આકારમાં અસ્તિત્વ ગણી શકાય નહિ. જે વસ્તુ એક સમયે એક સ્થાનમાં હોય તેજ સમયે બીજા સ્થાનમાં હોઇ શકે નહિ. આ સપ્તભંગીનો અર્થ કેટલાક ધારે છે તેમ એમ નથી કે અમારી પાસે કાંઈ નિશ્ચિત વસ્તુ નથી. આ ઉપરથી કહેવાનું એટલુંજ છે કે જે સત્ય વાત કહેવામાં આવે તે દ્રવ્ય, દેશ, કાળ આદિની કેટલીક સ્થિતિને અનુસરીને સત્ય છે.

જૈન ધર્મનું આ એક ઉમદા લક્ષણ છે કે જ્યારે બીજા ધર્મો નિઃસં-શયતાથી પોતાનો મત પ્રતિપાદન કરે છે ત્યારે જૈન ધર્મ સઘળી બાજુએથી દરેક વસ્તુ જુએ છે અને સમુદ્રની માફક દરેક વસ્તુનો અંગીકાર કરે છે અને તે સમુદ્રમાં બીજા પંથરૂપી નદીઓ ભળી જાય છે.

ત્યારે ઈશ્વર શું છે? સૃષ્ટિ બ્હારના મનુષ્યાકારના કર્ત્તારૂપ ઈશ્વર વાસ્તે જૈન ધર્મમાં જરા પણ માર્ગ નથી. સૃષ્ટિનું સામાન્ય બંધારણ આ પ્રકારના કર્તાને ન્યાયરહિત તેમ જ અસંગત ગણે છે.

પણ તે નિશ્ચયતાથી જણાવે છે કે ચૈતન્ય તેમ જ અચૈતન્ય સઘળા દ્રવ્યમાં એક સૂક્ષ્મ તત્વ રહેલું છે, જે સઘળા પર્યાયનું (રૂપાંતરોનું) શાશ્વત કારણ છે અને જેને ઈશ્વર કહેવામાં આવે છે.

પુનર્જન્મનો મહાન્ નિયમ તે પણ જૈન ધર્મનો એક મોટો સિદ્ધાંત છે, આ પુનર્જન્મનો સાથી કર્મનો નિયમ છે.

" જેવી રીતે બીજા પ્રતિ વર્તશો તેવી રીતે તમારાપ્રતિ વર્તાશે. મનુષ્ય જે જે વાવે છે તે તે લણશે " આ વાકયો કર્મના ગહન નિયમથી નિક-ળતા અનુમાનો છે.

કર્મના જૈન ધર્મમાં આઠ ભાગ કરવામાં આવેલા છે. (૧) જે સ-ત્યના જ્ઞાનને આવરણરૂપ થાય છે તે, (૨) જે દરેક પ્રકારના સદ્દર્શનને આવરણરૂપ થાય છે તે, (૩) જે સુખદુઃખ આપે છે તે, (૪) જે મોહ ઉત્પન્ન કરે છે તે. બીજા ચારના ઉપવિભાગ એવી રીતે પાડવામાં આવ્યા છે કે જૈન ધર્મ પ્રમાણે કર્મનો અભ્યાસી દરેક પરિણામનું કર્મ (કારણ) શોધી કાઢે. હિંદુસ્તાનની બીજી કોઇ પણ તત્ત્વજ્ઞાન વિદ્યા આવી સારી અને સ્પષ્ટ રીતે કર્મનું વિવેચન કરતી નથી. જે મનુષ્ય સદ્દજ્ઞાન, સદ્દશ્રદ્ધા (સદ્દર્શન) અને સચ્ચારિત્રથી સર્વ કર્મનો નાશ કરે છે અને આત્માના સ્વભાવને સંપૂર્ણ ખીલવે છે તે સંપૂર્ણતાને પ્રાપ્ત કરે છે. જીન નામ કર્મના ઉદયે જિન થાય છે, દૈવી થાય છે અને જીન કહેવાય છે. જે જીનો દરેક જુગમાં ધર્મ ઉપદેશે છે અને સંઘ સ્થાપન કરે છે તેઓ તીર્થંકર કહે-વાય છે. હવે જૈનોના નૈતિક સિદ્ધાંત વિષે વિચાર કરીશું. ચારિત્ર એવી રીતે પાલવાનું જણાવે છે કે જેથી આત્માની સંપૂર્ણ ઉન્નતિ નક્કી થઇ શકે. તે સંપૂર્ણ ઉન્નતિ તે ઉંચામાં ઉંચું સુખ છે. મનુષ્યના ચારિત્રની ઇચ્છિત વસ્તુ છે અને મનુષ્યના કાર્યની છેવટની અભિલાષા છે. જૈન ધર્મ પોતાની માફક સર્વ જીવતાં પ્રાણી પ્રતિ જોવાને ફરમાવે છે. ત્યારે સૌથી શ્રેષ્ટ સુખ મેળવવાનો કયો માર્ગ છે? બ્રાહ્મણના પવિત્ર પુસ્તકો ભક્તિ અને કર્મ માર્ગ

બતાવે છે, વેદાન્ત મોક્ષ મેળવવામાં જ્ઞાન માર્ગને પ્રધાનપદ આપે છે પણ જૈનધર્મ એક પગલું આગળ વધે છે અને જણાવે છે કે જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ માર્ગ મળી શકે છે.

પ્રાણાતિપાત વિરમણ અથવા જીવરક્ષા, અસત્ય વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ અથવા મમતા ત્યાગ—આ પાંચ જૈન સાધુઓનાં મહાવ્રત છે.

વિશાળદષ્ટિ અને પરોપકાર.

(૧)

આપણી દષ્ટિ બહુ સાંકડી થઇ ગયેલી છે, અને તેથી આપણે ઘણીવાર આપણને ન રૂચે તેવા સંયોગોમાં આવી પડીએ છીએ; તેવે સમયે આપણો જીવનવ્યવહાર જેવી ઉત્તમ રીતે ચલાવવો જોઇએ, તેવી રીતે આપણે ચલવી શકતા નથી. આપણે સીધી યા આડકતરી રીતે અનેક પુરૂષોના સંબંધમાં પ્રાતઃકાળથી તે રાત્રિ સુધીમાં આવીએ છીએ, પણ તેમની સ્થિતિનો ખ્યાલ બાંધવા, તેમનું ભલું કરવા, તેમને જ્ઞાન આપવા, અથવા તેમની પાસેથી જ્ઞાન મેળવવા આપણે સમર્થ થતા નથી. આનું કારણ શોધવાને આપણે દૂર જવું પડે તેમ નથી. તેનું કારણ આપણી સંકુચિત દષ્ટિ છે. આપણામાંના ઘણાખરા પુરૂષો આપણી જાતને તદ્દન જુદી જ ગણીએ છીએ. દરેક બનાવ આપણને વ્યક્તિ તરીકે શી અસર કરશે, એ તરફ આપણું વિશેષ લક્ષ દોરવાય છે; આ એક પ્રકારની સ્વાર્થતા છે. મનુષ્ય જાતિની એક મોટી સાંકળ છે: તે સાંકળના અંકોડારૂપ હું છું, (અથવા રા. રા. નરસિંહરાવના શબ્દ પ્રમાણે જનસમુદાયરૂપ વિશાળ સિંધુનો હું બદ્દબુદ્દ છું.) એમ આપણે આપણી જાતને ગણતા નથી, પણ આપણે જ સમગ્ર સાંકળરૂપ આપણી જાતને માનીએ છીએ. જો કે વસ્તુતઃ દરેક અંકોડો સંપૂર્ણ છે; પણ જે બીજા અંકોડાની તે સાંકળ બનેલી છે, તેમના સિવાય એકલો પડેલો અંકોડો નિરર્થક છે, અને જનસમાજને નિરૂપયોગી છે.

માટે જો આપણે પોતાને એક મોટી સાંકળરૂપ ગણીશું, એક મહાન્ સમાજના અંગભૂત ગણીશું તો આપણને આપણી ખરી સ્થિતિનો ખ્યાલ આવશે.

જો આવી વિશાળ દૃષ્ટિ રાખી આપણે જગત્ ભણી નજર કરીશું તો જગત્ આપણને કાંઇ ઓરજ પ્રકારનું ભાસશે. પ્રથમ તો ઘણા પુરૂ-

પોતાના ધ્યાનમાં નહિ આવેલી એક બાબત આપણી નજરે પડશે, અને તે બાબત બીજા મનુષ્યોને અસર કરવાની આપણામાં શક્તિ છે, એવું આપણને જ્ઞાન થશે.

આ એક મોટી અને અદ્દભુત શક્તિ છે. કેટલેક અંશે આપણે આ શક્તિનો ઉપયોગ કરીએ છીએ. તેની અસર બહુજ મોટાં પરિણામવાળી છે, અને તેનું ફળ ઘણીવાર ચિરસ્થાયી અને બહુજ અગત્યનું હોય છે.

જાણતાં અથવા અજાણતાં આપણે આપણા માનવબંધુઓને અસર કરીએ છીએ; અને તેઓ આપણને અસર કરે છે. જુવાન પુરૂષોને સારા સોબતીઓ શોધી કાઢવાની જરૂર ઘણીવાર જણાવવામાં આવે છે, કારણ કે સત્સમાગમની–સારા પુરૂષોની સોબતની–એવી તો સજડ છાપ પડે છે કે તે યુવકનું વર્તન–ચારિત્ર ઘણા ઉંચ પ્રકારનું થઇ જાય છે.

કેવળ જુવાનીમાંજ નહિ પણ જીંદગીની દરેક ક્ષણે બ્હારની વસ્તુઓ, સંબંધમાં આવતા મનુષ્યો, મળેલા પ્રસંગો, વાંચેલાં પુસ્તકો વગેરે આપણા પર અસર કરે છે. અનિષ્ટ અને ખરાબ અસર દૂર કરવાને જેટલું આપણે તત્પર રહેવાનું છે. તેટલોજ સારી અને ઇષ્ટ અસર મેળવવાને પ્રયત્ન કરવાનો છે. તેને વાસ્તે સત્સમાગમ જેવું ઉત્તમ સાધન એક પણ નથી. સત્સમાગમના લાભ વર્ણવી શકાય તેમ નથી, તોપણ શ્રી ભર્તૃહરિ કવિનો શ્લોક આ સંબંધમાં યાદ આવે છે કે—

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षुतनोति कीर्तिं
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥

અર્થ—સત્સંગ બુદ્ધિની જડતાને દૂર કરે છે, વાણીમાં સત્ય સિંચે છે, માન અને ઉન્નતિનો માર્ગ બતાવે છે, પાપને હઠાવે છે, ચિત્તને નિર્મળ કરે છે, અને સઘળી દિશાઓમાં કીર્તિને ફેલાવે છે. હે મિત્ર ! સત્સંગથી મનુષ્યોનું કયું શ્રેય સધાતું નથી, તે તું કહે.

આપણા સમાગમમાં આવતા મનુષ્યોપર સારી અસરનો પ્રકાશ પાડવો તે પણ કાંઇ ઓછું અગત્યનું નથી. કારણ કે આપણે યાદ રાખવું જોઇએ કે સારી જગ્યામાં અને સારા સ્થળે રોપેલું નાનું બીજ પણ, ઘણું સારૂં ફળ આપે છે; કેટલીકવાર તો આપણે તે બીજ રોપ્યું હતું એ વાત આ-

પણ વિસરી ગયા હોઇએ છીએ, છતાં આપણે રોપેલા બીજને સારૂં ફળ મળ્યું છે, એ જાણવું કાંઈ ઓછું આનંદજનક અને સંતોષકારક નથી. અત્રે નાનું બીજ કહેવામાં આવ્યું છે, તેનો આશય એજ છે કે બ્હારથી દેખાતી નાની બાબતોમાંથી પણ ઘણીવાર મોટું અને અજાયબી પમાડે તેવું પરિણામ આવે છે.

કોઇ પણ મોટું કે આગેવાની ભર્યું કામ કરવાને આપણે અશક્ત છીએ, એ વિચાર આપણને નિરૂત્સાહી બનાવે છે અને તેથી આપણા હાલના કાર્યમાં પણ આપણે ઉત્સાહથી ભાગ લેઈ શકતા નથી. આપણામાં રહેલી કાર્ય કરવાની શક્તિ પ્રથમ દર્શને આપણને એવી નજીવી અને તુચ્છ ભાસે છે કે કાંઇ પણ કામ નજ કરવું એજ બહેતર છે, એવો વિચાર કરવાને આપણે દોરવાઇએ છીએ. આવો વિચાર કરવો તે મોટામાં મોટી ભૂલ છે જો આપણે જરા શાંત મનથી વિચારીશું તો આપણને લાગશે કે આપણો જીવનવ્યવહાર નાના નાના બનાવોનો બનેલો છે; અને કુદરતનો એવો નિયમ છે કે જે મનુષ્ય નાની બાબતો વફાદારીથી અને અનન્ય નિષ્ઠાથી કરે છે, તે મોટાં કાર્યને સારૂં ટુંક વખતમાં લાયક અધિકારી બને છે. પરિણામનો વિચાર કરવો એ આપણું કામ નથી. આપણે તો યથાશક્તિ યથામતિ શુભ કાર્યમાં બીજ વાવવાનું છે, ત્યાં આપણી જોખમદારીનો અંત આવે છે. જેને આપણે સામાન્યકાર્યો તરીકે ગણીએ છીએ. તે કાર્યોમાં પણ બીજાનું ભલું કરવાની સત્તા રહેલી છે, અને તેવાં કાર્યો બીજાની જીંદગીપર અસર કરવાનું સામર્થ્ય ધરાવે છે, એ વાત એક ક્ષણભર પણ વિસરવી જોઇએ નહિ.

યોગ્ય સમયે બોલાયલા દયાના કે સલાહના એક શબ્દથી બીજા મનુષ્યને નિરાશાથી બચતો શું તમે નથી જોયો ? શું તેવા શબ્દથી તેનું આખું જીવન બદલાતું તમે નથી નિહાળ્યું ? જો આવું શબ્દનું માહાત્મ્ય તમારા સમજવામાં ન આવ્યું હોય તો આજથી તે શિખવાનો આરંભ કરો. એક કવિ લખે છે કેઃ—

Words may often; soothe and soften
Guild a joy or Heal a pain
They are treasures, Yielding pleasures
It is wicked to retain.

શબ્દો ઘણી વાર મનુષ્યોને દિલાસો આપે છે, અને શાંત કરે છે, આનંદને વધારે છે, દુઃખને દૂર કરે છે; શબ્દો એ આનંદ આપનારા ખ-

જાના છે, માટે તેવા શબ્દોને ભરી રાખવા; એટલે કે બીજાના કલ્યાણ સારૂ તેનો ઉપયોગ ન કરવો, એ એક પ્રકારનું ઘાતકીપણું છે, વખતસર નહિ બોલાયેલા યોગ્ય શબ્દને લીધે ઘણાક પુરૂષની જીંદગી નિષ્ફળ ગયેલી જોવામાં આવે છે; આપણે જો બરાબર વિચાર કરીએ, અને બીજાને અસર કરવાની આપણી શક્તિ છે એવો ખ્યાલ લાવીએ તો અનેક પુરૂષોને દુઃખમય સ્થિતિમાં આવી પડતાં બચાવી શકીએ, અને જેઓ દુઃખમાં પડેલા હોય તેનો આપણા પ્રીતિભર્યા અને દયાળુ શબ્દોથી ઉદ્ધાર કરી શકીએ.

બીજાને સહાય આપવામાં દરેક વખતે કેવળ રૂપીઆ, આના કે પાઇ અથવા તો લાગવગનીજ જરૂર પડતી નથી. ઘણાક પુરૂષો **ધનના** અભાવથી નહિ પણ ખરા જીગરના પ્રેમના અભાવથી દુઃખી માલૂમ પડે છે, આપણે બીજા તરફ દિલસોજી રાખીએ છીએ, અથવા પ્રેમ ધરાવીએ છીએ, એ વિચારને લીધે, ઘણા પુરૂષો જેઓ જીંદગીથી કંટાળી ગયા હોય, જેઓ નિરાશ થયા હોય, અથવા ગુંચવણમાં કે શંકામાં ડુબી ગયા હોય, તેમને ઉત્તેજન મળશે, અને તમારી મદદ માગતા આવશે.

આ જીંદગી નભાવવાના, હાલના સમયમાં ગુજરાન મેળવવાના આ દારૂણ યુદ્ધમાં ઘણા બાહોશ મનુષ્યો પણ નિષ્ફળ નિવડે છે, અને નાસીપાસ બને છે. તેવામાંના એકને પણ ઉત્તેજનનો એક શબ્દ કહી તેની નિરાશાની સ્થિતિમાંથી બ્હાર લાવી શકીએ, અને તે શબ્દને લીધે ફરીથી તે એકવાર પ્રયત્ન કરવાને દોરવાય તો આ **ઉત્તેજનનો શબ્દ** એ પણ એક પ્રકારની મદદ છે.

(૨)

બીજાઓને અજાણ્યા પુરૂષોને આપણી સલાહ ઘણીવાર આપણે ધારીએ તે કરતાં પણ વધારે ઉપયોગી નીવડે છે. જે ભૂલ ખામી અથવા નિર્બળતા, તેઓ જાણી શકતા ન હોય, અથવા કોઇએ બતાવી ન હોય અને જેને લીધે પોતાના વ્યાપારમાં તેઓ હરવખત નિષ્ફળ જતા હોય તે ભૂલ અને ખામી તેઓ તમારી સલાહથી જોતાં શિખે છે. સ્વજન અથવા મિત્રના શબ્દ જે અસર કરી શકયા નહતા, તે અસર ઘણીવાર તમે અજાણ્યા તરીકે કરી શકો છો. આટલું બધું તમારૂં બીજા ઉપર ઉપકાર કરવાનું સામર્થ્ય છે, માટે પરોપકારને વાસ્તે તત્પર બનો.

જગત ભણી દૃષ્ટિ કરતાં જણાય છે કે જગતમાંના કોઇ પણ બે મનુષ્યનો અનુભવ એક સરખો હોતો નથી. આ વાત ઘણી ઉપયોગી નથી, એમ માનવામાં

ઘણીવાર આપણે ભુલ કરીએ છીએ. જે બાબતમાં આપણે મજબુત હોઇએ, તે બાબતમાં બીજાં નિર્બળ હોય, એમ પણ બનવા જોગ છે. અને તેથી આપણી પાસેથી બીજાને અને બીજા પાસેથી આપણને શિખવા યોગ્ય ઘણું મળી આવે છે. જુદી જુદી બાબતોનું જ્ઞાન જુદા જુદા પુરૂષો પાસેથી તેમજ વિવિધ પુસ્તકો દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. સૂર્ય અનેક બારીદ્વારા આપણા ગૃહમાં દાખલ થાય છે, જેટલી બારીઓ બંધ કરીએ, તેટલો આપણને ગેરલાભ છે. તેમ જ્ઞાન મેળવવાનાં પણ અનેક દ્વાર છે; જેટલાં દ્વાર આપણે બંધ કરી રાખીએ, તેટલું ઓછું જ્ઞાન આપણને મળે છે.

જ્ઞાન પ્રાપ્ત કરવું તે જ્ઞાની કહેવરાવવા માટે નથી પણ જ્યારે જ્યારે અનુકૂળ પ્રસંગ પડે ત્યારે ત્યારે તે જ્ઞાનનો બીજાને બોધ આપવા સારૂ તે મેળવવાનું છે. જો આ વિચારથીજ આપણે જ્ઞાન પ્રાપ્ત કરીશું તો તે જ્ઞાન આપણી અંદર રહેવા છતાં પણ જગતમાં એક શક્તિરૂપે થશે. આપણું કામ તો તે જ્ઞાન બીજાને મળે તે માટે શુદ્ધ પ્રણાલિકા—નીક રૂપ થવાનું છે. એકવાર જો સદ્જ્ઞાનનો ફેલાવો કરવામાં આવે તો તે એક જગ્યાએ અટકી જતું નથી, પણ સત્યની માફક ચારે બાજુએ ફેલાય છે. જેમ અરસપરસ માલનો બદલો કરવાથી વ્યાપારને પુષ્ટિ મળે છે, અને તે વૃદ્ધિ પામે છે, તેજ રીતે જ્ઞાનનો અદલો બદલો કરવાથી, આપણું જ્ઞાન બીજાને શિખવવાથી અને બીજાનું જ્ઞાન આપણે શિખવાથી, ઉન્નતિનું કાર્ય આગળ વધે છે. જે મધ્ય બિન્દુ (Centre) પર ઉભા રહેવાથી બીજાના માર્ગપર પ્રકાશનાં કિરણ પડે, તેવા મધ્ય બિન્દુરૂપ દરેક સ્ત્રી યા પુરૂષે થવાનો પ્રયત્ન કરવો.

સુવર્ણની કે જ્ઞાનની ગમે તેવા પ્રકારની દોલત હોય, પણ જ્યાં સુધી આપણા પોષણ—લાભ વાસ્તેજ તે મેળવવા આપણે મથીએ છીએ, ત્યાં સુધી યાદ રાખવું જોઇએ કે ખરો સંતોષ અને આનંદ મેળવવાના માર્ગથી આપણે દૂર છીએ. પોતાનાં જ્ઞાન, સત્તા, ધન, બળ વગેરેનો લાભ બીજાને આપવા તત્પર રહેવું, એ ખરા શાશ્વત આનંદને સારૂ બહુજ જરૂરનું છે. વળી આ સાથે નિરંતર હૃદય આગળ ખ્યાલ રાખવો જોઈએ કે આપણા કરતાં તેની વધારે જરૂરવાળા પુરૂષો પણ જગતમાં વસે છે.

જો આ બાબતનો યથાર્થ ખ્યાલ એક વાર પણ મનુષ્યના હૃદયમાં સજડ દાખલ થાય તો તે મનુષ્ય પોતાના વખતનો અને ધનનો સદુપયોગ

કરશે, અને પોતાને આવો સારો ઉપયોગ કરવાનો પ્રસંગ મળ્યો તેથી હૃદયમાં આનંદ પામશે.

જો આપણી જીગરની ઈચ્છા હોય તો આપણે બીજા પુરૂષોપર બહુજ સારી અસર કરી શકીએ. પણ તે ઈચ્છાને ફરજ રૂપે કર્તવ્યરૂપે બલ્કે ધર્મરૂપે ગણતાં શિખવું જોઇએ; નહિ તો તે ઇચ્છા કદી સફળ થશે નહિ; પણ કેવળ ઇચ્છા રૂપેજ રહેશે. અને જો કે તે ઇચ્છા પુરેપુરી સફળ ન થાય તોપણ તેને કર્તવ્યરૂપે ગણવાથી આપણું લક્ષ તે તરફ વિશેષ દોરાશે, અને દરરોજ પરોપકાર કરવાના પ્રસંગ શોધતા ફરીશું.

દિલસોજી, પ્રેમ, સલાહ, અને ઉત્તેજનના શબ્દોની કેવી સારી અસર થાય છે, તેનો આપણે ટુંક વિચાર ઉપર કરી ગયા. આ સાથે એ યાદ રાખવું જોઇએ કે આપણા **આચાર વર્તન**ની–ચારિત્રની પણ અસર થાય છે. શબ્દોથી આપણે બીજાપર જે અસર કરી શકીએ તેના કરતાં વધારે અસર આપણે આપણા **ચારિત્રથી** બીજાને કરી શકીએ છીએ, કારણ કે આ તો પ્રાચીન નિયમ છે કેઃ–" **શબ્દો કરતાં કાર્યો વધારે મોટેથી બોલે છે.** "

આપણાં ચારિત્ર અથવા આપણાં વર્તનને લીધેજ આપણા જાતિ ભાઇઓ આપણે પગલે ચાલવાને તૈયાર થાય છે. તીર્થંકરો મહાત્માઓ વગેરે સર્વ પૂજ્ય અને વંદનીય પુરૂષો પોતાની પવિત્ર અને નિર્દોષ જીંદગીને લીધેજ બીજાઓને પોતાના તરફ આકર્ષવા સમર્થ થયા હતા. કાર્યમાં મુકયા સિવાયના શબ્દો અને વિચારો નિરર્થક છે; કારણ કે તેઓ પ્રાયઃ ખરેખર હૃદયમાંથી નીકળેલા હોતા નથી. અને તેવા શબ્દો અને વિચારો તો અંતઃકરણને ભારરૂપ અને ખોટું કાર્ય સંતાડવાના સાધનરૂપ થાય છે.

આપણો જીવન વ્યવહાર તેમજ સારૂં કાર્ય કરવાનો આપણો ઉત્સાહ, આપણે કઇ સ્થિતિમાં હાલ છીએ, તે બતાવી આપે છે. ફળની આશા સિવાય, માન અને કીર્તિના લોભ સિવાય કાર્ય કરનારને જોવાથી અધર્મિષ્ઠ પુરૂષોના હૃદયમાં પણ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

કેવળ નિઃસ્વાર્થ હેતુથી પ્રકટ થતી અંતઃકરણની લાગણી, અને બીજાનું ભલું કરવાની ઈચ્છા જગતના લોકો તરતજ સમજે છે, પણ બ્હારનો ઢોંગ વ્હેલો કે મોડો જણાયા વગર રહેતો નથી. જગત્ તેવા પુરૂષોથી વેગળું રહેવાને ઇચ્છે છે. ઉમદા કાર્ય કરવાને પ્રેરાયેલા કેટલાક મનુષ્યોના આશય હેતુઓ એવા ઉંચ પ્રકારના હોય છે કે સર્વ ઠેકાણે તેઓ પૂજાય છે, અને તેઓના મરણ પછી પણ તેમને લોકો નિરંતર યાદ કર્યા કરે છે.

મોટા કારખાનાઓના તેમજ મીલના માલીકો, તેમજ સત્તાધારી પુરૂષો પોતાના આશ્રિતો સેવકોપર અસર કરવાનું સામર્થ્ય ધરાવે છે, પણ તે બાબતનો તેમને ભાગ્યેજ ખ્યાલ હોય છે. તેઓ પોતાના સેવકોથી, પોતાના આશ્રિતજનોથી એટલા બધા અલગ રહે છે કે તેમના પ્રત્યે નોકર વર્ગ જરા પણ માનની દૃષ્ટિથી જોતો નથી. તે સેવક વર્ગ પોતાના નાયકોને એટલા બધા સ્વાર્થમાં લુબ્ધ થયેલા જુએ છે કે **સ્વાર્થ** એજ જગતમાં જીવવાનો પરમ ઉદ્દેશ છે, એમ માનવાને તે સેવકવર્ગ દોરવાય છે. આવી ભાવના સેવકવર્ગમાં ઉત્પન્ન કરાવવા બાબત માલીકો, ઉપરીઓ, નાયકોજ જોખમદાર છે.

ખરી વાત એ છે કે લોકો એક બીજાના ઇરાદા સંબંધી શંકાની નજરથી જુએ છે, અને સઘળા પ્રત્યે ઇર્ષ્યાથી વર્તે છે. કેટલાક અપ્રમાણિક મનુષ્યના સંબંધમાં આવવાથી આવી વૃત્તિ થવા પામે એ બનવાજોગ છે, પણ તેમ કરવું એ અવાસ્તવિક છે. એક અંજીર ખરાબ નીકળ્યું, તે ઉપરથી બધા અંજીરોને ખરાબી કહી વખોડી નાખવાં, એ કેવા પ્રકારનો ન્યાય? ગાલીચાના એક ભાગપર સાહીનો ડાઘ પડેલો જોઇ, આખા ગાલીચાનો અનાદર કરવો એ તે કેવા પ્રકારની રીતિ? આ શંકા તથા ઇર્ષ્યા દૂર કરવાને **મૈત્રીભાવની** લાગણી વધારવા જેવો એક પણ ઉત્તમ માર્ગ નથી.

મૈત્રીભાવની—દિલસોજીની લાગણી વધારવાનો પ્રયત્ન કરવા જતાં આપણને કેટલાક દોષયુક્ત પુરૂષો પણ માલૂમ પડે છે. પણ તેટલાજ માટે તે મનુષ્યોની વિરૂદ્ધ થવું એ અનુચિત છે. આપણે પણ અવગુણોથી ભરેલા છીએ. વળી ઘણી વાર એમ પણ બને છે કે **આપણને અપ્રિય** એવા બીજા મનુષ્યના એક નજીવા અવગુણ સારૂ આપણે તેના તરફ તિરસ્કારની વૃત્તિથી જોઇએ છીએ, શાંતિથી અને ધીરજથી તે દોષ બતાવવો એ આપણી ફરજ છે. ઘણીવાર તો તેની તે બિચારા મનુષ્યને ખબર પણ હોતી નથી. કેટલીક વાર તો તેને તે ખોડ મોટી જણાતી નથી. મનુષ્યમાં એક અવગુણ હોય તે ઉપરથી તેનો તિરસ્કાર કરવામાં, અને તેનાથી વિમુખ રહેવામાં, તેનામાં રહેલા બીજા સારા ગુણોનો લાભ આપણે મેળવી શકતા નથી. દોષયુક્ત અને અનેક અવગુણ ભરેલા મનુષ્યો પાસેથી પણ ઘણું શિખવાનું આપણને મળી આવે છે. કારણ કે આપણે જે બાબતમાં પજ્ઞાત હોઇએ તે બાબતમાં તેઓ પ્રવીણ હોય એમ પણ બનવા જોગ છે.

મતાંતર સહિષ્ણુતા (toterance) અથવા જુદા અભિપ્રાયોને સહન કરવાની ટેવ તેમજ ખરી દયા હાલમાં બહુજ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે. આવા ગુણોનો બદલો તેમના પોતાનામાંજ રહેલો છે. જેવી રીતે આપણે બીજા તરફ વર્તીએ તેવી રીતે તેઓ આપણા તરફ વર્તે એ સ્વાભાવિક છે. ઇર્ષ્યાનો બદલો ઇર્ષ્યામાં, પ્રેમનો બદલો પ્રેમમાં, અને ક્રોધનો બદલો ક્રોધમાં આવે છે. પણ આવી બાબતમાં **પહેલ કરીને** ક્રોધના બદલામાં પ્રેમ કરવો અને કડવાશના બદલામાં મીઠાશ દાખવવી એજ ઉત્તમ પુરૂષનું લક્ષણ છે. આ કામ સુગમ નથી, પણ કરવા યોગ્ય છે. આ કામ કરવા જતાં ઘણું ધૈર્ય રાખવું પડશે. ઘણીવાર આપણે આ કામમાં નિષ્ફળ પણ નીવડીશું છતાં જો આ જગત્માં બીજાપર તમારા વર્તનની સારી અસર પાડવી હોય, અને બીજાને શુદ્ધ માર્ગે દોરવવા તમારી ઇચ્છા હોય તો આ કાર્ય કરવું જરૂરનું છે. જે સારી રીતે જીવે છે, બીજાનાં ભલાંને વાસ્તે જીવે છે, તેજ જીવ્યો કહી શકાય, બાકી કાગડાઓ પણ પોતાનું પેટ ભરી લાંબા કાળ સુધી જીવે છે. જે મનુષ્ય મરણ પથારીએ પડ્યો પડ્યો પોતાના મન સાથે વિચાર કરતાં એમ કહી શકે કે હું જ્યારે જન્મ્યો હતો, ત્યારે આ જગતની જે સ્થિતિ હતી, તે સ્થિતિને મારા કાર્ય વિસ્તારના પ્રમાણમાં મારા ચારિત્રથી અને મારા ઉપદેશથી કેટલેક અંશે પણ સુધારવાને હું સમર્થ થયો છું, તેજ માણસ ખરી રીતે જીવ્યો ગણી શકાય. જો આ બાબતની ઉત્તમતાનો આપણા દિલમાં ખ્યાલ આવતો હોય તો આપણા **આચારથી ઉપદેશ**ની બીજાની જીંદગીપર સારી અસર કરવાનું આપણામાં સામર્થ્ય છે, એ વાત સ્મરણમાં રાખી, સર્વ બાજુએથી જ્ઞાન મેળવવા અને શુદ્ધ જીવન ગાળવા આપણે પ્રયત્ન કરવો જોઇએ.

જૈનોદય અને કેળવણી.

કોઈ પણ કોમ, જ્ઞાતિ કે પ્રજાનો ઉદય કરવો હોય, તો તેને વાસ્તે માર્ગ અનેક છે; પણ ખરો ઉદયનો માર્ગ તો તેજ કહી શકાય, કે જે આપણી અવનતિનાં મૂળ કારણો શોધી તે નાશ કરવાનો રસ્તો બતાવે. આપણે વૃક્ષને ઉપરથી કાપી નાંખીએ, છતાં જમીનમાં રહેલાં મૂળીઆં યોગ્ય સંજોગો મળતાં ફરીથી સજીવન થાય છે, અને નવા રૂપમાં વૃક્ષને ઉત્પન્ન કરે છે, તેજ રીતે બાહ્ય સ્થિતિ સુધારવાને આપણે ગમે તેટલો પ્રયાસ કરીએ, પણ જ્યાં સુધી તે હલકી બાહ્ય સ્થિતિને જન્મ આપનારાં કારણોનો આપણે નાશ કરી શકીએ નહીં, ત્યાં સુધી ખરી ઉન્નતિ થઈ શકે નહીં. અંદરથી પગ સડી ગયો હોય, તેનું ચાંદુ મલમપટાથી રૂઝાય, પણ જ્યાં સુધી તે સડાનો નાશ કરવાને અંદરના ઉપચારોનો આશ્રય લેવામાં આવ્યો નથી, ત્યાં સુધી તે સડો કોઇને કોઇ રૂપમાં પ્રગટ થવાનો એ નિર્વિવાદિત સત્ય છે.

ઉપરના સિદ્ધાંતને ધ્યાનમાં લઈ આપણી હાલની સ્થિતિનું ખરૂં કારણ આપણે પ્રથમ શોધીશું, અને તે કારણ કેવી રીતે દૂર થઈ શકે તેને સારૂં યોગ્ય માર્ગ વિચારીશું.

આપણી અવનતિનાં ગમે તેવાં કારણો બતાવવામાં આવે, છતાં તે બધાં કારણોનું ખરૂં કારણ આપણી અજ્ઞાન દશા છે. આપણામાં યથાર્થ પ્રકારની કેળવણીની ખામી છે; આ વિચાર એકદમ સર્વના ધ્યાનમાં આવી શકશે નહીં, પણ જે વિચારશ્રેણિ આ લેખમાં સમજાવવામાં આવશે, તેપર ધ્યાન આપી વિચાર કરનારને જણાશે કે સર્વ અનર્થોને દૂર કરવાનું સાધન ખરી અને સર્વાંગ કેળવણી છે.

આપણે પ્રથમ મનુષ્યનું બંધારણ તપાસીશું, તો આપણને સહજ જણાશે કે જેને આપણે મનુષ્ય કહીએ છીએ તે ચાર તત્ત્વોનો બનેલો છે. તે ચાર તત્ત્વો મનુષ્યનું શરીર, તેની ઇચ્છા–વાસનાઓ, તેનું મન, અને તેનો આત્મા છે. એ ચાર તત્ત્વો સંપૂર્ણ રીતે કેળવાય, એ ચારે પુરેપુરી રીતે ખીલે તોજ સર્વાંગ કેળવણી કઈ શકાય, અને તેવી કેળવણી લીધેલા મનુષ્યોની સંખ્યા જેમ જેમ દિનપ્રતિદિન આપણી કોમમાં વધતી જાય, તેમ તેમ આપણી ઉન્નતિનો સમય સમીપ આવ્યો છે, એમ માનવાને સબળ કારણો છે.

હાલમાં સ્કુલો તથા કૉલેજોમાં જે કેળવણી અપાય છે તે કેવળ મન તત્ત્વને ખીલવે છે, પણ બીજાં તત્ત્વોની કેળવણી ઉપર બિલકુલ લક્ષ અપાતું નથી, એમ કહીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. શરીરને કેળ- વીને મજબૂત દૃઢ અને નિરોગી બનાવવા તરફ તેમજ નીતિ અને ધર્મના ઉચ્ચ સંસ્કારો વિદ્યાર્થિઓમાં રોપી તેમને નીતિવાન્, પરોપકારી, ઉદાર અને તે સાથે ધર્મિષ્ઠ બનાવવા તરફ સ્હેજ પણ લક્ષ અપાતું નથી, અને તેથીજ લોકો કેળવાયા છતાં, અને ભણેલાની સંખ્યાની વૃદ્ધિ થયા છતાં, ધારેલું ફળ મેળવવા આપણે ભાગ્યશાળી થતા નથી.

ઉપર જણાવેલાં ચાર તત્ત્વો બરાબર ખીલવવામાં આવે, તો તેથી કોમની સાંસારિક, આર્થિક, ધાર્મિક અને નૈતિક સ્થિતિ કેવી રીતે સુધરે તે દરેક તત્ત્વનો જુદો જુદો વિચાર કરી સમજાવવા આ લેખમાં પ્રયત્ન કરવામાં આવે છે.

નિશાળોમાં અને પાઠશાળાઓમાં જો કોઈ પણ તત્ત્વને કેળવવા તરફ સ્હેજ પણ લક્ષ અવાતું હોય, તો તે મન તત્ત્વ છે.

મનની કેળવણી. કેળવણીનો ખરો ઉદ્દેશ મનની જુદી જુદી શક્તિઓને પ્રગટ કરવાનો છે. જે જે વિષયો શિખવાય છે, તેનો એક ઉદ્દેશ જ્ઞાનની વૃદ્ધિ કરવાનો છે; પણ બીજો ઉચ્ચ ઉદ્દેશ મનની જુદી જુદી શક્તિઓ—સરખામણી કરવાની શક્તિ, સ્મરણ- શક્તિ, તર્ક કરવાની શક્તિ, સત્ય શોધી કાઢવાની શક્તિ વગેરે—ખીલ- વવાનો છે. કહેવાને અસંતોષ ઉપજે છે કે ઘણે ભાગે આ શક્તિઓ ખીલવવા તરફ વિદ્યાર્થીઓ બિલકુલ લક્ષ આપતા નથી, અને તે શક્તિઓ જેવા શિક્ષણથી ખીલે તેવા પ્રકારનું શિક્ષણ આપવા શિક્ષકો પણ પોતાની ફરજ અદા કરતા નથી, અને તેથી પરિણામ એ આવે છે, કે કેવળ સ્મ- રણ શક્તિ માત્ર ખીલે છે.

વિદ્યાર્થિઓ યથાર્થ સમજ્યા વિના અનેક બાબતો યાદ કરે છે; કેવી રીતે પરીક્ષા પાસ કરવી એજ વિદ્યાર્થિઓનો તેમજ તેમના શિક્ષ- કોનો મુખ્ય ઉદ્દેશ રહે છે. જેમ શરીરમાં અનેક પ્રકારના ખોરાકો જેમ તેમ ભરવામાં આવે, અને તેમને પચાવવા તરફ અને તેમનું લોહી બનાવવા અને તેથી શરીરને ખરૂં પોષણ આપવા તરફ કાળજી ન રાખવામાં આવે, તો તે ખાધેલા ખોરાકનું અજીર્ણ થાય છે; અને તેનો ઘણો ભાગ નકામો થાય છે, તેજ રીતે પુસ્તકો વાંચી વાંચી કેવળ સ્મરણ શક્તિ ઉપર બોજો મુકવામાં આવે, પણ તે વાંચેલા ગ્રન્થો

ઉપર મનન કરી, નિદિધ્યાસન કરી, તેમને મનના એક ભાગરૂપ ન બનાવવામાં આવે, તો તે વાંચેલું ઘણે ભાગે નિષ્ફળ નિવડે છે. જેમ એક ટોપલીમાં પુષ્પો ભરવામાં આવ્યાં હોય, પછી તે ટોપલીને ખાલી કરી નાખવામાં આવે છતાં સુવાસ કેટલોક સમય તે ટોપલીમાં રહી જાય છે, તેજ પ્રમાણે ઘણા વિદ્યાર્થીઓ મગજમાં સ્મરણ શક્તિદ્વારા ભરેલા ગ્રન્થોના વિચારો પરીક્ષાના મંડપમાં કાગળ ઉપર ઠલવી નાંખે છે, અને જે બાકી રહે છે, તે ફક્ત તેનો કાંઇક ઝાંખો ચિતાર માત્ર હોય છે. પરીક્ષા પછી થોડાજ દિવસે તે ગ્રન્થમાંનો સ્હેજ પણ ખ્યાલ આપી શકવા અસમર્થ થતા ઘણા વિદ્વાનો આ લેખકની જાણમાં છે. આ બધાનું કારણ માત્ર એટલુંજ કે ભણવાનો ઉદ્દેશ માત્ર પરીક્ષાઓ પસાર કરવામાંજ સમાયેલો તેમને ભાસ્યો હોય છે; અને તેથી ગમે તેવા પ્રકારે પરીક્ષાઓ પાસ કરી સર્ટીફીકેટ કે ડીગ્રી મેળવવામાંજ તેમની કેળવણીની સમાપ્તિ થાય છે. આવી રીતે કેળવાયલા મનુષ્યો પોતાની કોમનો, ધર્મનો કે પોતાનોજ ઉદ્ધાર શી રીતે કરી શકે? આમ જ્યારે હું લખું છું, ત્યારે મારા કેળવાયલા બંધુઓ ઉપર હું આક્ષેપ મુકવા માગતો નથી; પણ મારો કહેવાનો ભાવાથ એ છે કે કેળવણીનો ઉદ્દેશ પરીક્ષા પાસ કરવી એજ હોવો જોઇએ નહીં. ઍરીથમેટીક અને ઍાલજીબ્રા ઘણા વિદ્યાર્થીઓને તદ્દન નીરસ અને કંટાળા ભરેલાં લાગે છે, અને વિદ્યાર્થી જીવન પછીની જીંદગીમાં, સંસાર વ્યવહારમાં તેમને તે ઉપયોગી થઇ પડશે નહીં, એવા વિચારથી તે તરફ તેઓ બેકાળજી રાખે છે; પણ માનસિક શક્તિઓ અને કેટલાક ઉમદા ગુણો ખીલવવાનું સામર્થ્ય તે એ વિષયોમાં રહેલું છે, એમ જો તેમને યથાર્થ રીતે સમજાવવામાં આવે, તો હું ધારૂં છું કે ખચિત તેઓ તે વિષયો પર અધિક લક્ષ આપતા થશે. નિશાળોમાં તેમજ કૉલેજમાં જે વિષયો શિખવાય છે, તેઓ ઉત્તરકાળમાં સંસાર વ્યવહારમાં બહુ ઉપયોગી થઇ પડતા નથી, એ વાત ખરી છે, પણ તેમને શિખવવાનો ઉદ્દેશ તેમની ઉપયોગિતામાં રહેલો નથી, પણ મનની વિવિધ શક્તિઓ ખીલવવામાં રહેલો છે. માટે જ્ઞાનની સાથે મનની શક્તિઓ કેળવવા તરફ વિશેષ લક્ષ અપાતું જાય, તોજ કેળવણીનો ઉચ્ચ ઉદ્દેશ સિદ્ધ થાય.

આવી રીતે કેળવાયેલા મનુષ્યોને તમે ગમે તે વ્યાપારમાં, ધંધામાં, હુન્નરમાં, ઉદ્યોગમાં રોકો તો મારી ખાતરી છે કે તેઓ પોતાની કેળવાયેલી મન શક્તિને લીધે બહુજ થોડા સમયમાં તેમાં પ્રવીણતા મેળવશે, અને અભણ મનુષ્યો વ્યાપાર દ્વારા જે ધન સંપાદન કરી શકે, તેના કરતાં અધિક

તેઓ મેળવવા સમર્થ થશે. હાલનો સમય હરીફાઇનો અને રસાકસીનો છે; કેવળ શરીર બળથી વધારે ધન પ્રાપ્ત થઇ શકે, તેવા સંજોગો હવે રહ્યા નથી. હવે તો બુદ્ધિ બળવાળાજ વ્યાપારમાં, ઉદ્યોગમાં તથા હરેક કામમાં ફાવી શકે છે, તો પછી જેમની માનસિક શક્તિઓ ખીલેલી છે, તેવા વિદ્વાનો પોતાની બુદ્ધિ વ્યાપારમાં દોરવે તો ઘણા જુજ સમયમાં તેઓ સારૂં ધન મેળવી શકે, તેઓ પોતાના બુદ્ધિ બળથી નવા નવા હુન્નરો શોધી કાઢી શકે, અને તે હુન્નરોમાં પોતાના નિરાધાર જાતિ ભાઇઓને વળગાડે, અને આ પ્રમાણે પોતાની તથા કોમની આર્થિક સ્થિતિ સુધારવામાં તેઓ ઘણો અગત્યનો ભાગ બજાવી શકે.

જૈનધર્મનું તત્ત્વજ્ઞાન ઉચ્ચ પ્રકારનું છે, એમ આપણે મગરૂબી સાથ જણાવીએ છીએ, અને વિદ્વાન ઉપદેશકો–સાધુઓ આપણને વ્યાખ્યાનો દ્વારા અહર્નિશ બોધ આપે છે, છતાં આપણા જીવન વ્યવહાર અને આચાર વિચાર ઉપર તે બોધની અસર થતી નથી તેનું કારણ શું ? કારણ શોધવાને દૂર જવું પડે તેમ નથી; તેનું ખરૂં કારણ યથાર્થ જ્ઞાનની ખામી છે.

આપણે કર્મ અને પુનર્જન્મના નિયમને કબુલ કરીએ છીએ, 'કરીશું તેવું પામીશું,' અને 'વાવશું તેવું લણશું.' એવાં વાક્યોનો ઉચ્ચાર કરીએ છીએ. 'ધર્મ કરશે તે સુખી થશે, અને પાપનું ફળ બુરૂં છે,' એવી વાતો કરીએ છીએ, છતાં આપણા વર્તન ઉપર તેની અસર થતી નથી, અને આપણે તે સિદ્ધાંતોને બિલકુલ માનતા ન હોઇએ, તેવું વર્તન રાખીએ છીએ, તેનું ખરૂં કારણ એકજ છે. તે કારણ એ છે કે તે સિદ્ધાંતોનો આપણને યથાર્થ અનુભવ થયેલો નથી; તે સિદ્ધાંતોનું રહસ્ય આપણે યથાર્થ સમજતા નથી. જો કે આપણે કબુલ કરતાં આંચકો ખાઇશું છતાં કહેવું પડે છે કે તે સિદ્ધાંતો ખરાજ છે, એવો દૃઢ નિશ્ચય હજુ આપણને થયેલો નથી. આમ નહીં થવાનું કારણ આપણી બુદ્ધિની મંદતા છે, સત્ય ગ્રહણ કરવાની માનસિક **શક્તિની** ખામી છે. માટે આ સ્થળે પણ માનસિક કેળવણી પામેલા નરોની ખાસ જરૂર છે. જો તેઓ જૈન તત્ત્વજ્ઞાન યથાર્થ સમજે, અને દરેક સદ્ગુણ કયા ધર્મના ઉચ્ચ સિદ્ધાંત પર આધાર રાખે છે, તેનો તેમને પુરેપુરો ખ્યાલ આવે, તો તેની પુરેપુરી શ્રદ્ધા થાય, અને તે શ્રદ્ધાજ તેમને સત્કાર્યો કરવાને પ્રેરી શકે. માટે મનુષ્યો સત્કાર્ય કરવાને દોરાય, તેને વાસ્તે ધર્મના તત્ત્વોનો બુદ્ધિપૂર્વક ખુલાસો મળવાની ખાસ જરૂર છે; અને તે બુદ્ધિપૂર્વક આપેલો ખુલાસો પણ યથાર્થ સમજનારા ભણેલા છે. આ ઉપરથી સિદ્ધ થાય છે, કે ધર્મનાં તત્ત્વો યથાર્થ સમજવાને પણ માન-

સિક કેળવણી પામેલા વિદ્વાનોની જરૂર છે. તેઓ જો ધર્મનો બરાબર અભ્યાસ કરે, તો તેમનું વર્તન ઉચ્ચ પ્રકારનું થયા વિના રહેજ નહીં; અને સામાન્ય વર્ગ ભણેલા તરફ માનદૃષ્ટિથી જુએ છે, તેથી સામાન્ય વર્ગ પણ ભણેલાનું ઉચ્ચ વર્તન જોઈ તેવા પ્રકારે વર્તવાને દોરાશે. આ રીતે માનસિક કેળવણીથી વર્તન ઉચ્ચ પ્રકારનું થશે; અને જે કોમના મનુષ્યોનું વર્તન ઉચ્ચ પ્રકારનું થયું, તેનું ભવિષ્ય ચળકતું થાય એ નિર્વિવાદિત છે.

શારીરિક કેળવણી.

શરીર જેમ ધર્મનું પ્રથમ સાધન છે, તેમ મનનું પણ પ્રથમ સાધન છે. મનુષ્ય ગમે તેવો વિદ્વાન હોય, ગમે તેવો સદાચારી અને ઉચ્ચ ભાવનાવાળો હોય પણ જો શરીરે અશક્ત અને નિર્બળ હોય, તો તે પોતાનું કે કોમનું હિત સાધી શકતો નથી. હૃદય અને મગજ હોય, પણ પગ વિના માણુસ ચાલી શકે નહીં, અને તેથી હૃદય અને મગજ પોતાનાં કાર્ય કરી શકે નહીં, તેજ રીતે મનુષ્યની ઉચ્ચ ભાવનાઓ, અને કોમનું શ્રેય કરવાના સદ્‌વિચારો શરીર સામર્થ્યના અભાવે હૃદયમાંજ ઉદ્‌ભાવ પામી હૃદયમાંજ વિરામ પામે છે. જેટલું મનને કેળવવા તરફ હાલમાં લક્ષ અપાય છે તેનું શતાંશ પણ શરીર કેળવવા તરફ અપાતું નથી, એ જોઈ કોના હૃદયમાં શોક ઉત્પન્ન નહીં થાય?

શરીર અને મનની વૃદ્ધિ થવાનો સમય એકજ છે; માટેજ બાળપણથી મનની કેળવણી આપવાની સાથે કસરત દ્વારા અથવા યોગ્ય સાધનો દ્વારા શરીરને કેળવવાની જરૂર છે, માટે જ્યાં જ્યાં આપણી પાઠશાળાઓ સ્કુલો હોય, ત્યાં ત્યાં શરીર કેળવાય એવાં કસરતનાં યોગ્ય સાધનો પુરાં પાડવાની જેટલી જરૂર વિચારીએ, તેટલી ઓછી છે. ડૉકટર કેલહોગ લખે છે કે "Weaker and wiser the world is growing" દુનિયા દિનપ્રતિદિન વધારે ડાહી, પણ તે સાથે વધારે નિર્બળ થતી જાય છે, પૂર્વના જમાનાના પુરૂષોએ મેળવેલા જ્ઞાનમાં આપણા અનુભવ જ્ઞાનનો ઉમેરો કરીએ તો આપણા જ્ઞાનની વૃદ્ધિ થાય, પણ શરીરની બાબતમાં તો ડૉકટર કેલહોગના શબ્દો આપણી જૈન કોમને યથાર્થ લાગુ પડે છે. જે સમયે આપણો જુવાન વર્ગ મજબુત અને બલિષ્ઠ દેખાવો જોઇએ, અને જે સમયે શરીર ઉપર જુવાનીનું નુર ઉછાળા મારતું જણાવું જોઇએ, તે ભરજુવાનીના સમયમાં બેસી ગયેલાં ડાચાં, નિસ્તેજ આંખો અને સુકું અને પીળું પડી ગયેલું વદન અને શરીર જોઇ કોની આંખમાં આંસું નહીં આવે? શારીરિક સ્થિતિ તદ્દન દયાજનક છે માટે તે

સુધારવાને સત્વર ઉપાય લેવાની જરૂર છે. જ્યારે ઇંગ્લાંડમાં મી. મોરલી, સર હેનરી એનરમેન અને લૉર્ડ રીપન જેવા સ્વદેશહિત ચિન્તકો ૭૦ ને ૮૦ વર્ષની વયે મોટા રાજ્ય કારભારોને બહુજ સત્ત્વ સાથે ચલાવી શકે, ત્યારે આપણા ૪૦ અને ૫૦ વર્ષના મનુષ્યો તદ્દન નિઃસત્ત્વ અને કામ કરવાની શક્તિ વગરના જણાય તે ખરેખર આપણી અધોગતિનું એક મોટું કારણ છે. શરીર સંપત્તિની બે કાળજી રાખવામાં આપણે ભરનિદ્રામાં સુઇ રહ્યા છીએ, માટે જાગ્યા ત્યાંથી સવાર ગણી હવે એક ક્ષણ પણ આ કામમાં વિલંબ કરવાની જરૂર નથી. નાશ પામેલું શરીર બળ પાછું મેળવવું એ કામ સરળ નથી; માટે કુંભકરણની ઘોર નિદ્રામાંથી હવે જાગીને જૈન કોમની વિનાશ પામતી શારીરિક સ્થિતિને ફરીથી ચેતનમય કરવાની બહુજ જરૂર છે. શારીરિક ઇમારતને તોડી નાંખવામાં બાળલગ્ને પણ કાંઇ ઓછો ભાગ ભજવ્યો નથી, અને તે સાથે આરોગ્યતાના નિયમોનું અજ્ઞાન પણ શરીરની નિર્બળતા લાવવામાં કેટલેક અંશે કારણ છે. પણ બાળલગ્નના વિષયને આ લેખમાં ચર્ચવા માગતો નથી; તેમજ આરોગ્યતાના નિયમોને પણ માત્ર ઉલ્લેખ કરી અટકું છું. પણ શરીરને મજબુત બનાવવામાં કસરતની જે જરૂર છે, તેના ઉપર વિશેષ ભાર મૂકું છું. આપણા જૈન બાંધવોના હાથમાં કેળવણીની કેટલીક સંસ્થાઓ છે, ત્યાં પ્રથમ શરીરને કેળવવાની પ્રથા દાખલ કરવાની પ્રથમ જરૂર છે. શરીરે સારી રીતે કેળવાયેલા મજબુત બાંધાના વિદ્યાર્થીઓ જેમ જેમ તે સંસ્થાઓમાંથી બ્હાર પડતા જશે; તેમ તેમ શરીર બળનો લાભ દેખી બીજાઓ પણ પોતાના બાળકોના શરીરને કેળવવા તરફ લક્ષ આપવા દોરવાશે. આપણી જૈન કોમ વર્ષે દિવસે ડૉકટરોના બીલરૂપે કેટલા રૂપૈયા ખર્ચે છે, તેનો કોઇ દિવસ આપણે વિચાર કર્યો છે ? જો સ્હેજ પણ વિચાર કર્યો હોય તો તે ડૉકટરોના બીલ પાછળ ખર્ચાતા રૂપૈયાનો સદુપયોગ કરવાનું ઉત્તમોત્તમ સાધન કસરતખાનાં જુદે જુદે સ્થળે ખોલવાનું છે.

સ્ટેશનથી ઘર સુધી ગાડી શિવાય ચાલી શકાય નહીં, દશ શેરનો ભાર પણ એક માઇલ સુધી આપણે ઉચકી શકીએ નહીં, એ આપણી કોમળતા નહીં પણ નિર્બળતાનો આપણને જરા પણ વિચાર આવતો હોય, તેમજ સ્હેજ સ્હેજ બાબતમાં આપણને જે માંદગી ભોગવવી પડે છે, અને તે નિમિત્તે ધનનો વ્યય કરવા ઉપરાંત આપણા સગાંસ્નેહીઓને જે શ્રમ આપવો પડે છે, તે તરફ આપણું જરા પણ લક્ષ દોરાતું હોય તો હવે વિલંબ કર્યા શિવાય આ કસરતખાનાં ખોલવાનું કામ ઉપાડી લેવું જોઇએ.

ઇંગ્લાંડ અને જર્મનીમાં એવું એક પણ શહેર નથી, બલ્કે એવું એક પણ નાનું ગામ નથી જ્યાં ત્યાંની વસ્તીના છોકરાઓના તેમજ પુખ્ત ઉમરના મનુષ્યોનાં શરીર કેળવવાને યોગ્ય કસરતખાનું ન હોય. કેટલાક મોટાં શહેરોમાં તો દશથી પંદર જેટલાં કસરતખાનાં માલૂમ પડે છે, માટે આપણે આપણી ફરજો યથાર્થ બજાવી શકીએ, અને આપણા ઉચ્ચ વિચારો અને આશયોને અમલમાં મૂકી શકીએ તે સારૂ કસરતખાનાં ખોલવાની ખાસ આવશ્યકતા છે.

નૈતિક કેળવણી.

આપણી અંદર અનેક પ્રકારની હલકી અને ઉચ્ચ અભિલાષો, ઇચ્છાઓ અને વિકારો રહેલા છે. હલકી વાસનાઓ, ઇચ્છાઓ અને વિકારો નરમ પામે, અને ઉચ્ચ અભિલાષોને પોષણ મળે તેવા પ્રકારનું જે જ્ઞાન આપવામાં આવે તેને નૈતિક કેળવણી કહે છે. વળી તે સાથે આપણા પિતા, માતા, સ્ત્રી, પુત્ર, ભાઇ, સ્વજન, કોમ અને ધર્મ પ્રત્યે આપણી શી શી ફરજો છે, આપણા શા શા ધર્મો છે તે બતાવનાર પણ નૈતિક કેળવણી છે. કેવળ મનુષ્યો તરફ નહીં પણ પશુ પંખી અને છેવટ વનસ્પતિ પ્રતિ પણ આપણી ફરજોનું ભાન કરાવનાર નીતિનો બોધ છે.

આ બોધ આપનાર શિક્ષકનું વર્તન બહુજ ઉચ્ચ પ્રકારનું હોવું જોઇએ, એ લખ્યા વિના પણ સમજાય તેમ છે. કારણ કે નીતિ બુદ્ધિ કરતાં હૃદય સાથે વધારે નિકટનો સંબંધ ધરાવે છે. માટે હૃદયથી આપેલો બોધ હૃદયને અસર કરે, પણ જે મનુષ્ય પોતાના કથન પ્રમાણે વર્તતો હોય તેજ મનુષ્ય હૃદયથી બોધ આપી શકે; માટે આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે નીતિનો બોધ આપનાર પુરૂષ ઉત્તમોત્તમ સંસ્કારી, અને વિચાર પ્રમાણે આચારવાળો હોવો જોઇએ. જે સદ્દગુણોનો આપણે નીતિમાં સમાવેશ કરીએ છીએ તે સર્વ સદ્દગુણોનું મુળ પ્રેમ (Love) છે. અને જે મનુષ્ય વિષે એમ કહી શકાય કે ‘ તે જગતનું કલ્યાણ કરવા તત્પર છે ’ તેજ મનુષ્ય નીતિની પરાકાષ્ઠાએ પહોંચેલો ગણી શકાય. જેને બીજાના આત્મા ભણી પ્રેમ છે તેજ બીજાનું કલ્યાણ કરી શકે. એ પ્રેમના—એ લોકોનું કલ્યાણ કરવાની વૃત્તિના અભાવેજ આપણી સાંસારિક સ્થિતિ તદ્દન અધમ બનેલી છે, તેનો પાયો સડેલો ભાસે છે; અને હાનિકારક રીવાજો રૂપી કીડાએ તે સાંસારિક વૃક્ષને અંદરથી કોતરી નાંખ્યું છે. ઉપરના સિદ્ધાંતના સત્યના બે ત્રણ ઉદાહરણ આપી સિદ્ધ કરીએ.

પ્રથમ બાળલગ્નનો વિચાર કરીએ. જો પિતાને પોતાના પુત્ર ઉપર

ખરો પ્રેમ હોય, જો તેનું કલ્યાણ કરવા ઇચ્છતો હોય તો જે લગ્નથી પોતાના પુત્રની શારીરિક સ્થિતિ નબળી પડે, તેના અભ્યાસમાં ખલેલ પહોંચે, તેની ઉગતી આશાઓ છેદાઈ જાય, અને ભરજુવાનીમાં વૃદ્ધ જેવો થઈ જાય, તેવું લગ્ન કદાપિ તે કરે, અથવા કરવાની સમંતિ આપે ? પણ અફસોસની વાત એ છે કે તે પોતાના પુત્ર પ્રતિની પોતાની ફરજ સમજતો નથી; અને ખાલી પોતાની વાહવાહને સારૂ અને લ્હાવો લેવાના હેતુથી પોતાના નિરપરાધી બાળકને ગળે બાળપણમાં એક જોતરૂં વળગાડે છે. આ પિતાનો એક પ્રકારનો સ્વાર્થ છે; જ્યાં સ્વાર્થ છે, ત્યાં પ્રેમનો અભાવ છે. અને જ્યાં પ્રેમ નથી ત્યાં નીતિ નથી, માટે નીતિના અભાવેજ આ મોટામાં મોટો દુષ્ટ રીવાજ આપણામાંથી નીકળતો નથી.

હવે કન્યાવિક્રયનો વિચાર કરીએ. જો પિતા પોતાની પુત્રી તરફની પોતાની ફરજ સમજતો હોય, જો પોતાની પુત્રી પ્રતિ તેને સ્હેજ પણ પ્રેમ કે રહેમ નજર હોય તો પછી તે ધનની ખાતર કે પોતાના અંગત સ્વાર્થની ખાતર પોતાની નિર્દોષ બાળાને ગમે તેવા વૃદ્ધ, અભણ અને નિર્બળ વરને સોંપવાની મૂર્ખાઈ બતાવે ખરો ? ખરેખર ઉચ્ચ ભાવનાનો, પ્રેમનો, કર્તવ્ય સમજવાની બુદ્ધિનો અભાવ છે; અને જ્યાં આ સર્વનો અભાવ છે, ત્યાં નીતિ હોઈ શકેજ નહિ. માટે નીતિના અભાવેજ આ દુષ્ટ રિવાજે ઘર ઘાલ્યું છે, અને તે નીતિના અભાવે અહિંસા પરમો ધર્મઃ એ સૂત્રને મુખેથી વદનારા જૈનો એક કસાઈ જેવું ઘાતકી કૃત્ય કરવા દોરાય છે.

હવે વૃદ્ધ વિવાહનો જરા વિચાર કરીએ.

જો પરણવાની ઇચ્છા રાખનાર વૃદ્ધમાં જરા પણ પ્રેમ હોય, જો પોતાની કોમ પ્રત્યે પોતાનું શું કર્તવ્ય છે તે જરા પણ સમજતો હોય, તો પછી પોતાના સ્હેજ સ્વાર્થી સુખ ખાતર અનાથ બાળાનો આખો ભવ બગાડવાનું અધમ કામ કરવા કદાપિ પણ હીંમત ધરશે નહીં. પોતાના ક્ષણિક સુખ સારૂ કોઇની આખી જીંદગી ધૂળમાં રગદોળવી એ કેવા પ્રકારની નીતિ હોઇ શકે ? તે આ લેખકને સમજાતું નથી. ખરેખર નીતિનાજ અભાવે આ સર્વ હાનિકારક રીવાજોને પોષણ મળ્યું છે, અને જ્યાં સુધી નીતિની ઉચ્ચ ભાવનાઓ કોમમાં ફેલાશે નહીં ત્યાં સુધી બાહ્ય ગમે તેટલા ઉપચારો કરવામાં આવે તોપણ તેનાથી ઝાઝો લાભ થવાનો નથી.

રસ્તામાં પડેલું એક લંગડું કુતરૂં જોઇ આપણી આંખમાં આંસુ આવે છે, અને તેને કોરાણે મુકાવીએ છીએ, અને તેને દવા વગેરેથી ઉપચાર કરવા પણ આપણું મન તલસે છે. છતાં કોઇ દુરાચારી મનુષ્યને જોઇ આપણે

તેના તરફ ધિક્કારની નજરથી જોઇએ છીએ. શું તે દુરાચારી મનુષ્ય પણ નીતિની અપેક્ષાએ લંગડો નથી? શું એક લંગડા કુતરા તરફ દયા બતાવનાર આપણે જૈનો એક માનવ બાંધવ તરફ દયા બતાવતાં પાછા હઠીશું? શું તે પંચેંદ્રિય જીવ નથી? શું તે આપણી દયાને પાત્ર નથી? પશુ આપણા સ્વાર્થને વિરોધ કરનારૂં નથી, માટે આપણે તેની તરફ દયા બતાવીએ, પણ મનુષ્ય તો આપણા સ્વાર્થની વચ્ચે આવે છે, માટે દયા બતાવતા નથી, આ શું ખરી દયા છે? આપણે દયાના પવિત્ર નામને આપણા વર્તનથી કંલકિત કરીએ છીએ. કોઇ પણ ધર્મ ઉચ્ચ છે કે હલકો છે તેનો ખ્યાલ, બીજા મનુષ્યો, તે ધર્મની તેના પાળનારના વર્તન ઉપર જીવન વ્યવહાર ઉપર શી અસર થાય છે, તેના ઉપરથી બાંધે છે. જો વર્ત્તન ઉચ્ચ પ્રકારનું હોય તો જે ધર્મને લીધે તેવું ઉચ્ચ પ્રકારનું વર્તન રાખવાને તેઓ દોરાયા તે ધર્મ પણ ઉચ્ચ પ્રકારનો હશે, એમ સહેજ બીજા માની શકે છે. માટે આપણને જો આપણા ધર્મનું અભિમાન હોય, આપણો ધર્મ ઉચ્ચ છે એવી આપણને શ્રદ્ધા હોય તો પછી આપણા ઉચ્ચ વર્તનથી આપણે તેની ઉચ્ચતા પુરવાર કરી આપવી જોઇએ. આપણા વર્તન ઉપર આપણા ઉચ્ચ ધર્મની અસર ન થાય, અને આપણે પામર મનુષ્યની માફક આપણું વર્તન રાખીએ તો પછી આપણો ધર્મ ઉચ્ચ છે એમ કહેવાને આપણી પાસે કાંઇ પણ સાધન નથી. જો જૈન ધર્મની ઉચ્ચતાની બીજાપર છાપ પાડવી હોય, અને બીજાઓને જૈન તત્ત્વજ્ઞાન તરફ દોરવા હોય તો ઉત્તમોત્તમ માર્ગ એજ છે કે તે ધર્મ પાળનારાઓએ પોતાનું વર્તન ઉચ્ચ પ્રકારનું અને નીતિવાળું રાખવું. બાકી ધર્મના સિદ્ધાંતોની ઉચ્ચતા પોપટની માફક કહી જવાથી કોઈ પણ મનુષ્યોપર આપણે અસર કરી શકવાના નથી, એ નિઃશંસય છે. જો દયા ધર્મનો ઝુંડો ફરકાવનારા જૈનો પોતાની દીકરીઓને કસાઈની માફક વચે, પોતાના પુત્રોને બાળલગ્નના ઉંડા કુવામાં હડસેલી મુકે, પોતાના રહેજ સ્વાર્થ સારૂ અનાથ બાળાઓને વિધવા બનાવવાનું ઘોર કૃત્ય કરે, કોર્ટમાં જુઠું બોલે, અન્યાયથી ધન પેદા કરે, જુઠી સાક્ષી પુરે, અને ખોટા ધર્મના સોગન ખાય; તો પછી તે દયા કયાં રહી? અને આપણે બીજાને તે દયાનો શી રીતે બોધ આપી શકીએ? માટે વર્તન નીતિવાળું રાખવું એ દરેક જૈનનું પરમ કર્ત્તવ્ય છે.

ધાર્મીક કેળવણી. નીતિનો પાયો ધર્મ છે. ધર્મ એ નીતિને પોષણ આપનાર ઉત્તમ બળ છે. સામાન્ય મનુષ્યોને વાસ્તે નીતિના માર્ગો બતાવેલા છે, પણ તેનું રહસ્ય ધર્મના સિદ્ધાંતોમાં રહેલું છે. ધર્મ શિવાય નીતિ ટકી શકે નહીં. નીતિ કહે છે કે

સાચું બોલવું; 'ચોરી કરવી નહીં;' પણ શા સારૂ સાચું બોલવું ? શા સારૂ ચોરી ન કરવી ? તે કેવળ નીતિ સમજાવી શકે નહીં. તે સમજાવનાર તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન જણાવે છે કે સર્વ આત્માઓ સરખા છે. આપણું કોઇ ચોરી જાય તો આપણને દુઃખ થાય છે; તેજ રીતે આપણે પરધન હરણ કરીએ તો તે પરને દુઃખ થાય, માટે ચોરી કરવી નહીં; વળી ચોરી કરતાં પહેલાં તત્સંબંધી વિચાર થાય છે, તેથી મન મલિન થાય છે, અને મલિન મનમાં આત્માનો પ્રકાશ આવી શકે નહીં, તેથી જ્ઞાનનું આવરણ થાય છે. આવી આવી રીતે તત્ત્વ સમજાવી ચોરી નહીં કરવાનો બોધ તત્ત્વજ્ઞાન આપે છે. જો તેવી રીતે ધર્મનું શિક્ષણ આપવામાં આવે, તેમજ ધર્મની જે દરેક ક્રિયા કરવામાં આવે છે, તે કરવાનો આશય શું છે, તે સમજાવવામાં આવે, તો લોકો ઘણા થોડા સમયમાં નીતિવાળા થાય, અને ધર્મની ક્રિયાઓ જે ભાવ વિના ખાલી ખોખા સમાન ભાસે છે, તેમને નવું ચૈતન્ય મળે, ભાવથી કરેલી ક્રિયાઓ હૃદયને શુદ્ધ બનાવે છે; માટે આ રીતે હૃદય પણ શુદ્ધ થાય; કેવળ સમજાવ્યા શિવાય સૂત્ર મોંહે ગોખાવવાથી ઇચ્છિત લાભ થયો નથી, અને ભવિષ્યમાં થવાની આશા રાખવી વ્યર્થ છે. હાલમાં જે સીરીઝો બહાર પડે છે, તેમાં કેટલેક અંશે આ વિચાર ધ્યાનમાં રાખી પાઠો લખવામાં આવેલા છે, છતાં તત્ત્વજ્ઞાન અને નીતિનો શો સંબંધ તે સંબંધમાં વધારે પ્રકાશ પાડવાની જરૂર છે. કારણ કે જે તત્ત્વજ્ઞાન નીતિને પોષે નહીં, તે તત્ત્વજ્ઞાન બહુ લાભકારી ગણી શકાય નહીં. માટે આ સવાલ ઉપાડી લેવા મારા વિદ્વાન્ બંધુઓને હું ભલામણ કરૂં છું.

આવી રીતે શારીરિક, માનસિક, નૈતિક અને ધાર્મિક કેળવણી બાળકોને આપવામાં આવે તો મને ખાત્રી છે કે ઘણા થોડા સમયમાં આપણી કોમમાંથી કેટલાક સ્વાર્થ ભોગ આપનારા હીરા ઝળકી આવે, જેઓ કોમનો ઉદય અલ્પ સમયમાં કરી શકે. પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે કે મારા જૈન બંધુઓ આ વિચારોની સત્યતા અનુભવી તે પ્રમાણે વર્ત્તવાને દોરાય.

યજ્ઞનો ગુપ્ત સિદ્ધાંત.*

પાશ્ચાત્ય વિદ્વાનો અને સાયન્ટીસ્ટો (પદાર્થ વિજ્ઞાનીઓ) જણાવે છે કે મનુષ્ય અને પ્રાણી વર્ગ વચ્ચે મોટો ભેદ છે. તેઓ આપણને કહે છે કે પ્રાણીવર્ગને ભાન હોય છે, ત્યારે મનુષ્યને સ્વાત્મ ભાન (self-consciousness) હોય છે. આ સ્વાત્મભાન દરેક મનુષ્યનો સ્વાભાવિક વારસો છે, એમ તેઓ ધારે છે.

પ્રાણીવર્ગને ઇન્દ્રિય જન્ય જ્ઞાનદ્વારા ફક્ત પોતાની લાગણીઓનું ભાન હોય છે, પણ તેઓની પોતાની હયાતી–અસ્તિત્વનું ભાન હોતું નથી. પણ મનુષ્યને લાગણીઓ અને વિચારોદ્વારા બધા જગતનું ભાન થાય છે એટલું જ નહિ પણ તે ઉપરાંત તેને પોતાની હયાતીનું ભાન યા સ્વાત્મભાન હોય છે. ઉપર ટપકે વિચાર કરનારને પણ પ્રાણીવર્ગથી જૂદું પાડનારૂં મનુષ્યનું આ વિશેષતાદર્શક ચિહ્ન સહેલાઇથી સમજાઇ આવે છે, પણ આ સ્થળે પ્રશ્ન ઉઠે છે કે આત્મ ભાન અથવા આત્માનું ભાન તે શું? શરીર કરતાં જૂદો આત્મા છે એમ જડવાદીઓ સ્વીકારતા નથી. જડવાદ પ્રમાણે ભાન અને આત્મભાન જીવતાં શરીરમાં રહેલા જૂદાં જૂદાં તત્ત્વોનાં માયાવી ચિત્રો સમાન છે, આ તત્ત્વો દરેક ક્ષણે બદલાય છે અને તેમનું સ્થાન બીજાં તત્ત્વો લે છે. વળી જડવાદ પ્રમાણે તો મનુષ્ય એ હાડકાં, સ્નાયુ અને જ્ઞાનતંતુની ગાંસડી સમાન છે.

આ તત્ત્વોનું મુખ્ય કામ ઇન્દ્રિયજન્ય જ્ઞાન લાગણીઓ અને વૃત્તિઓનો સંગ્રહ કરવાનું છે. જડવાદીઓ તો એટલે સુધી જણાવે છે કે મનુષ્યના શરીરની રચનામાં થતા માયાવી ફેરફારો જેને આત્મભાન કહેવામાં આવે છે, તે માની લીધેલા સત્ય સિવાય મનુષ્ય અને પ્રાણી વર્ગ વચ્ચે મોટો ભેદ નથી. આવો વિચાર કરવો તે મનુષ્ય સ્થિતિ પામેલા જીવાત્માનું અપમાન કરવા સમાન છે. જડવાદ પ્રમાણે તો મનુષ્યને સ્મરણ શક્તિ સંભવી શકેજ નહિ. દરેક ક્ષણે નવા દાખલ થતા પરમાણુઓ દશ વર્ષ ઉપર ત્યાં રહેલા અમુક પરમાણુઓએ શું કર્યું હતું, તે ક્યાંથી જાણી શકે, અને તેઓ ત્યાં નહતા, તો તેઓએ પણ શું કર્યું હતું તે શી રીતે તેમના જાણવામાં આવે?

---

* (મહુંમ જૈનતત્ત્વજ્ઞ વીરચંદ રાઘવજી ગાંધીના ભાષણનો અનુવાદ.)

સર્વ સમયે શરીરમાં થતા અખંડિત ફેરફારોમાં ઐક્ય જાળવનાર ત-ત્ત્વ શું છે, આ પ્રશ્નનો સંતોષકારક ખુલાશો જડવાદીઓ આપી શકતા નથી. આ તત્ત્વને આર્યલોકો આત્મા તરીકે પ્રતિપાદન કરે છે. જેને આપણે જી-વતું પ્રાણી કહીએ છીએ તે દરેકને આત્મા અને શરીર હોય છે.

આ બન્નેનો સંયોગ સરબતમાં પાણી અને ખાંડની માફક યાંત્રિક રીતે (mechanically) થયો નથી. પણ આ બન્ને તત્ત્વો એવી રીતે સંકલાયેલાં છે, કે તે એક બીજા ઉપર અદ્ભુત અસર કરે છે, અને એક બીજામાં મોટા ફેરફાર કરે છે. હિતોપદેશમાં કહ્યું છે કેઃ—

आहारनिद्राभयमैथुनं च
सामान्यमेतत्पशुभिर्नराणां ।
धर्मो हि तेषामधिकोविशेषो

× × × × × ×

અર્થઃ—મનુષ્ય અને પ્રાણીવર્ગ આહાર, નિદ્રા, ભય અને મૈથુનને આ-ધિન છે. આ બાબતમાં તેઓની સમાનતા રહેલી છે, પણ મનુષ્યનું ખાસ લક્ષણ એ છે કે તે ધર્મ આચરી શકે, જગતના આધ્યાત્મિક નિયમોને સ-મજે, અનુભવ કરે અને વ્યવહારમાં મુકી શકે. આ નિયમો તેને તેની હ-લકી ખાસીયતો–પાશવસ્વભાવ ઉપર જય મેળવતાં અને તેના ઉચ્ચ સ્વ-ભાવને પ્રધાનપદ આપી ખીલવતાં શિખવે છે. આ કારણથીજ મનુષ્ય એ ધાર્મિક પ્રાણી છે.

હવે પ્રશ્ન એ ઉઠે છે કે મનુષ્યે આ પદ શી રીતે પ્રાપ્ત કર્યું ? ટુંકામાં **યજ્ઞના–આત્મભોગના** નિયમથી તેણે આ પદ મેળવ્યું.

ચેતનાનો પ્રથમ આરંભ શરીરદ્વારા થાય છે. વનસ્પતિ, ખનિજ વ-ગેરે આત્માની હલકી સ્થિતિઓમાં પણ જેમ શરીર સૂક્ષ્મ હોય છે, તેમ તે શરીરમાં સુખ દુઃખ જાણવાની વિશેષ શક્તિ માલૂમ પડે છે. ચૈતન્યની ઉ-ન્નતિ તેમજ જૂદા જૂદા આકારોનું પ્રકટીકરણ સ્થૂલ અથવા હલકી બાબતોનો ભોગ આપવાથી અને સૂક્ષ્મ કે ઉચ્ચ બાબતો ગ્રહણ કરવાથી થાય છે. જોકે સર્વ પ્રાણીઓમાં બરાબર આ રીતે બનતું હોય એમ લાગતું નથી, પણ ના-નામાં નાનું પ્રાણી પણ જાણતાં અથવા અજાણતાં અશુદ્ધતાનો ત્યાગ કરે અને શુદ્ધ તત્ત્વોને ગ્રહણ કરે તે સિવાય જીવની ઉચ્ચસ્થિતિ થઈ શકે નહિ. ઘણા મનુષ્યો પણ અજાણતાં એ પ્રમાણે કરે છે. ઉન્નત વિચારવાળા મં-ડળમાં વસનાર હલકો મનુષ્ય પોતાનો નીચ સ્વભાવ ઘણો ખરો છોડી દે

છે, અને જેમની સાથે વસે છે, તેમના જેવું શુદ્ધ પોતાનું સ્થૂળ શરીર બનાવે છે.

ઘરમાં પાળેલાં પશુઓ આ યજ્ઞના નિયમના ઉત્તમ દૃષ્ટાન્તો છે. આ સર્વ દૃષ્ટાન્તોથી એટલું સિદ્ધ થાય છે કે હલકા સ્વભાવને ત્યાગ કરવાથી-ભોગ આપવાથી-જ્ઞાનરૂપી યજ્ઞમાં આહૂતિ આપવાથી જીવો સૂક્ષ્મ શક્તિઓ-લબ્ધિઓ મેળવે છે અને ઉચ્ચ ભુવનો પ્રાપ્ત કરવાને તે શક્તિઓનો તેઓ ઉપયોગ કરી શકે છે.

મનુષ્ય જાતિના અભ્યાસકોએ મનુષ્યોની જૂદી જૂદી માનસિક સ્થિતિ તપાસી તેના ત્રણ વિભાગ પાડયા છે. હલકામાં હલકાં મનુષ્યો અનીતિમાન્ આળસુ અને અજ્ઞાની હોય છે. મધ્યમ વર્ગના મનુષ્યો ઇન્દ્રિયોને સંતોષવામાં અર્થાત્ ખાવા, પીવા અને પહેરવાનાં સુખો મેળવવામાં પોતાનું જીવન ગાળે છે.

અને ઉત્તમ વર્ગના મનુષ્યો પોતાનો કાળ અને શક્તિ આધ્યાત્મિક (spiritual) લાભાર્થે વાપરે છે. પણ મનુષ્ય જાતિનો મોટો ભાગ મધ્યમ વર્ગના લોકોનો બનેલો લાગે છે. જે હલકું હોય તેને પ્રથમ ઉચ્ચ બનાવવું જોઇએ અને જે લોભ હોય તેને આધ્યાત્મિક લાભ મેળવવાની દૃઢ ઇચ્છારૂપે બદલી નાખવો જોઇએ. આ રીતે વિકાર અને વિષયરાગને સર્વ પ્રાણી તરફના ઉચ્ચ પ્રેમ રૂપે ફેરવવા પ્રયત્નશીળ થવું જોઇએ. આ સર્વ ફેરફાર યજ્ઞ-આત્મભોગના નિયમદ્વારા થાય છે.

આવા વિચારોને લક્ષમાં રાખી-જે સ્થિતિમાં સ્વાભાવિક રીતે મનુષ્યો ઇંદ્રિયોની તૃપ્તિને જીવનના મુખ્ય ઉદ્દેશ રૂપ સમજે છે તેવી સ્થિતિમાં આવેલા મનુષ્યોને વાસ્તે, અને જે મનુષ્યોમાં હલકી વૃત્તિઓ એટલી પ્રબળ અને શક્તિમાન્ હોય છે કે ઇંદ્રિયોની તૃપ્તિ સિવાય બીજા કોઇ કારણથી મનુષ્યો પ્રવૃત્તિ કરવા લલચતા નથી તેવા મનુષ્યોને વાસ્તે-હિંદુસ્થાનમાં પ્રાચીન આચાર્યોએ તેમજ ઋષિ મુનીઓએ કેટલાક નિયમો ઘડી કાઢયા હતા. આપણી ચારે બાજુએ દૃષ્ટિ ફેરવતાં જણાય છે કે મનુષ્ય જાતિનો મોટો ભાગ આવા મનુષ્યોનો બનેલો છે. જેમના આચાર અને જીવનનો ઉદ્દેશ પરહિતજ હોય એવા મનુષ્યો બહુ વિરલા છે. જે મનુષ્યોના વિચાર અને કાર્યોને સ્વાર્થીપણા-અહંતા-નો વિચાર કાબુમાં ન રાખતો હોય તેવા મનુષ્યો તો બહુજ થોડા છે. વળી કેવળ મનુષ્ય જાતિની સેવા અર્થે નહિ પણ સર્વ ચૈતન્યવાળાં પ્રાણીના હિતાર્થે જેઓએ આત્મભોગ આપ્યો હોય, તેવા નર તો જૂજ હોય છે. જો કે વસ્તુ સ્થિતિ આવા પ્રકારની છે, છતાં

યોગ્ય પ્રયત્નોથી હલકા સ્વભાવવાળા મનુષ્યોને ઉચ્ચ પગથિયાં પર મૂકી શકાય, અને તેમને એવો બોધ આપી શકાય કે જે દ્વારા તેઓ જાણી શકે કે જીવન ઇન્દ્રિય તૃપ્તિના સાધનરૂપ નથી પણ કર્તવ્ય બજાવવાના ક્ષેત્રરૂપ છે. આવો વિચાર જો તેમના જીવન વ્યવહારમાં દાખલ થાય તો કેવું સારૂં? સ્વાર્થને ખાતરજ કાર્ય કરનારની માનસિક સ્થિતિનું આપણે પૃથક્કરણ કરીએ તો જણાશે કે તેના દરેક કામને વાસ્તે તે બદલાની ઇચ્છા રાખે છે. તે બદલાને વાસ્તેજ કામ કરે છે, કારણ કે તેના આત્માને કાબુમાં રાખનારી ઘણી વાસનાઓનું તેનાપર સામ્રાજ્ય ચાલે છે. તેણે હજુ હલકા વિકારોપર જય મેળવ્યો નથી. પણ તે હલકા વિકારોનો ગુલામ છે. આ દાસત્વની–પરતંત્રતાની સ્થિતિમાંથી મુક્ત કરવા સારૂ જ્ઞાની પુરૂષોએ કેટલાક નિયમો ઘડી કાઢ્યા છે, જે આપણે આ લેખમાં વિચારીશું.

તેને કેટલાંક કામો–અને તે પણ તે કાર્યના ફળની ઇચ્છાથી નહિ પણ જગત્ ભણીની તેની કેટલીક ફરજો બજાવવાનેજ ફક્ત–કરવાને શિખવવામાં આવ્યું હતું. આ કામો કરવાથી તે ધીમે ધીમે પાશવ વૃત્તિઓના પાશ-માંથી પોતાના આત્માને છૂટો કરી શકતો અને ઉચ્ચ પ્રકારનાં સત્યો શિખી શકતો હતો. આ નિયમોમાં એક નિયમ એ હતો કે તેણે પાંચ પ્રકારના યજ્ઞ કરવા.

દેવયજ્ઞ.

ઉચ્ચ ભૂમિકાની દિવ્ય અને ચૈતન્ય યુક્ત શક્તિઓ–દેવો–ભણી યજ્ઞ કરવો. મનુષ્યના શરીરને પોષણ આપનારી દરેક ચીજોને અન્ય ભૂમિકાની સૂક્ષ્મ શક્તિઓ સાથે સંબંધ છે. વસ્તુતઃ દરેક ચીજનું પોષણ તે શક્તિઓ વડે થાય છે. તેટલા માટે મનુષ્ય તે શક્તિઓનો આભારી છે. જે દેવો પાસેથી તેને આટલું બધું મળે છે, તે દેવોને–તે દિવ્ય શક્તિઓને બદલામાં તેણે કાંઇક આપવું જોઇએ પણ કેવળ સ્વાર્થી થવું જોઇએ નહિ. જો શુદ્ધ હવાથી મનુષ્યના શરીરમાં સ્ફૂર્તિ આવતી હોય તો આસપાસની હવા શુદ્ધ રહે તેને સારૂ તેણે પ્રયત્ન કરવો જોઇએ. જો શુદ્ધ ખોરાકથી તેનું પોષણ થતું હોય તો જે શક્તિઓ અન્નને શુદ્ધ બનાવે છે, તે શક્તિઓને તેને કાંઈ બલિદાન–ભોગ આપવો જોઇએ. આ પ્રમાણે દરેક બાબતમાં બદલામાં તેણે કાંઇક આપવું જોઇએ. બીજા પાસેથી મળેલા લાભના બદલા રૂપે કાંઇક કાર્ય કરવાથી તેને સંતોષ થશે કે તે ચોર કે ભિખારી નથી પણ પ્રમાણિક આત્માધીન–સ્વતંત્ર મનુષ્ય છે.

પિતૃયજ્ઞ.

આ યજ્ઞ પિતા માતા અને આપણા બાપદાદાઓ ભણી કરવાનો છે. તેઓએ આપણને ઉછેર્યા છે, આપણું પોષણ કર્યું છે અને આપણને વસ્ત્ર પુરાં પાડયાં છે, બાળપણમાં આપણી સંભાળ રાખી છે અને તે નિમિત્તે તેઓએ ઘણી રાત્રિઓ સુધી ઉજાગરા પણ વેઠયા છે. તેમની તરફથી મળેલા આ સઘળા લાભના બદલામાં જો આપણે કાંઈ પણ ન કરીએ તો ખરેખર આપણે કૃતઘ્ની (ungrateful) કહેવાઇએ. જો તેઓ જીવતાં હોય અને વૃદ્ધ થયાં હોય તો આપણે તેમની સંભાળ લેવી જોઇએ અને તેમનું જેથી કલ્યાણ થાય, તેવી દરેક રીતે તેમની સેવા બજાવવી જોઇએ. તેમનાં મરણ પછી તેમનાં નામ આપણી સ્મરણ શક્તિમાં તાજાં રાખવાં જોઇએ. મનુષ્ય-ઉન્નતિમાં તેઓએ પોતાનો ભાગ ભજવ્યો છે. આપણે તેઓએ કરેલાં કાર્યોની કદર બુઝવી જોઇએ, અને તેમણે પડતું મૂકેલું કામ ઉપાડી લેવું જોઇએ કે જેથી મનુષ્ય જાતિની ઉન્નતિનો પ્રવાહ અખંડિત વહ્યાં કરે.

મનુષ્ય યજ્ઞ.

આ યજ્ઞ આપણી સંભાળ અને મદદની જરૂરવાળા મનુષ્યો ભણી કરવાનો છે. દરેક મનુષ્ય સમગ્ર મનુષ્ય જાતિનો એક વિભાગ છે. અને આપણા એક માનવ બંધુને-જાતિભાઇને ખરા અંતઃકરણથી મદદ કરવામાં આપણે આખી મનુષ્ય જાતિને મદદ કરીએ છીએ. જો ભવિષ્યમાં મળનાર મોક્ષનો આધાર ખરેખર પ્રેમ-દયા ઉપર રહેલો હોય તો તે પ્રેમ ફક્ત વિચારરૂપે જ નહિ રાખી મૂકતાં તેને વ્યવહારમાં યોજવો જોઇએ. જેઓને મદદની જરૂર છે, તેમને ખરેખર મદદ કરીને આપણામાં રહેલા તે પ્રેમના વિચારને વ્યવહારમાં યોજવો જોઇએ. આવા યજ્ઞ-આત્મભોગથી મનુષ્યની વધતી જતી સ્વાર્થતાનો ધીમે ધીમે નાશ થતો જાય છે. આ સિદ્ધાંત સ્મરણમાં રાખી નિરંતર તે પ્રમાણે વર્તવાથી તે મનુષ્યની બાહ્યજગત્ તરફની વૃત્તિ તેમજ માનસિક સ્થિતિ એવી બદલાઈ જાય છે કે મોટામાં મોટી ચિંતા તેમજ ઉદ્વેગથી તેનું મન ક્ષોભ પામતું નથી કે સ્થિરતાથી ચલિત થતું નથી. સઘળા સંયોગોમાં તેમજ બનતા બનાવોમાં તેનું મન એક સરખી રીતે શાંત અને સ્થિર રહે છે; અને આ જગતમાં દેખાતા ભેદભાવ અને અસમાનતાનું કારણ તે બરાબર રીતે સમજી શકે છે.

પશુયજ્ઞ.

આપણે પ્રાણીઓનું રક્ષણ કરીને, પોષણ કરીને અને સંભાળ લેઇને તેમની ઉન્નતિમાં સહાયભૂત થવું જોઇએ. આ પ્રાણીઓ ઉન્નતિની સીડીમાં

મનુષ્ય વર્ગ કરતાં નીચાં પગથિયાંપર ઉભેલાં છે, તેટલા માટે તેમનો નાશ કરવો એ કોઈ પણ રીતે યોગ્ય ગણાય નહિ. તે આપણાં કરતાં નીચેનાં પગથિયાં પર ઉભેલાં છે, માટે તેમના તરફ આપણે એક ફરજ બજાવવાની ખડી થાય છે. તેઓ ભાર ઉચકનારા પશુ તરીકે મનુષ્ય જાતિને સારી સ્થિતિમાં લાવવામાં ઘણા જમાના સુધી નિરંતર વફાદાર મદદગાર તરીકે નીવડેલા છે. ઘોડો, ઉંટ, હાથી, ગાય વગેરે પ્રાણી ન હોત તો મનુષ્યજાતિ આગળ વધી શકત નહિ. જો બકરાં અને ઘેટાં ન હોત તો તમે અને હું ઊનનાં લુગડાં બનાવી આપણી જાતને ગરમ બનાવવા સમર્થ થયા હોત નહિ. આટલું છતાં પણ જે સ્ત્રી પુરૂષો ટેવથી યા રૂઢીથી આ માંસનો ખોરાક ખાઈ પ્રાણીઓને વધ કરવાને સ્પષ્ટ રીતે ઉત્તેજન આપે છે, તેઓ કેટલા બધા સ્વાર્થી છે તેનો ખ્યાલ શબ્દોમાં શી રીતે આપી શકાય ? પ્રાણીઓના માંસનો ખોરાક વાપરવામાં તેઓ કેટલા બધા કૃતધ્ની થાય છે તેનો તેઓએ ક્ષણભર વિચાર લાવવો ઘટે છે. જો આપણને–મનુષ્યોને પ્રાણીવર્ગ તરફથી આટલા બધા લાભ મળ્યા છે, તો પછી આપણે તેમની તરફ માયાળુ થઇને દુઃખી પ્રાણીની સંભાળ તથા કાળજી લેઇને તેમની તરફથી મળેલા લાભનો બદલો વાળવાની આપણી ફરજ–ધર્મમાં જરા પણ ચૂકવું નહિ.

જ્ઞાન યજ્ઞ.

આ યજ્ઞ જ્ઞાન અને આધ્યાત્મિક લાભ મેળવવાને કેટલોક સમય શક્તિ અને ધનનો વ્યય કરીને પોતાના વાસ્તે કરવાનો છે. અસલની જંગલી સ્થિતિમાંથી મનુષ્યની સ્થિતિમાં જીવ આવી પહોચ્યો તેનું કારણ તે જીવમાં રહેલી ઉચ્ચ થવાની શક્તિ હતી. અંતરાત્મા પરમાત્મા થવાને નિશદિન તલસ્યાં કરે છે. આ મનુષ્ય ભવમાં આપણા આત્માની ગુપ્ત શક્તિઓ ખીલવવા ઘણા પ્રસંગો અને તકો મળે છે. તો જેઓ મનુષ્યભવમાં આવેલા છીએ તેવા આપણે આ તક અથવા પ્રસંગ જરા પણ નકામા ગુમાવવા નહિ. દરરોજ દિવસનો અમુક ભાગ અભ્યાસ, વાચન, એકાગ્રતા અને આત્માનો સાક્ષાત્કાર કરવાના પ્રયાસમાં રોકવો જોઇએ. પુસ્તક અને અભ્યાસ સારૂ તેણે કેટલુંક દ્રવ્ય પણ ખરચવું જોઇએ. બીજાં લોકોને ધર્મનાં મહાન્ શિક્ષણો શિખવાની સગવડ પડે તે માટે તેણે મદદ કરવી જોઇએ. જે મનુષ્યો બીજાને સહાય કરતા હોય તેમને પણ તેણે યથાશક્તિ સહાય આપવી. જે મનુષ્યો અભ્યાસની બિલકુલ દરકાર કરતા નથી, તેની અપેક્ષાએ જે સ્વાર્થી મનુષ્ય પોતાના જાતિભાઇઓની દરકાર કર્યા સિવાય પોતાના અભ્યાસમાંજ મંડયો રહે છે, તે વધારે સારો ગણી શકાય. મનુષ્ય ગમે તેવી સ્થિતિમાં હોય, છતાં તેના પોતાના આત્મામાં રહેલી ગુપ્ત અને અપ્રકટ શક્તિઓ વિષે જ્ઞાન મેળવવું

જોઇએ. કારણ e is power જ્ઞાન તે અપૂર્વ શક્તિ છે. ખરી શક્તિની ઇચ્છા રાખ... જ્ઞાન મેળવવું જોઇએ. તેમજ વધારે ઉચ્ચ ને ગુપ્ત શક્તિઓ આપણને અસર કરે છે, આપણામાં કાર્ય કરે છે, અને કેટલેક અંશે આપણું ભવિષ્ય રચે છે, તેવી શક્તિઓ આ જગતમાં હયાત છે તે સંબંધી જ્ઞાન સંપાદન કરવું જોઇએ, અને જે નિયમોદ્વારા તે શક્તિઓ પ્રકટ થાય તે નિયમોનો અભ્યાસ કરવો જોઇએ. તેણે દરેક ક્ષણે આત્મનિરીક્ષણ કરવું જોઇએ, કારણ કે આ આત્મનિરીક્ષણથી મનુષ્ય પોતાની હલકી ખાસીયતો-વિકારો પર જય મેળવી ગુપ્ત શક્તિઓ પ્રકટ કરી શકે છે, આવી બાબતોમાં આપેલો દ્રવ્ય અને સમયનો ભોગ આપનારને પોતાને તેમજ પરને લાભદાયક નીવડે છે. આપણી હલકી ઇચ્છાઓ, લાગણીઓ, વિકારો અને તરંગો પ્રમાણે વર્તવામાં કેટલો બધો ભોગ આપણે આપવો પડે છે, તેનો વિચાર કરો. ધન, સમય અને ઉત્સાહનો આવી નજીવી બાબતોમાં ભોગ આપવાથી જરા પણ આધ્યાત્મિક લાભ મળતો નથી. નિરંતર બદલાતી જતી જન મંડળની રૂઢિ (ફેશન) અને એટીકેટ (સામાજીક રિવાજ) ને ગુલામની માફક આધીન થઈ આપણે ઉપર પ્રમાણે ભોગ આપીએ છીએ. જો નાતજાતને ખુશી રાખવાને આપણે આટલો બધો ભોગ આપવા તત્પર થઇએ છીએ તો પછી જે મનુષ્યોએ આત્મામાં રહેલી ઉચ્ચ શક્તિ વિષે જરા પણ વિચાર કર્યો નથી તે પુરૂષોના અભિપ્રાયની દરકાર કર્યા સિવાય આપણા આધ્યાત્મિક ઉત્કર્ષ સારૂ સમય ધન કે મનોબળનો ભોગ આપતાં શા સારૂ અચકવું જોઇએ !

જે મનુષ્યોને અવકાશ છે, તેઓએ થોડો સમય આત્મામાં રહેલી ગુપ્ત શક્તિઓ પ્રકટ કરવાને અવશ્ય ગાળવો જોઇએ, અને જેઓ પાસે ધન છે, તેઓએ પોતાની જાતને તથા આવા પ્રકારના જ્ઞાનની ઇચ્છા રાખનારા બીજાઓને બનતી મદદ કરવી જોઇએ.

આ યજ્ઞના ઉત્તમ નિયમનો ઘણીવાર ખોટો અર્થ યા દુરૂપયોગ કરવામાં આવતો આપણે જોઇએ છીએ તથા સાંભળીએ છીએ. હિંદુસ્તાનમાં તેમજ પેલેસ્ટાઇનમાં ધર્મનાં ખરાં રહસ્ય નહિ સમજવાથી બ્રાહ્મણોએ તથા યાહુદી લોકોએ તેનો દુરૂપયોગ કર્યો હતો. રૂધિર પાનની તૃષ્ણાવાળા દેવો (રાક્ષસો !) આગળ અથવા ક્રોધી ઇશ્વર આગળ તેઓ પ્રાણીઓનો ભોગ આપતા હતા. પ્રાણીઓના માંસનો આહાર અને મદિરાપાન જે તેઓ પ્રાણીઓનું રક્ષણ કરવાની દયામય રૂઢિને લીધે કરી શકે નહિ, તેની ઇચ્છા રાખનારા સ્વાર્થી ધર્મગુરૂઓ પવિત્ર સૂત્રોનો ખોટા અર્થ કરવાને અને તે

સત્યોનો નાશ કરવાને પણ ભૂલતા નહિ. . ...ર્વા સ્વાદની તૃ... અર્થે ગરીબ મુંગાં પ્રાણીઓનો આ રીતે . ...પાતો હતો.

ધર્મ ગુરૂઓ હમેશ જ્ઞાનની વૃદ્ધિના વિરૂદ્ધ અને જ્ઞાતિ બંધનના હિમાયતી હોય છે. હલકી વર્ણનો મનુષ્ય તેમના અભિપ્રાય પ્રમાણે પવિત્ર શબ્દ સાંભળી શકે પણ નહિ. જ્ઞાતિબંધનના હિમાયતી તેમજ કેળવણીના ફેલાવાના વિરોધી પુરૂષો હિંદુસ્તાનમાં વસે છે તેવા પુરૂષો અન્યદેશોમાં પણ છે, અને તેઓ દેશની ઉન્નતિમાં કે ઉન્નતિ અટકાવવામાં તેવોજ ભાગ લે છે.

મુક્તિ અમર અને પરમ આત્માને ખીલવવામાં સમાએલી છે. આ પરમાત્મા તેના પોતાનામાંજ રહેલો હોવાથી તેના પોતાના પ્રયત્નથીજ તે ખીલી નીકળશે. આપણો હલકો સ્વભાવ, આપણા દોષો અને આપણાં પાપો દૂર કરવાનાં છે. અમુક વ્યક્તિના મરણથી મનુષ્યોના પાપ દૂર થઇ શકે નહિ. જો તેમ થઇ શકે તો સદ્‌ગુણી જીવન પ્રમાણે વર્તવાની જરૂર ક્યાં રહી ? દરેક મનુષ્ય પોતાનું ભવિષ્ય રચી શકે છે, અને દરેક પોતાનો મોક્ષ સાધી શકે છે.

આ પશુયજ્ઞ દાખલ થવાનું બીજું પણ એક કારણ હતું. હલકા પ્રકારની સત્તાવાળી કેટલીક શક્તિઓ–દેવીઓ કે દેવો સૃષ્ટિના જૂદા જૂદા વિભાગોમાં વસે છે, અને મનુષ્ય, પ્રાણી અને અપવિત્ર ખોરાકમાંથી નીકળતા અધમ, દુર્ગુણ અને સૂક્ષ્મ પરમાણુઓ ઉપર તેઓ જીવે છે, અને તેમનું પોષણ થાય છે. યોગની વામ માર્ગની ક્રિયાઓમાં તેવી દેવીઓની સાધના કરવામાં લોહી, માંસ અને મદિરાનું બલિદાન આપવામાં આવે છે. તેઓ થોડા સમય સુધી આવો યજ્ઞ કરનારને સ્હેજ સ્થૂળ મદદ કરે છે, પણ આખરે તેઓ તેને પોતાનો ગુલામ બનાવે છે.

પણ ખરો યજ્ઞ નીચ સ્વભાવનો ત્યાગ કરવામાં રહેલો છે. પરમાત્માની વેદી ઉપર તેનો ભોગ આપી આપણા સાથે આપણું ઐકય અનુભવવામાં રહેલો છે. પૂર્વના તેમજ પશ્ચિમના દેશોમાં ધર્મનો ડોળ રાખનાર પુરૂષોએ પ્રાચીન સત્યને ગુંગળાવી મારી નાખ્યું છે.

આ સત્યને સતેજ કરવામાં અને તેની અસલી પવિત્રતા પાછી આણી આપવામાં આપણે સઘળાએ એકમત થવું જોઇએ. અને આ પ્રમાણે મનુષ્ય જાતિપર આવી પડેલા અજ્ઞાનના બંધનમાંથી તે મનુષ્ય જાતિને મુક્ત કરવી જોઇએ.

સમાપ્ત.

?	૦—૧
સતી દમયંતી	૦—૧
સદ્ઉપદેશમાળા	૦—૧
ગુરૂ દર્શન	૦—૧
નમીરાજ	૦—૯
સદ્ગુણ પ્રાપ્તિનો	૦—૧
દિવ્યયાત્રા	૦—૬
હિતશિક્ષા	૦—૪
પ્રાણીહિંસા નિષેધ	૦—૮
મોતીકાવ્ય	૦—૨
કબીરજીનાં આધ્યાત્મિક પદો ભાગ ૧ લો તથા ૨ જો	૦—૪
જ્ઞાનદીપક	૦—૩
દયાનો ઝરો	૦—૪
સ્વરશાસ્ત્ર	૦—૪
રામરાસ	૧—૯—
અર્હન્નીતિ	૧—૮—
સુબોધચંદ્ર	૦—૮—
યોગ માર્ગનો ભોમીઓ	૦—૨—
શ્રી બુદ્ધ ચરિત્ર	૦—૮—
શ્રી બુદ્ધોપદેશ	૦—૬—
આત્મપ્રદીપ	૦—૯—
સ્ત્રી કેળવણી અને સદ્વર્તન	૦—૨—
ગુરૂ નાનકનું જીવનચરિત્ર	૦—૧—
મહાન્ ગુરૂનો પ્રસાદ	૦—૨—

આ સિવાય દરેક જાતનાં પુસ્તકો નીચેને ઠેકાણેથી મળશે

મળવાનું ઠેકાણું:—

પોપટલાલ મોતીલાલ

સારંગપુર—અ